ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

(ઈ.સ. ૧૯૨૯થી)

Prabuddh Jeevan

Vol No.: 9 • ISSUE : 01 • Mumbai • April 2021 • PAGES : 48 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૯ (કુલ વર્ષ ૯૨) • અંક - ૦૧ • એપ્રિલ ૨૦૨૧ • પાનાં - ૪૮ • કિંમત રૂ. 30/-



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા: ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈનઃ ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈનઃ ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશનઃ ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધઃ**

- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઇમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જૈન સાહિત્યનો ઇતિહાસ | સેજલ શાહ | ૦૩ |
| ૨, | મારો અસબાબ-૧ જીવનતીર્થની પરિકમા | કુમારપાળ દેસાઈ | ૧૦ |
| ૩. | ભગવાન મહાવીર અને પ્રજ્ઞાપરાધનો આક્ષેપ એક વિમર્શાત્મક ચર્ચા | આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિજી મ.સા. | ૧૩ |
| ૪. | વધુમાં વુધ અવિશ્વાસને પાત્ર કોણ? શ્વાસોશ્વાસ | પૂ. આચાર્યશ્રી વિજયપૂર્ણચન્દ્રસૂરિશ્વરજી મ. | ૧૬ |
| ૫. | સોલંકીઓ અને જૈનો | કિશોરસિંહ સોલંકી | ૧૮ |
| ૬. | મહાભારત : જીવનલીલાનો કથાકોશ | પ્રવીણ દરજી | ૨૫ |
| ૭. | વિરામચિહ્નો ખોવાયા છે! | ગુલાબ દેઢિયા | ૨૭ |
| ૮. | દેવચંદ્રજી ચોવીસીમાં મલ્લિનાથ ભગવાનના સ્તવનમાં વર્ણવેલું ષટ્કારક સ્વરૂપ આત્માનું ષટ્કારકપણું | રશ્મિ ભેદા | ૨૮ |
| ૯. | 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' સુવર્ણગ્રંથ અર્પણ અવસર 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ'નો આંખે દેખ્યો – હૃદયે માણેલો અહેવાલ | ભારતી મહેતા | ૩૦ |
| ૧૦. | ગુફાઓ અને મંદિરોની જૈન પરંપરા : એક વિસ્તૃત વિશ્લેષણ | રેણુકા પોરવાલ | ૩૨ |
| ૧૧. | જીવનનો ઉદ્દેશ એક સત્ય ચારિત્ર્યશીલ, નિષ્ઠાવાન વ્યક્તિ બનવાનો | તત્વચિંતક વી. પટેલ | ૩૪ |
| ૧૨. | જ્ઞાન-સંવાદ - ૬ | પાર્વતી ખીરાણી | ૩૫ |
| ૧૩. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન છાડવા | ૩૬ |
| ૧૪. | બાળકો | રતિલાલ બોરીસાગર | ૩૯ |
| ૧૫. | Samsaar Bhavana : Discern the Phenomena of this Universe & Pursue evolution! | Prachi Shah | ૪૦ |
| ૧૬. | Samantabhadra | Kamini Gogri | ૪૩ |
| ૧૭. | અતીતની બારીએથી આજ | બકુલ ગાંધી | ૪૭ |
| ૧૮. | જો મારો હોય અંતિમ પત્ર તો... | સેજલ શાહ | ૪૮ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત
# પ્રબુદ્ધ જીવન
(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૭ • વીર સંવત ૨૫૪૭ • ચૈત્ર સુદ - ૪
માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

**તંત્રી સ્થાનેથી...**

## જૈન સાહિત્યનો ઇતિહાસ

**ભા**રતના આર્ય ધર્મની ત્રણ શાખાઓ : વૈદિક, જૈન અને બૌદ્ધ એ ત્રણે મળીને આર્યાવર્તના પ્રાચીન ધર્મનું પૂર્ણ સ્વરૂપ બંધાય છે. પ્રાચીન આર્યાવર્ત્તમાં એવા અદ્ભૂત મહાત્માઓ થયા છે કે જેમણે પોતાનાં મન, વચન, અને કાયા તદ્દન જીતી લીધા હતા. તેઓને ગુણની દષ્ટિથી 'જિન' ('જિ' ધાતુ જીતવું, એ પરથી જીતનાર) અર્હત્ (યોગ્ય) એ યથાર્થ નામ આપવામાં આવે છે, અને એમના ધર્મને ખાસ અનુસરનારા તે ''જૈન અર્હત્'' કહેવાય છે. એ મહાત્માઓએ પોતાના જીવનથી અને ઉપદેશથી અસંખ્ય જીવોને આ સંસારમાંથી તરાવી દીધા છે અને તેથી તેઓ 'તીર્થંકર' નામે પણ ઓળખાય છે.

જૈનો દરેક યુગ-મહાયુગમાં ૨૪ તીર્થંકરો થયેલા માને છે. વર્તમાન યુગમાં ૨૪ થયેલા તેમાં સૌથી પહેલા ઋષભદેવજી અને છેલ્લા વર્ધમાન-મહાવીરસ્વામી. ઋષભદેવજી અત્યંત પ્રાચીન કાળમાં થઈ ગયા. એમને બ્રાહ્મણો પણ વિષ્ણુના ૨૪ અવતારમાં એક માને છે; અને એમના અદ્ભૂત વૈરાગ્યની અને પરમહંસવૃત્તિની બહુ પ્રશંસા કરે છે. ઋષભદેવજી પછીના બીજા વીસ તીર્થંકરો પણ ઘણા પ્રાચીન કાળમાં થઈ ગયા. પછી બાવીસમા નેમિનાથજી તે કૃષ્ણના પૈતૃક ભાઈ સૌરાષ્ટ્રના ગિરનાર પરવત પર સિદ્ધિ પામ્યા. ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ એ કાશીના અશ્વસેન રાજાના પુત્ર – તેમણે ૭૦ વર્ષ સુધી જૈન ધર્મનો ઉપદેશ કર્યો* એમનો સમય વિ. સ. પૂર્વે ૮૨૦ થી ૭૨૦ (ઈ.સં. પૂર્વે ૮૭૬ થી ૭૭૬) એટલે કે તેઓ શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પહેલા ૨૫૦ વર્ષે સિદ્ધ થયા.

આ પાર્શ્વનાથજીને ઐતિહાસિક વ્યક્તિ તરીકે ડૉ. યાકોબી (Jacobi) આદિએ હાલની શોધખોળથી સ્વીકારેલ છે. સર ભાંડારકરે નેમિનાથજીને પણ ઐતિહાસિક વ્યક્તિ તરીકે જણાવેલ છે અને તેમ ગણાતા સૌરાષ્ટ્ર (કે તેમાં હાલનું ગુજરાત સમાઈ જતું હતું) સાથે જૈનોનો સંબંધ શ્રી નેમિનાથજી પહેલાનો હતો એમ સિદ્ધ થઈ શકે.

શ્રી મહાવીર ભ. પહેલા ચાતુર્યામ સંવરવાદ સ્થાપિત થયો હતો. તે ચાર ધામ એટલે વ્રત નામે પ્રાણઘાતમાંથી સર્વથા નિવૃત્તિ

**આ અંકના શ્રુતપ્રેમી સૌજન્યદાતા સર્વશ્રી**
**વિક્રમભાઈ શાહ**
**વિશાલ અને નેહા શાહ**
**પુણ્ય સ્મૃતિ**
**શ્રીમતિ ચંદ્રિકાબેન વિક્રમભાઈ શાહ**
**તરફથી**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બેન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

(અહિંસા), અસત્ય બોલવાથી સર્વથા નિવૃત્તિ (સત્ય), અદત્તાદાનમાંથી (ચોરીમાંથી) સર્વથા નિવૃત્તિ (અસ્તેય) અને પરિગ્રહમાંથી સર્વથા નિવૃત્તિ (અપરિગ્રહ); તે ચારનો પાર્શ્વજિન ઉપદેશ કરતા હતા. આ પરિગ્રહનો અર્થ છે કે કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહિ તેમાં સ્ત્રી પણ પરિગ્રહરૂપે ગણાતી હતી. પણ શ્રી મહાવીર ભ.ના સમયમાં પરિગ્રહનો અર્થ સંકુચિત થયો, એટલે કે પરિગ્રહમાં ધન, ધાન્ય, જમીન વગેરે ગણાવા લાગ્યું અને સ્ત્રીનો તેમાં સમાવેશ ન થયો. એટલે કે પરિગ્રહનો અર્થ કેવળ કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહીં એવો થવા લાગ્યો, અને કોઈ કોઈ પ્રસંગે સ્ત્રીસંગ કરવાને હરકત નથી એવું કેટલાક દંભી પરિવ્રાજકો પ્રતિપાદન કરવા લાગ્યા, તેથી શ્રી મહાવીરે સર્વથા મૈથુનવિરતી જોડી પંચશિક્ષારૂપે-પંચવ્રતરૂપે ઉપદેશ્યો. (ઉત્તરાધ્યયન સૂત્ર).

શ્રી મહાવીર પ્રભુનો જન્મ વિ. સં. ૫૪૨ (ઈ.પૂ. ૫૯૮)માં અને તેમનું નિર્વાણ પાવાપુરીમાં ૭૨ વર્ષની વયે વિ. સં. ૪૭૦ (ઈ. પૂ. ૫૨૬)માં કાર્તિક (ગુજરાતી અશ્વિન) વદ અમાવાસ્યને દિને થયું. તે દિને લિચ્છવી રાજાઓએ તે નિર્વાણના સ્મરણાર્થે પોતાના નગરમાં દીપમાળા-રોશની કરી હતી. આથી દિવાળી પર્વ થયું. ને તેમના નિર્વાણથી શક ચાલતો આવ્યો છે. 'ઇતિહાસ ઉપરથી ધર્માચાર્યના નામથી શક ચલાવવાની પહેલ જૈનોએ કરેલી જણાય છે.' (લોકમાન્ય તિલકનું વડોદરાની ત્રીજી જૈન શ્વે. કોન્ફરન્સ વખતે કરેલું ભાષણ).

નિર્ગ્રંથ મહાવીર અને શ્રમણ બુદ્ધ બંને સમકાલીન હતા. બંને નિર્વાણવાદી મહાપુરુષો હતા. બંનેનું એક જ લક્ષ્ય હતું; પરંતુ તે લક્ષ્ય સાધવાની બંનેની પ્રવૃત્તિ ભિન્ન હતી. બંનેના સમયમાં સમાજની અને ધર્મની સ્થિતિ સરખી જ હતી, ને ધાર્મિક અને સામાજિક ચળવળનો તે સમય હતો. ધર્મવિચારના પ્રખ્યાત 'દર્શનો' લગભગ આ સમયમાં – ક્ષત્રિયયુગમાં થયાં. વેદવિહિત, હિંસા આદિ, ક્રિયાકાંડે ધર્મનું સ્વરૂપ પકડ્યું હતું. શુદ્રોને અને સ્ત્રીઓને માટે વેદાધ્યયન અને સન્યાસાદીનો નિષધે હતો. યજ્ઞોથી દેવકૃપા મનાવી મનુષ્યોને તારી આપવાના ક્રિયાકાંડો રચી વર્ણભેદની પ્રચંડ દીવાલો ઉભી કરી હતી.

જર્મન પ્રોફેસર લોઈમાન Leumann જણાવે છે કે : બંને (શ્રી મહાવીર અને બુદ્ધ) ઉત્તમકુળમાં જન્મ પામ્યા હતા, બંને પોતાના જ કુટુંબમાં ઉછરીને મોટા થયા હતા. બંનેએ અતિ આતુરતાથી અને પોતાના પરિપૂર્ણ પુરુષાર્થથી તપશ્ચર્યા આદરી, પણ તપ એમને તો કસોટી-પત્થર હતી. મહાવીર એમાં પાર ઉતર્યા અને એને અનુસરીને પોતાનો ધર્મ યોજ્યો નૈતિક સિદ્ધાંતોમાં અને ધાર્મિક ભાવનાઓમાં તો મહાવીર અને બુદ્ધ બંને લગભગ સરખા હતા; મુખ્ય વિષયોમાં તો એકમત જ હતા; એટલું જ નહિ પણ એમના સમયના બીજા વિચારકોના, (કેટલાંક) નૈતિક અને ધાર્મિક અભિપ્રાયો સાથે પણ એ એની એકમત હતા. બ્રાહ્મણધર્મનાં આચાર્યો જ્ઞાતિભેદના સંકુચિતપણાએ કરીને અને યજ્ઞમાં પશુઓને મારી હોમવાના ધર્મે કરીને બંધાઈ પડ્યા હતા.

આ આપણી આરમ્ભકાલીન વિચારણા અહીં સુધી આપને જોઈ, હવે આ વિચારણા આધારિત જે આરમ્ભકાલીન સૂત્રો/ગ્રંથો રચાયા. તે જોઈશું.

જેને જૈન સાહિત્ય કહીએ છીએ તેના મૂળ અહીં છે. અહીં એની વિસ્તૃત વાત પણ નહીં કરીએ કારણ આનો સીધો સંબંધ સાહિત્ય સાથે નથી, પરંતુ ભૂમિકામાં આ જ બાબત રહી છે.

આચારાંગમાં - પ્રરૂપેલા વિષયો - શ્રમણ નિર્ગ્રંથોનો સુપ્રશસત આચાર, ગોચર (ભિક્ષા લેવાનો વીશી), વિનય, વૈનયિક, કાયોત્સર્ગ આદિ સ્થાન, દોષોની વિશુદ્ધિ, શુદ્ધ-શુદ્ધ ગ્રહણ, વ્રત, નિયમ, તપ અને ઉપધાન.

સૂત્રકૃતાંગમાં - સ્વસિદ્ધાન્ત, પરસીદ્ધાન્ત, સ્વ અને પરસીદ્ધાન્ત જીવ, અજીવ, જીવાજીવ, લોક, આલોક, લોકાલોક, જીવ-અજીવ-પુણ્ય-પાપ-આસ્ત્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ સુધીના પદાર્થો, ઈતર દર્શનથી મોહિત સંદિગ્ધ નવા દીક્ષિતની બુદ્ધિની શુદ્ધિ માટે ૧૮૦ ક્રિયાવાદીના મત, ૮૪ અક્રિયાવાદીના મત, ૬૭ અજ્ઞાનવાદીના મત, ૩૨ વિનયવાદીના મત – એ કુલ ૩૬૩ અન્યદષ્ટિના મતનો પરિક્ષેપ કરીને સ્વસમય સ્થાપન.

સ્થાનંગમાં - સ્વસમયનું પરસમયનું અને સ્વપર સમયનું સ્થાપન, જીવનું, અજીવનું, જીવાજીવનું, લોકનું, આલોકનું, અને લોકાલોકનું સ્થાપન.

સમવાયંગમાં - સ્વસિદ્ધાંત, પરસિદ્ધાંત, સ્વપરસિદ્ધાંત અને એકાદિક કેટલા પદાર્થોનું એકોત્તરિક પરિવૃદ્ધિપૂર્વક પ્રતિપાદન એટલે પ્રથમ એક સંખ્યાવાળા પદાર્થોનું નિરૂપણ, પછી એની સંખ્યાવાળા પદાર્થોનું, એમ ક્રમપૂર્વક પ્રતિપાદન અને દ્વાદશાંગ ગણિપિટકના પર્યવોનું પ્રતિપાદન.

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ - (ભગવતીસુત્ર)માં - સ્વસમય, પરસમય, સ્વપર સમય, જીવ, અજીવ, જીવજીવ, લોક, આલોક, લોકાલોક,

જુદાજુદા પ્રકારના દેવ, રાજા, રાજર્ષિ અને અનેક પ્રકારે સંદિગ્ધ પુરુષોએ પૂછેલા પ્રશ્નોના શ્રીજિને વિસ્તારપૂર્વક કહેલા ઉત્તરો; કે જે ઉત્તરો દ્રવ્યગુણ ક્ષેત્રકાલ પર્યવ પ્રદેશ અને પરિણામના અનુગમ નિક્ષેપણ નય પ્રમાણ અને વિવિધ તથા સુનિપુણ ઉપક્રમ પૂર્વક યથાસ્થિ ભાવના પ્રતિપાદક છે, લોક અને અલોક જેનાથી પ્રકાશિત છે, જેઓ જેઓ વિશાળ સમુદ્રથી તરવામાં સમર્થ છે, ઇંદ્રપૂજિત છે, ભવ્ય લોકોના હૃદયના અભિનંદક છે, અંધકારરૂપ મેલના નાશક છે, સુષ્ઠુદૃષ્ટ છે, દીપભુત છે, ઇહા મતિ અને બુદ્ધિના વર્ધક છે, જેની સંખ્યા બરાબર છત્રીસ હજાર છે, અને જે ઉત્તરોના ઉપનિબંધનથી બહુ પ્રકાર શ્રુતાર્થો શિષ્યહિતાર્થ ગુણ હસ્તરૂપ છે.

જ્ઞાતાધર્મકથામાં - ઉદાહરણભૂત પુરુષોના નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજાઓ, માતાપિતા, સમવસરણો, ધર્માચાર્યો, ધર્મકથાઓ, ઐહલૌકિક, અને પરલૌકિક ઋદ્ધિવિશેષો, ભોગપરિત્યગો, પ્રવજ્યાઓ, શ્રુતપરિગ્રહો, તપ, ઉપધાન, પર્યાયો, સંલેખના, ભક્તિપ્રત્યાખ્યાનો, પાદપોપગમનો, દેવલોકગમનો, સુકુલમાં પ્રતયવતારો, બોધિલાભ અને અંતક્રિયાઓ.

ઉપાસકદશામાં - ઉપાસકો (શ્રાવકો)ના નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજાઓ, માતાપિતાઓ, સમવસરણો, ધર્માચાર્યો, ઇહાલોકના અને પરલોકના ઋદ્ધિવિશેષો...અંતક્રિયાઓ (ઉપરના પારામાં કહ્યા પ્રમાણે).

અંતકૃત્દશામાં - અંતકૃત્ (તીર્થંકારાદિ તદ્દભવે મોક્ષગામી) પુરુષના નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજાઓ, માતપિતાઓ, સમવસરણો, ધર્માચાર્યો, ધર્મકથાઓ, આ લોકની અને પરલોકની ઋદ્ધિ, ભોગપરિત્યગો, પવિત્ર મુનિવર જેટલા ભક્તોને (ભોજનોને) વિતાવીને જ્યાં અંતકૃત થયા તે અને બીજા મુનિઓ જેઓ મુક્તિસુખને પામ્યા તે.

પ્રશ્નવ્યાકરણમાં-એકસો આઠ પ્રશ્નો, એકસો આઠ આપ્રશ્નો, એકસો આઠ પ્રશ્નાપ્રશ્નો, વિદ્યાના અતિશયો અને નાગકુમારની તથા સુવર્ણકુમારની સાથે થયેલા દિવ્ય સંવાદો.

વિપાકશ્રુતમાં-સુકૃત કર્મોનો એન્ડ દુષ્કૃત કર્મોનો ફલવિપાક સંક્ષેપથી બે પ્રકારનો કહ્યો છે – દુઃખવિપાક અને સુખવિપાક. તેમાં દશ સુખવિપાક અને દશ દુઃખવિપાક છે. દુઃખવિપાકમાં દુઃખવિપાકવાળાઓના નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજાઓ, માતપિતાઓ, સમવસરણો, ધર્માચાર્યો, ધર્મકથા, નગરગમનો, સંસારપ્રબંધ અને દુઃખપરંપરા. સુખવિપાકમાં સુખવિપાક વાળાઓનાં નગરો, ઉદ્યાનો, અંતક્રિયાઓ (ઉપર જ્ઞાતાધર્મકથામાં જણાવ્યા પ્રમાણે).

દૃષ્ટિવાદમાં – સર્વ પદાર્થોના પ્રરૂપણા છે. તે દૃષ્ટિવાદ પાંચ પ્રકારનો છે. ૧. પરિકર્મ, ૨. સૂત્ર, ૩. પુર્વગત (પૂર્વ), ૪. અનુયોગ અને ૫. ચૂલિકા.

**જૈન સાહિત્ય :**

શ્રી મહાવીરના સમયમાં સર્વ ધર્મવિચાર અને તત્ સંબંધી રચના સંસ્કૃત ભાષામાં ચાલતી હતી. તે વખતે ઋગ, યજુષ અને સામ વેદાદિ હતા, સંસ્કૃત ભાષા લોકો વિશેષ કરીને સમજતા ન હતા. લોકભાષા પ્રાકૃત હતી, અને તે ભાષામાં જ કરેલો બોધ લોકમાં સંક્રાન્ત થાય, તે માટે શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ બંનેએ પ્રાકૃતનો જ ઉપદેશાર્થે સ્વીકાર કર્યો. આ પ્રાકૃત ભાષા તે તે વખતની પૂર્વે મગધ દેશથી તે પશ્ચિમે પંજાબ અને દક્ષિણે માળવા વૈદર્ભ વગેરે પ્રદેશ સુધીની પ્રચલિત લોકભાષા. મગધ દેશનું મહાન રાજ્ય, તે પરથી તેને 'મગધી' કહેવામાં આવતી; અને બૌદ્ધ ગ્રંથોની ભાષા પણ પ્રાકૃત છે કે જેને પશ્ચિમના વિદ્વાનો 'પાલી' (પ્રાકૃત-પાયડી-પાલી) નામ આપે છે. જૈનોની પ્રકૃતભાષાને 'અર્ધમાગધી' કહેવામાં આવે છે. અને કોઈ 'મહારાષ્ટ્રી' કહે છે. તેમની ધર્મભાષા એ રીતે પ્રાકૃત જ છે. પણ વિસ્તાર પ્રમાણે તે ભાષામાં ભેદ જોવા મળે છે.

શા માટે પ્રાકૃતમાં ? તો તે માટે હરિભદ્રકૃત 'ઉક્તં' એમ કહી દશવૈકાલિક ટીકા તથા ધર્મબિંદુ વૃત્તિમાં ટાંક્યું છે કે :

**बालास्त्रिमुढ (मंद) मूर्खणां नृणां चारित्रकाङ्भिणाम्।**
**अनुग्रहार्थम् सर्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः।**

ચારિત્રને ચાહનાર બાળ, સ્ત્રી, મંદ-મૂર્ખ વગેરે મનુષ્યોના અનુગ્રહ માટે સર્વજ્ઞોએ (પાઠાંતર તત્ત્વજ્ઞોએ) સિદ્ધાંતને પ્રાકૃત બનાવ્યો છે.

શ્રી મહાવીરના મુખ્ય ૧૧ શિષ્યો હતા. એ 'ગણધર' મુનિઓના ગણના ધારક-ઉપરી કહેવાય છે. તે બધા બ્રાહ્મણો હતા. તેમાના નવ શ્રી મહાવીરની હયાતીમાં નિર્વાણ પામ્યા. બાકીના બેમાં ગૌતમ ઇંદ્રભૂતિ અને બીજા સુધર્મા. સુધર્માએ અંગો આદિ ગૂંથી શ્રી મહાવીરનો ઉપદેશ જાળવી રાખ્યો, જે જૈન સાહિત્યનું પ્રથમ ચરણ.

જૈનશાસ્ત્રના સૌથી પ્રાચીન ગ્રંથો 'અંગો' કહેવાય છે. તે બાર છે અને તેમાં બારમું અંગ નામે દૃષ્ટિવાદ, જેમાં 'ચૌદ' પૂર્વોનો

સમાવેશ થાય છે તે પછી લુપ્ત થયેલું છે અને તેમાં દર્શન સંબંધી વિવાદો, રહસ્ય, વિવિધ વિષય વિવેચન, તથા ચમત્કારી વિદ્યાઓ આદિ હતા. બાકીના અગિયાર અંગો નામે આચારાંગ આદિ. જેને શ્વેતામ્બર પરમ્પરા મુજબ હજી જાળવવામાં આવ્યું છે.

જેમાં અર્હત્ પાસેથી સાંભળેલું એવો અર્થ 'શ્રુત'નો થઈ શકે.

**મગધસંઘ :**

વીરાત્ બીજી સદીમાં નંદરાજાને સમયમાં દેશમાં (મગધમાં) એક સમયે ઉપરાઉપરી બાર વર્ષ મહાભીષણ દુષ્કાળ પડતાં સંઘનો નિર્વાહ મુશ્કેલ થતાં કંઠસ્થ રહેલું ધર્મસાહિત્ય લુપ્ત થવાનો ભય થતા, સુકાળ આવ્યે મગધમાં-પ્રાયઃ પાટલીપુત્ર (પટણા)માં સંઘ ભેગો થયો ને જે જે યાદ હતું તે બધું એકત્ર કર્યું. (વીરાત્ ૧૬૦ આસપાસ.) એનું નામ મગધ-(પાટલીપુત્ર) પરિષદ પાટલીપુત્રી વાચના (આ સંબંધમાં વિસ્તારથી તિત્થોગાલી પઇન્નયમાં જણાવ્યું છે.)

આચારાંગ આદિ ૧૧ અંગો સંધાયા અને બારમું દષ્ટિવાદ નામનું અંગ નાશ થયા જેવું લગભગ હતું અને માત્ર આર્ય ભદ્રબાહુ જ તે વખતે ૧૪ પૂર્વધર હતા. સંઘ દષ્ટિવાદ નિમિત્તે કંઈક વિચાર કરવા લાગ્યો. ભદ્રબાહુ આ વખતે નેપાલદેશમાં ધ્યાન માટે હતા અથવા દક્ષિણ તરફ હતા, એવી પણ માન્યતા છે.

તેમની પાસે સ્થૂલભદ્ર આદિ સાધુઓને 'પૂર્વ' શીખવા સંઘે મોકલ્યા. સ્થૂલભદ્ર મૂળ નાગર બ્રાહ્મણ નંદના મંત્રી શકડાલનો પુત્ર, વીરાત્ ૧૫૬માં દીક્ષા લેનાર, તેમણે ૧૦ પૂર્વની મૂળ સૂત્ર તથા અર્થ સહિત વાચના લીધી ને છેવટના ૪ પૂર્વની મૂળ માત્ર વાચના લીધી. આ સર્વ શ્રી ભદ્રબાહુના સ્વર્ગગમન-વીરાત્ ૧૭૦ પહેલા બન્યું.

આ સમયમાં સ્થૂલભદ્રના સાધ્વી બહેન દ્વારા પ્રાપ્ત થયેલા ભાવના, વિમુક્તિ, રતિકલ્પ અને વિવિક્તચર્યા – એ નામના ચાર અધ્યયનો પૈકી પ્રથમના બે અધ્યયન આચારાંગ સૂત્રની બે ચૂલિકા તરીકે યોજિત કર્યાં. અને બીજા બે અધ્યયનને દશવૈકાલિકની ચૂલિકા તરીકે યોજિત કર્યાં. સ્થૂલભદ્ર વીરાત્ ૨૧૯માં સ્વર્ગસ્થ થયા. તેઓ છેલ્લા ૧૪ – 'પૂર્વધર' (પૂર્વ જાણનાર હતા).

આ ઉપરથી જાણી શકાય છે કે શ્રી વીરના બીજા સૈકાથી જ શ્રુતની છિન્નભિન્નતાની શરૂઆત થઈ હતી. આ 'મગધસંઘ'થી વ્યવસ્થામાં તેને મૂક્યું, પણ વિશેષ છિન્નભિન્નતા થવાના પ્રસંગો ઉત્તરોત્તર આવતા ગયા. વીરાત્ ૨૯૧ વર્ષે રાજા સંપ્રતિના રાજ્યમાં આર્યસુહસ્તિસુરીના સમયમાં બારવર્ષી દુકાળ પડ્યો હતો. આવા મહાકરાળ દુષ્કાળને અંગે સ્મૃતિભ્રંશ-સ્ખલના થાય, પાઠક-વાચકો મૃત્યુ પામે વગેરે કારણથી શ્રુતમાં અનવસ્થા થાય તે સ્વભાવિક હતી.

**માથુરી વાચના (મથુરા પરિષદ્) :**

વીરાત્ ૮૨૭થી ૮૪૦ની વચ્ચે આર્ય સ્કંદિલના સમયમાં વળી બીજો ભીષણ દુકાળ બાર વર્ષનો આ દેશે પાર કર્યો. તેનું વર્ણન નંદીસૂત્રની ચુર્ણિમાં આપેલું છે કે 'બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડ્યે સાધુઓ અન્નને માટે જુદે જુદે સ્થળે હિંડતા-વિહરતા હોવાથી શ્રુતનું ગ્રહણ, ગુણન અને ચિંતન ન કરી શક્યા એથી એ શ્રુતવિપ્રનષ્ટ થયું, અને જ્યારે ફરીવાર સુકાળ થયો ત્યારે મથુરામાં શ્રી સ્કંદિલાચાર્ય પ્રમુખ સંઘે મોટો સાધુ સમુદાય ભેગો કરી જે જેને સાંભર્યું તે બધું કાલિક શ્રુત સંઘટિત કર્યું. આ દુષ્કાળે તો માંડમાંડ બચી રહેલ તે શ્રુતની ઘણી વિશેષ હાનિ કરી. આ ઉદ્ધારને માથુરી વાચના – 'સ્કંદિલી વાચના' કહેવામાં આવે છે. તે શૂરસેન દેશના પાટનગર મથુરામાં થયેલ હોવાથી તે શ્રુતમાં શૌરસેની ભાષાનું મિશ્રણ થયેલું સંભવે છે. આ સમય લગભગ આર્યરક્ષિત સુરિએ અનુયોગદ્વાર સૂત્ર રચ્યું.

'જે કાલે માથુરી વાચના થઈ તેજ કાલમાં વલભી નગરીમાં નાગાર્જુનસુરીએ પણ શ્રમણ સંઘ એકઠો કર્યો ને નષ્ટાવશેષ આગમ સિદ્ધાંતોનો ઉદ્ધાર શરૂ કર્યો. આગમ, તેના અનુયોગો, તથા પ્રકરણ ગ્રંથ જે યાદ હતા તે લખવામાં આવ્યા અને તેમને વિસ્તૃત સ્થલોના પૂર્વાપર સંબંધ અનુસાર બરાબર કરી તે અનુસાર વાચના આપવામાં આવી. અને 'વલભી વાચના' કહે છે અને તેને 'નાગાર્જુની વાચના' પણ કહી શકાય. આચાર્ય સ્કંદિલ અને નાગાર્જુન બંને સમકાલીન સ્થવિરો હોવા છતાં દુર્ભાગ્યે આસપાસ મિલન ન થવાથી બંને વાચનાઓમાં યત્રતત્ર કંઈક ભિન્નતા રહી ગઈ.

આ વીત્યા પછી વીરાત્ દશમાં સૈકામાં બાર દુકાળીએ દેશ ઉપર પોતાનો પંજો ચલાવ્યો અને તે વખતે ઘણા બહુ-શ્રુતોના અવસાન થવા સાથે જે જીર્ણશીર્ણ શ્રુત રહેલું હતું તે પણ બહુ જ છિન્નભિન્ન થયું હતું. વીરાત્ ૯૮૦ વર્ષે ( વિ. સં. ૫૧૦માં), દેવર્દ્ધિ ક્ષમાશ્રમણે વલભીપુરમાં સંઘ એકત્રિત કરી જે જે યાદ હતું તે તે ત્રુટિત અત્રુટિત આગમન પાઠોને અનુક્રમે પોતાની બુદ્ધિથી સાંકળી પુસ્તકારૂઢ કર્યું અને સૂત્રમાં વારંવાર એક જ પાઠના આલાપ

(આલાવા) આવે તેથી વારંવાર લખવાને બદલે જેમ બીજા અમુક સૂત્રમાં છે તેમ, એ રીતે મુકવામાં આવ્યું. જેમકે વિમાનનો અધિકાર આવે ને તે બીજા અમુક સૂત્રમાં હોય તો जहा रायपसेणीए – જેમ રાયરપસેણીમાં છે તેમ, અઢાર ટાંકવાનું રાખ્યું. આથી અંગની ભલામણ ઉપાંગમાં અને ઉપાંગની અંગમાં આપી છે એનું નામ વલભીવાચના કહેવાય છે. વીરાત ૯૮૦માં દેવવાચકે નંદીસૂત્ર રચ્યું છે.

'દેવર્દ્ધિગણિ ક્ષણાશ્રમણની અધ્યક્ષતામાં એકઠા થયેલા શ્રમણ સંઘે પૂર્વોક્ત બંને વાચના સમયે લખાયેલા સિદ્ધાંતો ઉપરાંત જે જે ગ્રંથ, પ્રકરણ મોજુદ હતા તે સર્વને લખાવી સુરક્ષિત કરવાનો નિશ્ચય કર્યો ને તે શ્રમણ-સમવસરણમાં બંને વાચનાઓના સિદ્ધાંતોનો પરસ્પર સમન્વય કરવામાં આવ્યો અને જ્યાં સુધી બની શક્યું ત્યાં સુધી ભેદ-ભાવ મટાડી તેને એકરૂપ કરી દીધું અને જે જે મહત્વપૂર્ણ ભેદ હતા તેને પાઠાંતરના રૂપમાં ટીકા ચૂરણીઓમાં સંગ્રહિત કર્યું. કેટલાંક પ્રકીર્ણક ગ્રંથ જે કેવળ એક જ વાચનામાં હતા તે તેવા જ રૂપે પ્રમાણ માનવામાં આવ્યા. આ વ્યવસ્થા પછી સ્કંદિલની માથુરી વાચના અનુસાર સર્વ સિદ્ધાંત લખવામાં આવ્યા. જ્યાં જ્યાં નાગાર્જુની વાચનાનો મતભેદ કે પાઠભેદ હતો તે ટીકામાં લખી દેવામાં આવ્યો, પરંતુ જે પાઠાંતરોને નાગાર્જુનના અનુયાયીઓ કોઈ રીતે તજી દેવા તૈયાર ન હતા, તેને તેના મૂલ સૂત્રમાં પણ 'वायणंतरे पुण' – એ શબ્દો સહિત ઉલ્લેખવામાં આવ્યા. વર્તમાન જૈન આગમોનો મુખ્ય ભાગ માથુરી વાચનાગત છે, પરંતુ તેમાં કોઈ કોઈ સૂત્ર વલભી વાચનાનુગત પણ હોવું જોઈએ. સૂત્રોમાં ક્યાંક ક્યાંક વિસંવાદ અને વિરોધ તથા વિરોધાભાસ સૂચક જે ઉલ્લેખ મળે છે તેનું કારણ પણ વાચનાઓનો ભેદ સમજવો જોઈએ.

પ્રો. વિન્ટરનીટ્ઝ કહે છે કે : ''બૌદ્ધોનાં કરતાં ઘણા વધારે તીવ્ર શબ્દોમાં (સ્વરૂપમાં) જૈન ધર્મે ત્યાગ ધર્મ પર તથા સંઘના નિયમના સર્વ પ્રકારો પર ભાર મુક્યો છે અને શ્રી બુદ્ધના મુકાબલામાં શ્રી ભગવાન મહાવીરે તત્ત્વજ્ઞાનની એક વધુમાં વધુ વિકસિત પદ્ધતિ (આત્મશ્રદ્ધાની) ઉપદેશી છે.

ઈ.સ. પ્રથમ સૈકામાં જૈન ધર્મમાં બે મોટા ભેદો – શ્વેતાંબર અને દિગંબરોના પડી ગયા હતા, જૈનો પોતાના સમસ્ત પવિત્ર સાહિત્યને સિદ્ધાંત કે આગમ કહે છે. સંપ્રદાયો ભેદ છતાં જૈનો બાર અંગોને પોતાના સિદ્ધાંતના પ્રધાન અને સૌથી ઉપયોગી ભાગ ગણવામાં એકમત છે.

'આ આગમોની ભાષા પ્રાકૃત છે કે જેને આર્ષ અથવા અર્ધમાગધી કહેવામાં આવે છે. આ ભાષામાં ખુદ ભગવાન મહાવીરે ઉપદેશ કર્યો હશે. આ છતાં ગદ્યની ભાષા અને પદ્યની ભાષા વચ્ચે અંતર છે. પદ્યની ભાષા-બૌદ્ધ સિદ્ધાંતની પાલિ ગાથાઓની પેઠે-અતિ પ્રાચીન રૂપો બતાવે છે. જૂનામાં જૂની ભાષા આચારાંગ સુત્ત (આચારાંગ સૂત્ર)માં છે તે પછી સૂયગડાંગ સુત્ત (સૂત્રકૃતાંગ સૂત્રમાં) ઉત્તરાજ્ઝયણ (ઉત્તરાધ્યયન)માં છે. જૈન સિદ્ધાંત સિવાયના ગ્રંથોની ભાષા જૈન મહારાષ્ટ્રી છે અને તેથી તદ્દન જુદી ભાષા અર્ધમાગધી છે.

ઈ.સ. પહેલા અને બીજા સૈકાના શિલાલેખો જણાવે છે કે તે વખતે જૈનો શ્વેતાંબરો અને દિગંબરો એ ભેદોમાં વહેંચાય ગયા હતા, અને તે વખતે 'ગણો' હતા કે જેમાં આચાર્યોની પરંપરા આગમમાં જણાવી છે તેવી નોંધાઈ છે. તે લેખોમાં 'વાચક'ના બિરૂદધરોનો ઉલ્લેખ છે તે પરથી જણાય છે કે (વાચક એટલે વાંચનાર માટે) તે વખતે સિદ્ધાંતો-આગમો વિદ્યમાન હોવા જ જોઈએ. શિલાલેખો બતાવે છે કે ઈ.સ. પહેલા સૈકામાં, આગમમાં બતાવેલ મહાવીરની કથાઓ કહેવામાં આવતી હતી.

ડૉ. યાકોબી કહે છે કે જૈનના સૂત્ર Classical સંસ્કૃત સાહિત્યથી વધુ પ્રાચીન છે અને તેમાંના કેટલાક તો ઉત્તર બૌદ્ધો (મહાયાની)ના જૂનામાં જુના પુસ્તકોની સાથે બરોબરી કરે તેમ છે.

*જૈનોના આખા આગમ સાહિત્ય માટે જુઓ જર્મનીના પ્રોફેસર વેબર (Weber) કૃત Sacred Literature of the Jainas આનું અંગ્રેજી ભાષાંતર પ્રગટ થયેલ છે.*

દરેકમાં સંપ્રદાયમાં વિદ્વાનોના બે પ્રકાર નજરે પડે છે. એક તો આગમપ્રધાન અને બીજો તર્કપ્રધાન, આગમપ્રધાન પંડિતો હંમેશા પોતાના પરંપરાગત આગમોને – સિદ્ધાંતોને શબ્દશઃ પુષ્ટ રીતે વળગી રહે છે, ત્યારે તર્કપ્રધાન વિદ્વાનો આગમગત પદાર્થ વ્યવસ્થાને તર્કસંગત અને રહસ્યાનૂકુલ માનવાની વૃત્તિવાળા હોય છે. એટલે કેટલીક વખતે બંને વચ્ચે વિચાર ભેદ પડે છે.

આ સિદ્ધસેનના ગ્રંથો મૌલિકસિદ્ધાંત – પ્રતિપાદક અને પ્રૌઢ-વિચાર પૂર્ણ છે તેઓ જૈન તર્કશાસ્ત્રના વ્યવસ્થાપક અને વિવેચક છે ને જૈનદર્શનનાં એક અનન્ય આધારભૂત આપ્ત પુરુષ છે. શ્રી સિદ્ધસેન દિવાકરે પોતાના સન્મતિતર્કમાં કેવલી (સર્વજ્ઞ)ને કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બંને યુક્ત એટલે એક સાથે થતા નથી એ

આગમપરંપરાના મતથી વિરુદ્ધ જઈ બંને એક જ છે અને જુદા નથી, એમ તર્કથી સિદ્ધ કર્યું છે; જ્યારે શ્રી જિનભદ્ર ક્ષમાશ્રમણે આગમપરંપરાગત તે મતને અભિમત રહી શ્રી સિદ્ધસેનના વિચારનો વિગતવાર પ્રતિક્ષેપ વિશેષાવશ્યકમાં કર્યો છે. આમ જિનભદ્રગણિ આગમપરંપરાનાં મહાન સંરક્ષક હતા અને તેથી તેઓ આગમવાદી કે સિદ્ધાંતવાદીના બિરુદથી જૈન વાઙ્‌મયમાં ઓળખાય છે.

હરિભદ્રસૂરિએ જૈન શ્વેતાંબર સાહિત્યમાં એક યુગકાર છે. તેમની બહુશ્રુતતા, સર્વતોમુખી પ્રતિભા, મધ્યસ્થ અને સમન્વયશક્તિનો પરિચય તેમના ગ્રંથો પરથી યથાર્થ રીતે થાય છે. તેમની શતમુખી પ્રતિભાનો સ્ત્રોત તેમના રચેલા ચાર અનુયોગ વિષયક ગ્રંથોમાં જ નહિ, બલ્કે જૈન ન્યાય તથા ભારતવર્ષીય તત્કાલીન સમગ્ર દાર્શનિક સિદ્ધાંતોની ચર્ચાવાળા ગ્રંથોમાં પણ કરેલો છે. હરિભદ્રસુરીએ તે આધ્યાત્મિક વિકાસના ક્રમનું યોગરૂપે વર્ણન કર્યું છે, વળી તેમાં તેમણે જે શૈલી રાખી છે તે અત્યાર સુધીના ઉપલબ્ધ યોગવિષયક સાહિત્યમાંના કોઈ પણ ગ્રંથમાં જોવામાં આવેલ નથી. તેઓ પોતાના ગ્રંથોમાં અનેક યોગીઓનો નામનિર્દેશ કરે છે; અને વળી યોગવિષયક ગ્રંથોનો ઉલ્લેખ કરે છે. કે જે હમણાં પ્રાપ્ત જ નથી. સંભવ છે કે આ અપ્રાપ્ય ગ્રંથોમાં તેમના વર્ણન જેવી શૈલી રહી હોઈ, પરંતુ હમણાં તો આ વર્ણનશૈલી અને યોગવિષયક વસ્તુ તદ્દન અપૂર્વ છે.

જૈન યોગસાહિત્યમાં નવો યુગ સ્થાપિત કરનાર હરિભદ્રસૂરિ છે. તે સંબંધી તેમના પહેલા યોગ સંબંધીની સ્થિતિ ટૂંકમાં કહી શકાય એ છે કે જૈનસંપ્રદાય નિવૃત્તિપ્રધાન છે.

આ समराइच्चकहा મુખ્ય પ્રાકૃત ભાષામાં – જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલી છે. પણ ક્વચિત કેટલાક રૂપો શૌરસેનીના પણ વાપરેલા છે. કથા સામાન્ય રીતે ગદ્યમાં લખાયેલી છે, પણ વચ્ચે વચ્ચે વિરલ પદ્યો પણ વાપરેલા છે. પદ્યભાગમાં ઘણો ખરો આર્ય છંદોનો છે અને થોડાક બીજા છંદો પણ જેવા કે પ્રણામી, દ્વિપદી, વિપુલા વગેરે છે. રચનાશૈલી સરળ અને સુબોધ છે. પાદલિપ્તસૂરિની 'તરંગવતી' જેવી વર્ણનોથી અને અલંકારોથી ભરેલી નથી. વાક્યો બહુજ ટૂંકા, લાંબા સમાસોથી રહિત અને પ્રવાહબદ્ધ એક પછી એક ચાલ્યા આવે છે અને કથાની વિગત વેગભરી રીતે આગળ વધ્યે જાય છે. જ્યાં પ્રસંગો આવે છે ત્યાં થોડાક અલંકારો પણ નજરે પડે છે. સહજસ્ફૂર્તિ ઉપમાઓ અને અનાયાસ રચિત શબ્દાવલીની ઝમક પણ ક્યાંક ક્યાંક મળી આવે છે, પણ સમુચ્ચય કથાપ્રવાહ ગંગાના શાંત પ્રવાહની માફક સ્થિર અને સૌમ્ય ભાવે પોતાના લક્ષ્ય તરફ વહ્યો જાય છે. પ્રાકૃત ભાષાનો સાધારણ અભ્યાસી પણ એની ભાષા સમજી શકે છે અને એજ કારણથી એ કથા આજસુધી સારી પ્રચારમાં રહી શકી છે.

સિદ્ધરાજને ધર્મચર્ચા સાંભળવાનો ઘણો શોખ હતો. એકવાર તેણે રાજસભામાં એવો પ્રશ્ન કર્યો કે 'જગતમાં કયો ધર્મ સંસારથી મુક્ત કરનારો છે?' આનો ઉત્તર હેમાચાર્યે પુરાણના શંખાખ્યાનનો અધિકાર સંભળાવી – 'સંજીવની ન્યાય' જણાવી બતાવ્યું કે –

**तिरोधित दर्भाध्यै र्यथा दिव्यं तदौषधम् ।**
**ताथाडमुष्मिन् युगे सत्यो धर्मो धर्मांतरैर्नृप ।।**
**परं समग्रधर्माणं सेवनात्कस्यचित् क्वचित् ।**
**जायते शुद्धधर्माप्ति र्दर्भच्छन्नौषधाप्तिवत ।।**

ભાવાર્થ – હે રાજન! જેમ દર્ભાદી સાથે મળી જવાથી દિવ્ય ઔષધીની પીછાન થતી નથી, તેમ આ યુગમાં કેટલાંક ધર્મોથી સત્ય ધર્મ તિરોભૂત રહ્યો છે. પરંતુ સમગ્ર ધર્મના સેવનથી જેમ દિવ્યાશિષ પ્રાપ્ત થઈ તેમ કવચિત્ પુરુષને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થઈ જાય છે. ટૂંકમાં સર્વ ધર્મનો પરિચય લઈ સત્ય ધર્મનું ગ્રહણ કરવું યોગ્ય છે – ખરી જિજ્ઞાસા જેને જાગી હોય અને તે જિજ્ઞાસા પ્રમાણે તે પ્રયાસ કરે તો તેની જિજ્ઞાસા જરૂર પુરી થાય.

ધર્મ ગવેષણા માટે આવો નિષ્પક્ષપાત ભાવ પ્રકટ થયેલો જોઈ રાજા મુગ્ધ થયો.

મહારાજ જયસિંહદેવે માલવમંલડ ઉપર વિજય મેળવ્યો, તેથી ધારાની સમગ્ર ઋદ્ધિ પાટણમાં આવી, એની સાથે ભોજરાજાનો પુસ્તક ભંડાર પણ લાવવામાં આવ્યો. વિજયવંત સિદ્ધરાજ પાટણમાં આવ્યો તે વખતે આશીર્વચન કહેવા અનેક પંડિતો રાજપ્રસાદે આવ્યા હતા, તેમાં હેમચંદ્ર પણ હતા. હવે કોઈ સમયે હેમચંદ્રસૂરિ સિદ્ધરાજને મળવા આવ્યા ત્યારે સિદ્ધરાજના પુસ્તકભંડારના રક્ષકો અવંતીના એ ભંડારનું નિરીક્ષણ કરતા હતા. એ રક્ષકોએ 'લક્ષણ' સંબંધીનું એ ભંડારનું એક પુસ્તક રાજાને બતાવ્યું. રાજાએ આચાર્યને પૂછ્યું કે 'એ શું છે?' આચાર્યે જણાવ્યું કે – '' 'ભોજવ્યાકરણ' એ નામનું એ શબ્દશાસ્ત્ર છે.'' વળી કહ્યું કે ''એ માલવાનરેશ

ભોજવિદ્વતા શિરોમણિ હતો. એણે શબ્દશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, જ્યોતિઃશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર, રાજસિદ્ધાંત, તરૂશાસ્ત્ર (વૃક્ષાયુર્વેદ), વાસ્તુલક્ષણ, અંકગણિત, શકુનવિદ્યા, અધ્યાત્મશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, સામુદ્રિક તથા મેઘમાલા વગેરે અનેક ગ્રંથોનું પ્રણયન કરેલું છે.'' આ બધું સાંભળીને સિદ્ધરાજ બોલ્યો કે 'શું અમારા ભંડારમાં આવા શાસ્ત્રો નથી? આખાય ગુજરાત આવો કોઈ સર્વશાસ્ત્ર નિષ્ણાંત પંડિત નથી એનું શું કારણ?' આ સમયે ત્યાં ઉપસ્થિત રહેલા વિદ્વાનોની દૃષ્ટિ આચાર્ય હેમચંદ્ર તરફજ વળી. રાજાએ આ હેમચંદ્રને વિનંતી કરી કે – 'આપ શબ્દ વ્યુત્પત્તિ તો બરાબર થતી નથી. વળી, એક વ્યાકરણ તરીકે પાણિનિનું વ્યાકરણ ઠીક છે, પણ બ્રાહ્મણો અભિમાનથી તેને વેદાંગ કહીને અભ્યાસીઓની અવગણના કરે છે. એ લોકો સમયે સમયે એમ ટકોર કર્યા કરે એ કરતા નવિન જ વ્યાકરણ રચવું ઉત્તમ છે. (શ્લોક ૭૦-૮૩) છેવટે સિદ્ધરાજે એમ કહ્યું કે 'મારો દેશ ને હું ધન્ય છીએ, જ્યાં આવા અલૌકિક વિદ્વાનનો નિવાસ છે. (શ્લોક ૯૫) રાજાએ તેમની પાસે વિશ્વલોકોપકાર તથા સ્વકીર્તિ માટે નૂતન વ્યાકરણ-સિદ્ધહૈમવ્યાકરણ રચાવ્યું. આ સંબંધમાં વ્યાકરણના ૮ પુસ્તકો કાશ્મીરથી મંગાવવામાં આવ્યા હતા. જ્યારે ગ્રંથ સમાપ્ત થઈ ગયો, ત્યારે રાજાએ પોતાના દેશમાં તેના અધ્યયન અધ્યાપનનો પ્રારંભ કરાવ્યો.

સિદ્ધરાજની વિનંતીથી આચાર્ય હેમચંદ્રને ગુજરાત માટે નવીન સાહિત્ય નિર્માણ કરવાની – વ્યાકરણાદિ રચવાની – પ્રેરણા મળી એ નિર્વિવાદ છે. આચાર્ય હેમચંદ્ર પોતે જ તે વાત સિદ્ધહૈમ વ્યાકરણની પ્રશસ્તિમાં જણાવે છે કે :

'અતિ વિસ્તૃત, દુર્બોધ અને વિપ્રકિર્ણ વ્યાકરણોના સમૂહથી કદર્થિત થયેલા શ્રી સિદ્ધરાજ જયસિંહે સર્વાંગપૂર્ણ એક નૂતન શબ્દાનુશાસન રચવાની આચાર્ય હેમચંદ્રને પ્રાર્થના કરી અને તે મુજબ આચાર્ય હેમચંદ્રે આ વ્યાકરણને વિધિપૂર્વક (સર્વાંગપૂર્ણ) બનાવ્યું.'

વળી ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્રની પ્રશસ્તિમાં કુમારપાળ આચાર્ય હેમચંદ્રનો ઉપકાર માને છે તેવા શ્લોકમાં જણાવ્યું છે કે :

'પૂર્વે (અમારા) પૂર્વ જ (પુર્વાધિકારી) સિદ્ધરાજ નૃપતિએ ભક્તિથી વશ થઈને કરેલી યાચના વડે આપે સાંગ-સર્વાંગ તેમજ સુવૃત્તિ વડે સુગમ એવું અગાઉ વ્યાકરણ રચ્યું.'

સમસ્ત વ્યાકરણનું અવગાહન કરી એક જ વર્ષમાં સવાલાખ શ્લોક પ્રમાણ પંચાંગપૂર્ણ વ્યાકરણ રચ્યું અને રાજા તથા પોતાની સ્મૃતિમાં તેનું નામ શ્રી સિદ્ધહૈમ રાખ્યું. વળી આ ગ્રંથ રાજાની સવારીના હાથી પર રાખી રાજાના દરબારમાં લાવવામાં આવ્યો. હાથી પર બે ચામર ધારનારી સ્ત્રીઓ બંને બાજુ ચામર ઢાળતી હતી અને ગ્રંથ પર શ્વેત છત્ર ધર્યું હતું. ત્યાર પછી તેની પઠન રાજસભાના વિધ્નો પાસે કરાવવામાં આવ્યું અને રાજાએ સમુચિત પૂજોપચાર કર્યા પછી તેને રાજકીય સરસ્વતી કોષમાં સ્થાપિત કરવામાં આવ્યું. આ સમયે એક વિદ્વાને એક ધલોકથી એ ગ્રંથની પ્રશંસા તે અત્રે નોંધવા યોગ્ય છે.

શબ્દોના સમુદ્રરૂપ આચાર્ય હેમચંદ્રની મતિની શું સ્તુતિ કરીએ? (કરી શકીએ), કારણકે તેમણે એકલાએ આવું શબ્દાનુશાસન રચ્યું છે.

જૈનેતર વિદ્વાનોની માફક જૈન વિદ્વાનોએ પણ આ ગ્રંથો ઉપર ઘણા ટીકા-ટિપ્પણ લખ્યા છે તે ઉપરથી પણ એ વ્યાકરણ ભણવા-ભણાવવાનો પ્રચાર હતો એ સ્પષ્ટ જણાય છે. આચાર્ય હેમચંદ્રના સર્વાંગપૂર્ણ સિદ્ધહેમ શબ્દાનુશાસન નામે વ્યાકરણના પ્રાદુર્ભાવ પછી જૈન સમાજમાંથી પણ જૈન વિદ્વાનોએ વ્યાકરણ ઉપર સ્વતંત્ર રચનાઓ કરેલી છે, પરંતુ તેમાંની કોઈને પણ આચાર્ય હેમચંદ્રની રચના જેવું વિશેષ સ્થાન મળ્યું નથી. આચાર્ય હેમચંદ્રના ઉપરાંત ચાર સ્વતંત્ર વ્યાકરણ ગ્રંથો જૈન વિદ્વાનોના નોંધાયા છે, એની વાત ફરી ક્યારેક.

આ જૈન સાહિત્યના ઇતિહાસનું પ્રથમ ચરણ આપણે આજે જોયું.

*(નોંધ : જૈન સાહિત્ય વિષયક લખાયેલ અનેક પુસ્તકોને આધારે આ નોંધ અહીં સંકલિત કરી છે. વર્ષમાં ભેદ હોવાની પૂરી શક્યતા છે કારણ વિદ્વાનોમાં ભિન્ન મત પ્રવર્તે છે, પણ મૂળ હેતુ જૈન સાહિત્યના આરંભકાલીન સમયનો પરિચય કરાવવાનો છે.)*

**સંકલન : ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com

***ફોન સંપર્ક સમય : ૪થી ૭ની વચ્ચે માત્ર.***

***પ્રબુદ્ધ જીવન માટેના લેખો અને પ્રતિભાવો તંત્રીશ્રીના સરનામે કરવા વિનંતી.***

***સરનામું : ૧૦/બી, ૭૦૨, અલીકા નગર, લોખંડવાલા કોમ્પલેક્ષ, આકુર્લી રોડ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.***

# મારો અસબાબ – ૧

# જીવનતીર્થની પરિક્રમા

**ડૉ. કુમારપાળ દેસાઈ**

*જેઠ વદ ત્રીજ, વિ.સં. ૨૦૭૦, ૧૫મી જૂન, ૨૦૧૪ અને રવિવારના દિવસે પાલનપુરના ગઠામણ દરવાજા પાસે આવેલા શ્રી તપાગચ્છ જૈન ઉપાશ્રયમાં યોજાયેલો પરિસંવાદ પૂર્ણ કરીને અમે સહુ મિત્રો પાલનપુરથી લક્ઝરીમાં બેસીને અમદાવાદ પાછા આવી રહ્યા હતા. મારી સાથેની બેઠક પર સાહિત્યકાર, નાટ્યલેખક અને 'પ્રબુદ્ધ જીવન' સામયિકનું તંત્રીપદ સંભાળનાર ડૉ. ધનવંત શાહ બેઠા હતા અને પછી એમના વક્તવ્ય વિશે વાત ચાલી. એમણે એમના વક્તવ્યનો પ્રારંભ 'એક દિવસ એવો આવશે' એ યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના કાવ્યથી કર્યો હતો અને પછી તો ગોષ્ઠિ આગળ ચાલતી રહી અને મેં એમનું કહ્યું,*

*'જુઓ ને! આજે કેવો દિવસ આવ્યો છે. જમાનો કેવો બધો બદલાયો છે. મારી પૌત્રી મોક્ષાને 'મૂછાળી મા' ગિજુભાઈની કે જીવરામ જોશીની બાળવાર્તાઓમાં રસ પડતો નથી. એ કહે છે કે વાર્તાને બદલે કોઈ ઈન્સિડન્ટ કહો. આને કારણે એને મારા પરિચિતોના અને મને દેશવિદેશમાં થયેલા અનુભવોનું પુનઃસ્મરણ કરીને મારે જીવનનાં જુદાં જુદાં અનુભવોની વાત કરવી પડે છે. મને પુનઃસ્મરણનો આનંદ અને એને કોઈ રસપ્રદ ઘટનાનો રોમાંચ.'*

*આ સાંભળીને ધનવંતભાઈ બોલી ઊઠ્યા. 'બસ, તો તમે તમારા અનુભવોના અસબાબની વાત કરો અને એ શ્રેણીનું નામ રાખીશું 'મારો અસબાબ'. ધનવંતભાઈ પાસે તંત્રીની બાજ નજર હતી. આ અગાઉ પણ હું આવી જ રીતે એમની પાસે ઝડપાઈ ગયો હતો. એમની સાથે 'જયભિખ્ખુ'ના જીવનના ખમીર અને ખુદ્દારીની ઘટનાઓની વાત કરતો હતો, ત્યારે એ તંત્રીની નજરમાં ઝડપાઈ ગયો અને એમણે કહ્યું,*

*'તો પછી એ વાત નક્કી કે તમે 'પ્રબુદ્ધ જીવન'માં 'જયભિખ્ખુ જીવનધારા' લખો છો, જેટલા હપ્તા અને જેટલો સમય લખવું હોય તેટલું લખજો.' પરિણામ એ આવ્યું કે પ્રબુદ્ધ જીવનમાં જયભિખ્ખુ જીવનધારાના ૬૧ હપ્તા લખાયાં. એ લેખમાળાને સાહિત્યસર્જકો અને સાહિત્યરસિકો તરફથી ઉમળકાભર્યો પ્રતિભાવ મળતા જીવતરની વાટે, અક્ષરનો દીવો એ નામનું જયભિખ્ખુનું ચરિત્ર લખ્યું અને એ ઉપરથી 'એકલદીપને અજવાળે, ચાલ્યો એકલવીર' એ નામનું નાટક પણ પ્રસ્તુત થયું.*

*એનો છેલ્લો હપ્તો જુલાઈ ૨૦૧૪માં લખ્યો એ પહેલાં ધનવંતભાઈએ મારો અસબાબ લખવાનું વચન લઈ લીધું. પછી જ્યારે મળીએ, ત્યારે એની વાત થતી, પણ લખવાનું ઠેલાતું ગયું અને એમણે આપણી વચ્ચેથી વિદાય લીધી.*

*એ પછી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. સેજલ શાહે ધનવંતભાઈના જેવો જ સ્નેહભર્યો આગ્રહ અવિરત ચાલુ રાખ્યો અને તેને પરિણામે આજે આ અસબાબમાંથી, મારી આ ગઠરિયાંમાંથી મારી થોડી વાતો આપણી સમક્ષ નમ્રતાભેર રજૂ કરું છું.*

**મા**રા અસબાબની ગઠરિયાં ખોલું, ત્યારે સઘળે માતાની તસવીર જોવા મળે છે. હજી આજે આટલે વર્ષે પણ એની કોઠાસૂઝ, આતિથ્ય અને સાહજિક રીતે સહુનો પ્રેમ સંપાદન કરવાની કળા પ્રત્યે આશ્ચર્ય અનુભવું છું અને તેથી સ્વાભાવિક રીતે માતાની સ્મૃતિ મનમાં અને જીવનમાં અકબંધ જળવાઈ રહી છે.

મારા પિતા સાહિત્યકાર પિતા 'જયભિખ્ખુ' પાસેથી સાહિત્યસર્જનનો વારસો પ્રાપ્ત થયો એ સાચું, પરંતુ જીવનકળાનો વારસો તો મારા માતુશ્રી જયાબહેન દેસાઈ પાસેથી મળ્યો. જીવનભર સતત એ અનુભવ થતો રહ્યો કે પિતાએ મૂલ્યનિષ્ઠાભર્યો જીવનપથ બતાવ્યો, પરંતુ એ જીવનપથ પર આગળ ડગ ભરતી વખતે આવતાં ઝંઝાવતો, તોફાનો, આકરો ઉનાળો કે કડકડતી ઠંડીનો કઈ રીતે સામનો કરવો, એ તો માતાએ એની કોઠાસૂઝથી કરી બતાવ્યું. રસ્તા પર આવતાં કંટકો, કાંકરાઓ, પથ્થરો અને સામે આવતા અવરોધો જોવાની, સમજવાની અને એને પાર કરવાની સૂઝ એની પાસે હતી.

રાણપુર એનું ગામ. સૌરાષ્ટ્રના રજવાડાંઓની દુનિયામાં મહાત્મા ગાંધીજીની હાકલે થનગનતું આઝાદી-આશિકી ધરાવતું ગામ. જયાબહેનના પિતા મોહનલાલ શેઠની મુખ્ય બજારમાં ચૂડાના ઝાંપે મોટી દુકાન આવી હતી. દુકાનમાં એ સમયે બીજી ચીજવસ્તુઓ સાથે ટ્રંક (પતરાંની બેગ) પણ વેચતા હતા અને તેથી બીજા મોહનલાલ સાથે નામની ભેળસેળ થઈ જાય નહીં, તે માટે એ 'મોહનલાલ ટ્રંકવાળા' તરીકે ગામમાં ઓળખાતા. રાણપુરના શેઠ ફળિયામાં રહે. એ ફળિયું ગામના સુખી શ્રાવકોની વસ્તી ધરાવતું હતું.

રાણપુરમાં એ સમયે આઝાદીના આંદોલનનો જુવાળ ફેલાયેલો

હતો. નિડર પત્રકાર અમૃતલાલ શેઠનું 'ફૂલછાબ કાર્યાલય' રાણપુરમાં હતું અને ઝવેરચંદ મેઘાણી અને ગુણવંતરાય આચાર્ય જેવાં સાક્ષરો આ કાર્યાલયમાં બેસીને લેખનકાર્ય કરતા હતા. ગામમાં રોજ પ્રભાતફેરી નીકળતી અને જયાબહેન એમાં હોંશે હોંશે ભાગ લેતા. ગાંધીજીની અસહકાર વિશેનાં કેટલાંય કાવ્યો મારી બા જીવનભર ગાતાં રહ્યાં. ગામમાં નીકળતાં અંગ્રેજ સરકાર સામેના સરઘસોમાં ભાગ લેતી અને સભાઓમાં બરાબર હાજરી આપતી. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની પત્ની દમયંતિબહેન સાથે રહીને આઝાદીના આંદોલનમાં સક્રિય રીતે ભાગ લીધો. ઝવેરચંદ મેઘાણીનાં ખૂટે નહીં એટલાં સ્મરણો એની પાસે હતા.

એક વાર હું સાવ નાનો હતો ત્યારે મારી માતા રાણપુરથી નીકળીને લીંબડી જતા હતા. રસ્તે ચૂડા આવે એ પહેલાં મને તરસ લાગી હતી. ટ્રેનના એ ડબ્બામાં મેઘાણીભાઈ પણ સાથે હતા અને મને તરસ લાગી હોવાથી ચૂડાનું સ્ટેશન આવતા પાણીનો લોટો લઈને, દોડીને, પ્લેટફોર્મ પરના 'પ્યાઉ' પાસે જઈને પાણી લાવ્યા હતા. માતા આ વાત કરતી અને મેઘાણીભાઈના વિરલ સૌજન્યને યાદ કરતી હતી.

૧૯૩૦ની મે મહિનાની ૧૩મી તારીખે વૈશાખ વદ એકમ અને મંગળવારના દિવસે રાણપુરના શેઠ કુટુંબની પુત્રી જયાબહેન (એમનું નામ વિજયાબહેન પણ હતું)ના લગ્ન બાલાભાઈ દેસાઈ સાથે થયા. લગ્ન કરવા માટે બાલાભાઈ (જયભિખ્ખુ) આવ્યા ત્યારે એમણે ખાદીનાં કપડાં પહેર્યાં હતાં. કોઈએ એ સમયે એમને ટોક્યા પણ હતા કે લગ્નમાં આવાં કપડાં ન પહેરાય. પણ જયભિખ્ખુ એમની વાતમાં અડગ રહ્યા.

લગ્નબાદ જયાબહેન થોડો સમય વરસોડા રહ્યા અને વરસોડાના ઊંચા કોતરો વીંધીને નદીએ કપડાં ધોવા જતાં એની વાત પણ કરતા. લગ્નબાદ થોડા સમયે ગ્વાલિયર પાસે આવેલા શિવપુરી ગુરુકુળની 'તર્કભૂષણ'ની પદવી અને કૉલકાતા સંસ્કૃત એસોશિયેશનની 'ન્યાયતીર્થ'ની પદવી પ્રાપ્ત કરી જયભિખ્ખુ પાછા આવ્યા અને ગુરુકુળમાં પ્રારંભકાળમાં લખેલી પુસ્તિકાઓ અને ગોવર્ધનરામ ત્રિપાઠીની મહાનવલ 'સરસ્વતીચંદ્ર'નું વાંચન એમને કહેતું હતું કે જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીને વિદેશમાં ધર્મજ્ઞાનનો પ્રસાર કરે તેવા શિક્ષક બનવું નથી અને સાથોસાથ પિતા રજવાડાંમાં સારું ઊંચું પદ અને પ્રતિષ્ઠા ધરાવતા હતા, પણ એ આધારે રજવાડાંમાં નોકરી મેળવવી નથી.

પોતાની આસપાસના જૈન સમાજમાં અને પોતાના સ્નેહીજનો પણ અભ્યાસ પૂર્ણ કરીને અંતે તો કોઈને કોઈ વેપારમાં જોડાતા હતા. વૈશ્ય પુત્ર સહેલાઈથી વેપાર તરફ ખેંચાય. વળી કુટુંબની રાખ-રખાપત જાળવવા માટે સારી એવી આવકની જરૂર રહેતી હોવાથી એને માટે વેપાર એ જ એકમાર્ગી રસ્તો હતો.

'જયભિખ્ખુ'ના મનમાં લક્ષ્મી અને સરસ્વતી વચ્ચે દ્વંદ્વ જાગ્યું. એક બાજુ આજીવિકા અને જવાબદારી એમને લક્ષ્મીપ્રાપ્તિ ભણી ખેંચતી હતી, તો બીજી બાજુ સાહિત્યની સૃષ્ટિ અને હૃદયનો આનંદ એમને સરસ્વતી ઉપાસના પ્રત્યે આકર્ષતા હતા. સતત વિચારવલોણું ચાલવા લાગ્યું. આવે સમયે ૧૯૩૩ની ૧૭મી જુલાઈ અને સોમવાર (વિ.સં. ૧૯૮૯, અષાઢ વદ દશમ)ના દિવસે જયભિખ્ખુએ અમદાવાદમાં દૃઢ સંકલ્પ કર્યો કે કલમને ખોળે માથું મૂકી, મા સરસ્વતી જે ઓછું-વધું આપે એનાથી જીવનનિર્વાહ કરીશ.

અમદાવાદના એલિસબ્રીજ વિસ્તારમાં વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલની નજીક આવેલા માદલપુર ગામના પટેલના માઢમાં ભાડેથી મકાન રાખ્યું. મકાનના પહેલા માળે બે ખંડવાળા અને ગારના લીપણવાળા ઘરમાં સંસારનો પ્રારંભ કર્યો.

એ સમયે યુવાન જયભિખ્ખુએ સંકલ્પ કર્યો હતો કે નોકરી નથી કરવી, પૈતૃક સંપત્તિ લેવી નથી અને પુત્રને આપવી નથી. જીવનમાં સ્વમાનભેર જીવવા માટે સ્વાવલંબન જરૂરી છે. સંકલ્પ તો લીધો, પણ એ સમયે એવો હતો કે જ્યારે 'લેખક બનવા માટે' સામયિકોમાં સામે ચાલીને પૈસા આપીને લેખો છપાવવા પડતા.

એ વખતે છેક માદલપુરથી શાક સસ્તુ મળતું હોવાથી જયાબહેન માણેકચોકમાં શાક લેવા જતાં અને પૈસા બચાવવા માટે છેક માણેકચોકથી માદલપુર સુધી શાકના થેલા ઊંચકીને ચાલીને આવતા. જયભિખ્ખુ પાસે એક કોટ હતો. એ સમયે તેઓ 'જ્યોતિ કાર્યાલય'માં લેખન-કાર્ય માટે જતા, ત્યારે એ કોટ પહેરીને જતા. સાંજે એ પાછા આવે એટલે જયાબહેન કોટ ધુએ, પછી સૂકવે અને સવારે ઈસ્ત્રી કરે અને ફરી સવારે એ કોટ પહેરીને જયભિખ્ખું 'જ્યોતિ કાર્યાલય'માં જાય. કોઈ મિત્રએ એકાદ વખત ટકોર પણ કરી : 'તમે રોજ એક ને એક રંગનો કોટ શા માટે પહેરો છો ?'

જયભિખ્ખુએ ખુમારીથી ઉત્તર આપ્યો, 'અરે દોસ્ત! શું કરું ? એક જ રંગના કાપડના ત્રણ કોટ સિવડાવ્યા છે, તેનું આ પરિણામ છે.'

આ સમયે જયભિખ્ખુ ત્રણ નામોથી જાણીતા હતા. કુટુંબમાં એમનું હુલામણું નામ ભીખાલાલ હતું. સ્નેહીઓમાં એમના મૂળ નામ બાલાભાઈથી જાણીતા હતા. 'જયભિખ્ખુ'એ લખવાનું શરૂ કર્યું ત્યારે ચાર નામે ચાર વાર્તા લખી. એ નામ હતાં બાલાભાઈ વીરચંદ દેસાઈ, ભિક્ષુ સાયલાકર, વીરકુમાર અને જયભિખ્ખુ. મારી માતાના જયાબહેનના નામમાંથી 'જય' શબ્દ અને મારા પિતાનું લાડકું નામ 'ભીખાલાલ' હતું. એમાંથી 'ભિખ્ખુ' શબ્દ લઈને 'જયભિખ્ખુ'

ઉપનામ સર્જાયું. બન્યું એવું કે આ ચારે નામથી ચાર વાર્તા લખી હતી. તેમાંથી ત્રણ જગ્યાએ પ્રગટ થયેલી વાર્તાનો એ ભારે આર્થિક ભીંસના સમયમાં કોઈ પુરસ્કાર ન આવ્યો, પણ 'જયભિખ્ખુ' ઉપનામથી લખેલી વાર્તાનો પુરસ્કાર મળ્યો. એ ઉપનામને શુકનવંતુ માનીને મારા પિતાએ એ ઉપનામથી સાહિત્યસર્જન કર્યું. પતિ-પત્ની બંનેનું નામ ધરાવતું આવું બીજું ઉપનામ ગુજરાતી સાહિત્યમાં કોઈ સર્જકનું મળતું નથી. (જુઓ 'તખલ્લુસો', લે. ત્રિભુવન વીરજી હેમાણી) પહેલાં પટેલોની વસ્તીવાળા માદલપુરમાં અમે રહેતા હતા ત્યારે ઘણા લોકો મારી માતાના શુકન લઈને બહાર જતા.

૧૯૩૩માં એવો સમય પણ આવ્યો કે જ્યારે અમદાવાદના રાયપુરની હવેલીની પોળમાં આવેલા 'જૈન જ્યોતિ' કાર્યાલયમાં જઈને લેખનકાર્ય કરવાનું એમણે સ્વીકાર્યું. એ લેખનકાર્ય પેટે જયભિખ્ખુને શ્રી ધીરજલાલ ટો. શાહ દ્વારા મહિને એકતાલીસ રૂપિયા મળતા હતા. આ કપરા દિવસોમાં ક્યારેક જયાબહેનના આણાના પૈસા વાપરવા પડતા હતા. એવામાં જયભિખ્ખુના પિતા વીરચંદભાઈનું અવસાન થયું. આ સમયે ઘણા સ્વજનોએ જયભિખ્ખુને કહ્યું, 'પિતાની મિલકતમાં તમારો અડધો ભાગ છે, તો તમે કેમ લેતા નથી?'

જયભિખ્ખુ આનો માર્મિક ઉત્તર આપતાં કહેતા, 'પિતાની મિલકતમાં ભાગ નથી જોઈતો. એમની આબરૂમાં ભાગ જોઈએ છે.'

એક વડીલે જયભિખ્ખુને ટોણાં મારતાં કહ્યું, 'તમે તમારી વાત જ કરો છો, પણ તમારાં પત્નીનો વિચાર કરતા નથી. કોઈ સ્ત્રી આવો ભાગ જવા ન દે.'

ત્યારે જયભિખ્ખુએ વડીલને કહ્યું : 'કોણે કહ્યું કે હું મારી પત્નીનો વિચાર કરતો નથી? પહેલાં તમે એનો વિચાર તો પૂછો ને!'

એ વડીલ સમગ્ર કુટુંબના વગદાર મોભી હતા. એમણે જયાબહેનને પૂછ્યું : 'જુઓ, પુરુષોની વાત અલગ હોય છે. સ્ત્રીઓ તો ભાગ માંગે. મજિયારામાં તો બે ચમચા માટે પણ લડે, ત્યારે તમારે ભાગ નથી લેવો?'

જયાબહેને સ્મિત સાથે હસીને કહ્યું, 'ના, એમની ઇચ્છા, એ મારી ઇચ્છા.'

જયભિખ્ખુનો પ્રેમ અને ગુસ્સો બંને ઉગ્ર. પણ મારા માતુશ્રી એમની એકેએક ચીજની બરાબર સંભાળ રાખે. એક વાર બંડીના ખિસ્સામાંથી રૂમાલ કાઢ્યો. રૂમાલ ફાટેલો હતો એટલે જયભિખ્ખુએ બધાં કપડાં ખાનામાંથી કાઢીને પાથરીને મૂકી દીધાં. જયભિખ્ખુ જ્યારે લખતા હોય ત્યારે સહેજે અવાજ ન થવો જોઈએ, આથી મારાં માતુશ્રી ખૂબ શાંતિથી ઘરકામ કરે. સહેજે અવાજ ન થાય એની સાવધાની રાખે. કોઈ મળવા આવે તો એવી જગાએ બેસાડે કે જેથી એનો અવાજ એમને સંભળાય નહીં.

જયભિખ્ખુ ઘેર આવે ત્યારે તદ્દન શાંતિ હોવી જોઈએ એવો એમનો આગ્રહ. આથી એ બહારથી આવીને સાંજે ઘરમાં પગ મૂકે એટલે મારાં માતુશ્રીને તૈયાર થઈને સ્વચ્છ કપડાં પહેરીને બેસવાનું હોય. જયભિખ્ખુ એકેએક માન્યતાને જ નહીં. બલ્કે એમની પ્રત્યેક ધૂનને એણે હસ્તેમુખે પ્રેમથી જાળવી હતી અને આનંદથી માણી હતી.

લગ્ન પછી બારમા વર્ષે મારો જન્મ થયો. નાનપણમાં શરીરનો બાંધો ઘણો નબળો એટલે વારંવાર બીમારી આવે. એકના એક સંતાનને ખૂબ જતનથી જાળવે. રોજ મારી પાછળ નાસ્તાની વાટકી લઈને ફરે. પિતાનો સ્વભાવ ગુસ્સાવાળો એટલે વારંવાર માતાના વાત્સલ્યસ્થાનમાં હૂંફ મેળવવા દોડી જતો. ઘરકામનો એને કદી કંટાળો નહીં. ગમે તેટલા અતિથિ આવે, તો એમને આનંદથી જમાડે. રસોઈ બનાવવાની કુશળતા તો ખરી જ, પરંતુ કોને શું ભાવે છે એ બરાબર યાદ રાખે અને એ ભોજન માટે આવે, ત્યારે ખાસ એ વાનગી બનાવીને આપે. જમતી વખતે પાસે બેસીને ભાવથી જમાડે. મારા પિતાને ભોજનમાં એકેએક વસ્તુ જોઈએ, પણ મારી માતા રસોડામાં લાંબો સમય હોય તો એને મજાકમાં રસોઈયણ કહે. મારા પિતા ઘેર ન હોય ત્યારે અથવા તો રાત્રે છાનાંમાના મારી માતા કોઈ વાનગી કે ચીજવસ્તુ બનાવી રાખે.

કોઈ વાર કંઈક વધુ કામ કરવું પડે તો કોઈનીય સાથે કશિ ચડભડ કર્યા વિના કામ કરે. એ વારંવાર કહે, 'કામનો થાક તો આરામ કરવાથી ઊતરી જાય, પરંતુ વિખવાદથી થયેલો મન પરનો થાક ઊતરતો નથી.' એનામાં વ્યવહારકુશળતા પણ ઘણી. કુટુંબમાં લગ્ન હોય તો ઘણાં દિવસ અગાઉથી સહુ એને બોલાવે અને વ્યાવહારિક સલાહસૂચનો લેતા હતા.

ગરીબો તરફ ભારે હમદર્દી. ઘર પાસેથી કોઈ ચપટી લોટ લીધા વિના જાય તો એને ખૂંચે. પોતાની મૂડીનો ઉપયોગ દાનમાં જ કરે. કોઈ જરૂરિયાતવાળો આવે તો એને ભાવથી બેસાડે. કુટુંબની વ્યક્તિની માફક એને ચા-નાસ્તો આપે અને પછી જે કંઈ મદદ કરવાની હોય તે કશુંય બોલ્યા વિના એમ જ એના હાથમાં મૂકી દે!

કુટુંબની પ્રત્યેક વ્યક્તિ માટે મરી પડે! કોઈ બીમાર છે એવી ખબર પડે તો વાના જૂના દર્દને કારણે પગથિયાં ચડાતાં ન હોય તોય એ દાદર વચ્ચે બેસીનેય એમની ખબર પૂછવા જાય. દેરાણીઓ તરફ સગી બહેનો જેવી મમતા રાખે. વર્ષમાં ચારેક વખત કુટુંબીજનોનો મેળો થતો, ત્યારે નાનાંમોટાં સૌની સાથોસાથ મારી માતા ગાવા લાગી જાય.

એના આવા આનંદસભર જીવનમાં એક અણધારી આઘાતજનક ઘટના બને છે અને ફરી એની સૂઝ, સમતા અને ધૈર્યની કસોટીનો પડકાર ઊભો થાય છે. (ક્રમશઃ)

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૪૦ ૧૯૯૨૫

# ભગવાન મહાવીર અને પ્રજ્ઞાપરાધનો આક્ષેપ એક વિમર્શાત્મક ચર્ચા

આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિજી મહારાજ સાહેબ

હમણાં એક પ્રકાશન હાથમાં આવ્યું. આદરણીય મોરારિબાપુની રામકથાના સંપાદનરૂપ એ સામયિક પ્રકાશન હતું. કેદારનાથમાં તેમની 'માનસ-શંકર' નામે કથા થઈ હતી, તેનાં અવતરણો તેમાં છે. તેમાં પૃ. ૪૫ પર છપાયેલું એક બોક્સમત લખાણ વાંચવા મળ્યું (લેખ સાથે છપાયેલ બોક્સનું લખાણ જુઓ).

મહાવીરના જિનસૂત્રમાં જે બુદ્ધપુરુષનાં લક્ષણોની ચર્ચા છે એ મૂળમાં શંકરનાં લક્ષણો છે. અહીં તો ઊતર્યું છે. આ આલોચના નથી, અવલોકન છે. તમારી દિગંબરી પણ શંકરમાંથી આવી છે. એના આચાર્ય કેદારનાથ છે. મહાદેવને ભૂલીને પોતાને નામે ચડાવી દેવું એ પ્રજ્ઞા-અપરાધ છે. એનાં એ સૂત્રો જિનસૂત્રમાં છે. સિંહનું ગૌરવ, હાથીનું સ્વાભિમાન, વાયુની અસંગતા, મૃગની નિર્દોષતા, સર્પની અનિયત આશ્રિતતા, પશુની અનીહતા; બધાં મહાદેવનાં સૂત્રો છે. ભગવાન મહાવીરે એ પ્રસાદને વહેંચ્યો. હું સ્વાગત કરું છું. પરંતુ આદિ શિવ ૐકાર છે.

આ વિધાનો એક લોકપ્રિય વ્યક્તિએ કર્યાં હોવાથી તે તરફ ધ્યાન આપવું જરૂરી જણાય છે. અન્યથા આ પ્રકારનાં વિધાનો, વાણી સ્વાતંત્ર્યતા અધિકારના નામે, અનેક લોકો દ્વારા થતાં જ રહે છે, જેની નોંધ સુધ્ધાં લેવાતી નથી; લેવાની જરૂર પણ નથી હોતી. બીજી રીતે, લોકપ્રિય માણસ દ્વારા થતાં આવાં વિધાનોથી, ક્યારેક/ઘણીવાર, કોઈકની લાગણી દૂભાઈ જાય કે દૂભાયાનો સ્ટન્ટ કરવામાં આવે, ત્યારે કેવી વરવી પરિસ્થિતિ પેદા થાય છે, તે બાબતનો આવાં વિધાન કરનાર વ્યક્તિને અંદાજ હોવો જોઈએ.

આ અવતરણમાં 'જિનસૂત્ર' શબ્દ છે, તે જોતાં ઓશો રજનીશનાં 'જિનસૂત્ર' પુસ્તકના સંદર્ભથી વક્તાએ વિધાનો કર્યાં હોવાનું સમજી શકાય છે. વક્તાને જે લક્ષણો અંગે વાંધો લેવાનું સૂઝયું છે તે લક્ષણો વિષે વાત કરીએ તો, આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામીએ, પોતે રચેલા પ્રસિદ્ધ જૈન આગમ 'કલ્પસૂત્ર'માં, ભગવાન મહાવીર માટે ૧૬ ઉપમાઓ પ્રયોજી છે. ત્યાં તે માટે બે ગાથા અને તેની સ્પષ્ટતા માટેનાં ૧૬ ઉપમા વાક્યો છે. આ ઉપમાઓમાં 'પવન જેવા અપ્રતિત ગતિ વાળા, શંખસમાન નિરંજન, સિંહસમા શૂરવીર, આકાશસમ નિર્લેપ' ઈત્યાદિ વર્ણન થયું છે. આ વાક્યો લઈને શ્રી રજનીશે પોતાના 'જિનસૂત્ર'માં વિવેચન કર્યું હોય તો બનવાજોગ છે. પણ વક્તાને આ વર્ણન કે નિરૂપણ સામે વાંધો પડ્યો હોય એમ તેમનાં ઉપરોક્ત વિધાનો વાંચતાં જણાય છે.

પોતાનાં આ વિધાનોને વક્તાએ 'અવલોકન' ગણાવ્યા છે, 'આલોચના' નહીં. એમનાં અવલોકનો વાસ્તવમાં શું છે તે નક્કી કરવાનો અધિકાર જેમ તેમને હોય તેમ વાચકોને પણ હોય જ. આપણે તે અધિકારનો ઉપયોગ કરીશું, અને તેમનાં અવલોકનોને મૂલવીશું. પહેલાં તો તેમનાં અવલોકનો તેમના જ શબ્દોમાં જોઈએ :

૧. મહાવીરના જિનસૂત્રમાં જે બુદ્ધપુરુષનાં લક્ષણોની ચર્ચા છે એ મૂળમાં શંકરનાં લક્ષણો છે. અહીં તો ઊતર્યું છે.

૨. તમારી દિગંબરી પણ શંકરમાંથી આવી છે. એના આચાર્ય કેદારનાથ છે. મહાદેવને ભૂલીને પોતાને નામે ચડાવી દેવું એ પ્રજ્ઞા-અપરાધ છે.

૩. એનાં એ સૂત્રો જિનસૂત્રમાં છે. xxx બધાં મહાદેવનાં સૂત્રો છે.

૪. ભગવાન મહાવીરે એ પ્રસાદને વહેંચ્યો. હું સ્વાગત કરું છું. પરંતુ આદિ શિવ ૐકાર છે.

આ ચાર અવલોકનો વિસે વિમર્શ કરીએ –

(૧) પહેલી વાત તો એ કે મહાવીરે આવાં (પોતાનાં) લક્ષણો ક્યાંય પોતે લખ્યાં/નોંધ્યાં નથી. તેમનાં લક્ષણોનું વર્ણન પાછળના આચાર્યોએ જરૂર કર્યું છે. એટલે 'મહાવીરના જિનસૂત્રમાં' એવો વાક્યપ્રયોગ અસ્થાને છે.

(૨) 'મૂળમાં શંકરનાં છે' – અહીં શંકર એટલે શંકર ભગવાનનાં કે શંકરાચાર્યનાં એ સ્પષ્ટ નથી થતું. બન્ને અર્થ સ્વીકારીને ચાલીએ, તો પણ 'આ લક્ષણો મૂળે શંકરનાં છે, અને જિનસૂત્રકારે ત્યાંથી લઈ લીધાં ને પ્રયોજ્યાં છે.' એવો આક્ષેપ વક્તા કરવા માગે છે. આનો ખુલાસો વિવિધ રીતે થઈ શકે :– ૧. કોણે આ લક્ષણોનું પ્રતિપાદન કરનારાં વાક્યોનો પહેલો પ્રયોગ કર્યો તે તો કોઈ મધ્યસ્થ ઇતિહાસકાર

જ નક્કી કરી શકે. લોકપ્રિય વક્તા તે વિશે નિર્ણય ન આપી શકે. ૨. મહાત્માઓ કે સત્પુરુષોનાં લક્ષણો લોકવ્યવહારમાં વ્યાપકરૂપે પ્રખ્યાત હોય; અને દરેક સૂત્રકારે પોતે જેને અનુસરતા હોય તેવા પુરુષ માટે તે લક્ષણો પ્રયોજ્યાં હોય. આમાં આ પહેલાં અને પેલા પછી – એના સાંપ્રદાયિક સંકુચિત ભાવને અવકાશ ન હોય. ૩. ભારતવર્ષની સંસ્કૃતિ ધર્મપ્રધાન તેમજ અધ્યાત્મપ્રધાન છે. તેની ત્રણ મુખ્ય ધારાઓ – વૈદિક, જૈન, બૌદ્ધ છે. તે દરેક ધારાના સૂત્રકારો કે આચાર્યોએ, પોતાના દૃષ્ટિકોણ પરત્વે પ્રતિપાદન કરતાં અન્ય ધારાઓમાંથી જે ઉત્તમ અથવા અનુકૂળ લાગ્યું તેનો, કશા જ ખચકાટ વગર કે મારા-તારાના સંકુચિત ભાવ વગર, સ્વીકાર તથા ઉપયોગ કર્યો છે. આમાં ઉપયોગ કરનારને પણ કશો છોછ નથી, તો જેમની વાતનો ઉપયોગ થયો/થતો હોય તેમને પણ કોઈ આપત્તિ કે વાંધો નથી હોતો. આદાન-પ્રદાન એ ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વપૂર્ણ અને આધ્યાત્મિક અંગ રહ્યું છે. એ આચાર્યો સામસામો શાસ્ત્રાર્થ કરતાં, ખંડન-મંડન કરતાં, પણ દ્વેષ, દુર્ભાવ. અને સંકુચિતતા ક્યારેય દાખવતા નહીં. આથી 'આ તો મૂળે અમારું હતું, એમણે પોતાના નામે ચડાવી દીધું' એવો ક્ષુદ્ર મનોભાવ એ આચાર્યોમાં જોવા નહીં મળે જ. ખરેખર તો આજના યુગમાં આવા મિત્રોએ આવી આવી બાબતો પર કોપીરાઈટ જાહેર કરી દેવો ઘટે. જેથી તેમણે પોતાની માની લીધેલી બાબતોનો બીજા કોઈ ઉપયોગ ન કરી જાય! પૂર્વ સૂરિઓને આવો ઉમદા વિકલ્પ કેમ નહીં સૂઝ્યો હોય?

(૩) ભગવાન શંકર દિગંબર હતા; મહાવીરસ્વામી પણ, તેમનું વસ્ત્ર ખસી ગયા પછી દિગંબર અવસ્થામાં વર્ત્યા હતાં. આપણા લોકપ્રિય વક્તાનું અવલોકન છે કે એ સ્થિતિની પ્રેરણા મહાવીરને શંકર પાસેથી મળી હતી. અર્થાત્ શંકરનું અનુકરણ મહાવીરે કર્યું હતું; મહાવીરની પોતાની તે કલ્પના નહોતી. 'તમારી દિગંબરી પણ શંકરમાંથી આવી છે' – એ વાક્ય તો તાત્પર્યાર્થ આ લખ્યો તે સિવાય બીજો થતો હોય તો ખબર નથી.

દિગંબરત્વ ઉપર એક લોકપ્રિય વ્યક્તિનો આ કોપીરાઈટ ગણાય, અને તે માટે અચંબો થાય. મારા જેવાને પ્રશ્ન થાય કે દિગંબર સાધુ થવાનો હક માત્ર શિવજીને અને તેમના પંથને માનનારાને જ મળે? તે સિવાયની ધાર્મિક માન્યતા ધરાવનારાઓને દિગંબરત્વનો વિચાર સ્વયંભૂ આવે જ નહીં? એવો આચાર સ્વીકારે તે શિવોપાસક જ હોય? તેના તેવા આચારની પ્રેરણા તેણે શિવોપાસનામાંથી જ મેળવી હોય? શું આટલા મોટા ભારતમાં કોઈ એક બાબત ભિન્ન ભિન્ન લોકોમાં સહજભાવે સંભવી ન શકે?

જૈનો પણ એનો દાવો કરી શકે કે અમારા ભગવાન આદિનાથ તો શંકરથી પણ પુરોગામી છે! અમારામાંથી તમે આવો આચાર અપનાવ્યો હોય એમ કેમ ન બને? પણ ના, આવો દાવો કે વિચાર જ અજુગતો ગણાય. બે ધારાઓ અલગ છે, અને બન્નેની આચાર-પ્રવૃત્તિ આગવી છે. શિવજી ભભૂત-ભસ્મ ચોપડે છે, ચંદ્ર, ગંગા, સર્વ – બધાં તેમનાં અલંકરણો છે, તેમની સાથે માતા પાર્વતી છે, વ્યાઘ્રચર્ય અને ડમરૂવાદ્ય છે; આમાંનું કશું જ મહાવીરસ્વામી પાસે નથી; જોવા નથી મળતું. તો માત્ર નગ્નત્વ જ મહાવીરે મહાદેવ પાસેથી લીધું? તે પણ પહેલાં તો વસ્ત્રધારી બન્યા; વસ્ત્ર ખસ્યા પછી નિર્વસ્ત્ર રહ્યા; આમાં મહાદેવ પાસેથી શું લીધું ગણાય? આ મુદ્દાની ચોખવટ કોણ કરશે?

(૪) 'પોતાને નામે ચડાવી દેવું એ પ્રજ્ઞા-અપરાધ છે' – આ વાક્યને અવલોકન કહી શકાય તેમ નથી. તે આલોચના પણ ન ગણાય. તે ગણાય 'ટીકા'; અને એવી ટીકા જેમાંથી અજ્ઞાનમૂલક સંકુચિત સાંપ્રદાયિકતાની ગંધ આવે છે.

દિગંબરત્વ એ કોઈ સંપ્રદાયનો ઈજારો નથી. એક ઠેકાણે દિગંબરત્વનો સંબંધ અઘોર માર્ગ સાથે જોડી શકાય તેમ છે. અન્યત્ર તેનો અનુબંધ વૈરાગ્યમાર્ગ સાથે છે. આમાં એકનું પણ દિગંબરત્વ અન્ય ઉપર નિર્ભર નથી, આધારિત નથી, પ્રેરિત નથી. છતાં આ બાબતને 'પ્રજ્ઞાપરાધ'ના ગંભીર આક્ષેપથી નવાજવી, તે તો લોકપ્રિયતાના નશાની પરિણતિ ગણાય; આવા વિધાનમાં નીતર્યા અજ્ઞાન સિવાય કશું જ પ્રાપ્ત થતું નથી. વાસ્તવમાં આવું અજ્ઞતામૂલક વિધાન જ 'પ્રજ્ઞાપરાધ' ગણાય.

મહાવીરસ્વામી જેવા સત્પુરુષ ઉપર આવો આક્ષેપ કરવા પાછળ, પોતાની જૈનદ્વેષી માનસિકતા પ્રગટ કરવા સિવાય કોઈ આશય જણાતો નથી.

બાકી સુજ્ઞ વક્તા તો બેય ધારાઓનું સામ્ય શોધે, તપાસે, નિરૂપે અને ભારતીય ધર્મ-સંસ્કૃતિના આ વિશેષ લક્ષણને બિરદાવે. પણ લોકપ્રિયતા એ આવી સુજ્ઞતાની પ્રતીતિ નથી આપી શકતી.

(૫) 'બધાં જિનસૂત્રનાં સૂત્રો મહાદેવનાં છે' – એવા મતલબનું વિધાન પણ સમજણ વિષે સંદેહ જન્માવી જાય તેવું છે. બે અલગ ધારાઓ, વ્યાપક લોક-વ્યવહારમાંથી એકસરખાં સૂત્રો નીપજાવી ન શકે? અથવા શંકરનાં સૂત્રો જ જિનસૂત્ર – પાસેથી લેવામાં આવ્યાં હોય એમ પણ વિચારી ન શકાય? વાસ્તવમાં શરૂઆતમાં કહ્યું તેમ કોણે કોની પાસેથી લીધું એ વિચાર જ અસ્થાને છે, અથવા તે ઇતિહાસવિદોનો વિષય ગણાય; પ્રસિદ્ધ વક્તાનો નહીં. વક્તા જો

સુજ્ઞ હોય તો માત્ર સમન્વય શોધે અને સાધે. આમ આક્ષેપાત્મક વિધાનો ન કરે.

(૬) ભગવાન મહાવીરે પ્રસાદ લીધો જ નથી, ત્યાં વહેંચવાની ક્યાં વાત આવશે? તેઓ તો આત્મનિષ્ઠ વ્યક્તિ છે. પોતાના આત્મસ્વરૂપમાં તેઓ ઓગળી ગયા હતા. તેમની તે સ્થિતિનું પ્રતિપાદન કરવા માટે પશ્ચાદ્‌વર્તી આચાર્યોએ આ બધાં લક્ષણોનો સહારો લીધો હોય અને તેનાં સૂત્ર નિરમ્યાં હોય તેમ માનવું તે જ વધુ ઊચિત ગણાય.

(૭) આદિ શિવ ઊઁકાર છે – એ વિધાન શિવમાર્ગ માટેની વક્તાની આસ્થામાંથી ઊગેલું વિધાન છે. આસ્થા હંમેશાં વંદનીય અને આદરણીય હોય છે. વક્તાની આસ્થા ભગવાન શંકર માટે આ પ્રકારની હોય તો તેમાં કશું જ ખોટું નથી. તેમને તેમ આસ્થા ધરાવવાનો તથા તેમ કહેવાનો અધિકાર છે.

પરંતુ તે જ પ્રમાણે, કોઈ જિનમાર્ગી વ્યક્તિ જો એવી આસ્થા ધરાવતી હોય કે આદિનાથ જ આદિપુરુષ છે, તો તેને તેવી આસ્થા ધરાવવામાં કોઈએ નિષેધ કે વિરોધ કે ટીકા કરવાં ન જોઈએ. વક્તા જ્યારે 'આદિ શિવ ઓંકાર' કહે, ત્યારે તેમાં ધબકતી તેમની આસ્થાનો સ્વીકાર કરીએ જ, પરંતુ તે વાક્યમાંથી ટપકતી અન્ય માટેની ટીકા બિલકુલ આદરપાત્ર નથી; અસ્વીકાર્ય છે, એમ પણ કહેવું જોઈએ.

* * *

સાર એટલો જ કે પોતાના મત અને માન્યતાનું મહિમામંડન અવશ્ય કરી શકાય. તેમ કરતાં પોતે જે મતનો અસ્વીકાર કરતા હોય તેના વિષે વિવેકપૂર્ણ નિષેધ કે ટીકાટિપ્પણ પણ કરી જ શકાય. પરંતુ અવાસ્તવિક અને અણછાજતાં કે વિવેકવિહોણાં 'પ્રજ્ઞા-અપરાધ' જેવાં વિધાનો કે આક્ષેપો કરવામાં આવે, ત્યારે વક્તાની અભિજ્ઞતા વિષે કોઈ પ્રશ્ન ઉઠાવે, તો તેને રોકી નહીં શકાય.

✦ ✦ ✦

## હોળી કેવી રીતે ઉજવશું?

**હિંદી : શૈલેષ કાપડિયા ● ગુજરાતી : પુષ્પા પરીખ**

**સૌ** પ્રથમ આપણે હોળીનો તહેવાર કેવી રીતે શરૂ થયો તે જોઈએ. દરેક તહેવાર કંઈ ને કંઈ ઉદ્દેશ સાથે જ શરૂ થયેલો જણાશે. હોળીનો તહેવાર ફાગણ સુદ ૧૫ના રોજ મનાવવામાં આવે છે. જૈનતેર સમાજમાં એમ મનાય છે કે સત્‌યુગમાં પ્રહ્‌લાદ થઈ ગયા તે રામના પરમ ભક્ત હતા. તેમના પિતા હિરણ્યકષ્યપ રામના પાકા દુશ્મન અને રામનું નામ લેવામાં પણ પાપ માનતા. આ કારણે પિતા-પુત્ર એકબીજાના દુશ્મન બની ગયા. બંને વચ્ચે એટલી બધી દુશ્મનાવટ વધી ગઈ કે એકના એક પુત્રને તેમની બહેન હોલિકાને કહ્યું કે "પ્રહ્‌લાદને લઈને અગ્નિ સ્નાન કરાવી દે. તને તો અગ્નિદેવનું વરદાન છે કે તું અગ્નિમાં નહીં સળગી જાય."

હોલિકા પ્રહ્‌લાદને ખોળામાં લઈને આગમાં પ્રવેશ કરે છે અને ત્યાં તો ધાર્યા કરતાં અવળું જ થાય છે. હોલિકા સળગી જાવે છે અને પ્રહ્‌લાદ બચી જાય છે.

પરંતુ જૈન સિદ્ધાંત પ્રમાણે એમ મનાય છે કે જયપુરમાં મનોરથ નામના એક શેઠ રહેતા હતા. તેમની પત્નીનું નામ લક્ષ્મીમતી હતું. બન્ને જણા જિન ભક્ત હતા. તેમને હોલિકા નામની એક પુત્રી હતી. તેની ઉંમર થતા માતાપિતાએ તેના લગ્ન કરવાનું નક્કી કર્યું અને પરણાવી પણ ખરી. બદનસીબે ચોથા જ દિવસે બિચારી દીકરી વિધવા થઈ. યુવરાજ કામપાલ હોલિકા પર મોહિત થઈ ગયા અને સંદેશવાહક મારફત પોતાની ઇચ્છા પૂર્ણ કરી અને હોલિકાને પત્ની બનાવી.

જ્યારે હોલિકાને પોતાના પદભ્રષ્ટનું કારણ સંદેશવાહકની પત્ની (દૂતી) છે, તેની ખબર પડી ત્યારે જ્યાં દૂતી સૂતી હતી તે મકાનને આગ લગાડી. દૂતી તો ત્યાર બાદ વ્યંતરી બની અને નગરમાં જાતજાતના રોગ ફેલાવ્યા. ત્યારબાદ પ્રજામાં વસનારા ઘણાને સ્વપ્નમાં જણાવ્યું કે ફાગણ સુદ ૧૫ના રોજ લાકડા ભેગા કરી સળગાવજો જેથી પ્રજામાં ચોક્કસ શાંતિ ફેલાશે. આવો ઇતિહાસ મળે છે પરંતુ આ સર્વે મિથ્યાત્વ જ છે. ફાગણ સુદ ૧૫ તો પવિત્ર અષ્ટાહ્નિકા વ્રત ગણાય છે. આ દિવસે તો પ્રભુભજન, ભક્તિ કરી જીવન સફળ કરવું જોઈએ.

આજે દેશમાં ઠેર ઠેર હોળીનો તહેવાર બહુ ખરાબ રીતે ઉજવાય છે. કાદવ, કિચડ, માટી, રંગ વગેરેથી હોળી રમાય છે તે ખરેખર ધૃણાસ્પદ છે. આ કારણે એક સ્થળે તકરારો પણ થાય છે. અંતે સ્વાસ્થ્ય અને ધન બંને બરબાદ થાય છે.

આજે સંસારમાં નરસંહારની હોળી સળગી રહી છે. અન્ન સંકટ, શિક્ષાનો અભાવ, વૈમનસ્ય, વિકટ પરિસ્થિતિઓમાં નિર્ધનોના શ્વાસ આકાશ તરફ તાકી રહ્યા છે. માટે આજે આપણું તો કર્તવ્ય છે કે ફાટફૂટ, અનૈક્ય, વૈમનસ્ય, ગરીબોની બૂમને આ હોળીમાં સળગાવી દઈએ અને તેની જગ્યાએ ઐક્ય, શાંતિ, પ્રેમ, સંગઠન, સચભાવને અપનાવીએ જેથી વિકૃત હોળી હંમેશ માટે શાંત ના થાય.

તો બરાબરને! આપણે આ રીતે જ હોળી મનાવશું ને!

✦ ✦ ✦

સંપર્ક : ૦૮૮૨૮૧ ૩૯૫૭૦

# વધુમાં વધુ અવિશ્વાસને પાત્ર કોણ? શ્વાસોશ્વાસ

પૂ. આચાર્યશ્રી વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

**આ** દુનિયામાં વિશ્વાસ મૂકવાલાયક કોણ અને ન મૂકવા લાયક કોણ? એવો પ્રશ્ન થાય તો આપણો જવાબ લગભગ એવો જ રહેવાનો કે, દગાખોર, માયાવી, શત્રુ, વિશ્વાસઘાતી, અસત્યવાદી, હિંસક પશુઓ, અગ્નિ, આદિ ધૂતારા તત્વો પર કદી વિશ્વાસ ન મૂકી શકાય. વિશ્વાસ મૂકવો જ હોય, તો સગાંવહાલાં, મિત્ર, વફાદાર નોકર-ચાકર, પુત્ર-પુત્રી-પત્ની આદિ સમર્પિત પરિવાર ઉપર તો નિશ્ચિત બનીને વિશ્વાસ મૂકી શકાય. આપણા આવા જવાબથી પ્રસ્તુત સુભાષિતનો જવાબ સાવ જ અલગ પડી જાય છે. એ કહે છે કે, શ્વાસ ઉપર વિશ્વાસ ક્યારેય ન મૂકવો, કારણકે શ્વાસોશ્વાસની ચાલતી ધમણ અધવચ્ચે ક્યારે અણધારી જ અટકી જાય, એ કહેવાય નહીં.

શ્વાસ ઉપર વિશ્વાસ ન મૂકવાની આ વાત આપણી કલ્પનામાંય ક્યારેય આવી નહીં હોય, કે વાતચીતમાં પણ ક્યારેય સ્થાન પામી નહીં હોય, એવી અવિશ્વાસને પાત્ર તરીકે શ્વાસનું વિધાન વાંચીને આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ, તો નવાઈ નહીં. પરંતુ સંસ્કૃતના એક સુભાષિતકારે આ વિધાન કર્યું હોવાથી એની સામે આંખ આડા કાન તો થઈ શકે જ નહીં, માટે શ્વાસ કઈ રીતે વિશ્વાસ મૂકવા લાયક નથી, એ વાતને ગંભીરતાપૂર્વક વિચારી લેવી જ રહી.

અણધાર્યા મોતના, એકાએક જ હાર્ટફેઈલ થઈ જવાના, નખમાંય રોગ ન હોય, એવી વ્યક્તિની શ્વાસોશ્વાસની ધમણ અણધારી જ અટકી જવાના બનાવો આ દુનિયામાં કંઈ ઓછા બનતા નથી! અખબારોનાં પાને તો આવા બનાવો અવારનવાર વાંચવા મળતા જ હોય છે, તદુપરાંત આપણી નજર સમક્ષ પણ અણધારી એવી એવી દુર્ઘટનાઓ બની જતી જોવા મળતી હોય છે કે, એમાં ઊંડાણથી ડોકિયું કરીએ, તો દુનિયામાં વધુમાં વધુ અવિશ્વાસને પાત્ર આપણને શ્વાસ જણાયા વિના ન જ રહે.

જ્યાં લગી શ્વાસ, ત્યાં લગી આશ. આપ મૂએ પીછે બુડ ગઈ દુનિયા. આ અને આવી કહેવતોનાં કથનનું તાત્પર્ય એટલું જ છે કે, શ્વાસની ધમણ ચાલુ છે, ત્યાં સુધી જ આપણે માટે આખું વિશ્વચક્ર ચાલુ છે, જ્યાં આ ધમણ અટકી ગઈ કે, ઘરઘરાટી બોલવવાપૂર્વક ચાલુ રહેલું કે ચાલુ રહેનારું વિશ્વચક્ર આપણા માટે તો એકદમ ઠપ્પ થઈ ગયા જેવું જ ગણાવાનું. એક પ્રેરક પંક્તિ છે : ધમણ ધખંતી રે રહ ગઈ, બુજ ગઈ લાલ અંગાર, એરણ કો ઠબકો મિટ્યો, ઉઠ ચલ્યો રે લુહાર! લુહારનો અર્થ અહીં જીવ-આત્મા કરવાનો છે. આમ, જીવલોકની વિરાટ દુનિયામાં શ્વાસ જ બધું છે. શ્વાસ જ સર્વે સર્વા છે. આપણા માટે ચાલતા નાનામોટા તમામ ચક્રોનો ચાલક શ્વાસ જ છે. એ જ્યાં કોઈ દગાદાર દેવાળિયાની જેમ હાથ ઊંચા કરી દે છે, ત્યાં જ આપણી નાની કે મોટી તમામ સૃષ્ટિનું ચક્ર એકાએક જ ખોરવાઈ પડીને ખાડે જતું હોય છે. આપણાં જીવન-જહાજે હજી સફર જ શરૂ કરી હોય કે મઝધારે આવ્યું હોય, કિનારો હજૂ દૂરદૂર દેખાતો હોય, પણ શ્વાસના સઢ જો આડા ફાટે, તો એ પળવારમાં જ જીવન-જહાજને જળસમાધિ લેવડાવતા હોય છે, આ સત્ય કોનાથી અજાણ્યું છે? અને જન્મ મળી ગયા બાદ તો મૃત્યુ ચોક્કસ કયા સ્થળે અને કઈ પળે ટપકી પડશે, એ તો કોણ ભાખી શકે? આથી સુભાષિતનું એ સત્ય સાવ સાચું જ જણાય છે કે, શ્વાસ વિશ્વાસ કરવા લાયક પાત્ર નથી, નથી ને નથી જ.

જે વિશ્વાસ કરવા લાયક નથી, એ શ્વાસ પર આપણને આંધળો વિશ્વાસ છે. એથી આપણે ધર્મ-કાર્યો ક્યારેય ઉગતી જ નથી અને હાથ ખંખેરતા - ઘસતાં ચાલતા થવાના આપણા હાલહવાલ સરજાતા હોય છે. જો શ્વાસ પર આપણે વિશ્વાસ ન મૂકતા હોઈએ, તો ધર્મકાર્ય કરવાની તક મળી આવતા જ એને કાલ ન પર ઠેલતા આપણે આજને અને અત્યારની ઘડીને જ વધાવી લેતા ગાઈ ઉઠીએ કે, આજની ઘડી છે રળિયામણી. વધુમાં એવી કડી પણ આપણે ગાયા વિના ન રહીએ કે, આજ આજ ભાઈ અત્યારે!

ભૌતિક સૃષ્ટિની કોઈ વાત આવે, ત્યારે આપણે એને કાલ પર ઠેલતા નથી અને શ્વાસ સામે અવિશ્વાસ જાહેર કરવાપૂર્વક એ કાર્યને અબઘડી જ આવકારી લેતા હોઈએ છીએ, જ્યારે આધ્યાત્મિક સૃષ્ટિની કોઈ વાત આવતા જ આપણે એને કાલ ઉપર ઠેલીને શ્વાસ પર પૂરેપૂરો વિશ્વાસ વ્યક્ત કરતા હોઈએ છીએ. શ્વાસ ઉપર વિશ્વાસ મૂકવા-ન-મૂકવાની આપણી આવી બેધારી અને સગવડિયા રીત-નીતિને કારણે જ આપણા જીવનના મોટાભાગને પાપ કાર્યો જ રોકી લેતા હોય છે અને ધર્મકાર્યોને ત્યાં સમ ખાવા પૂરતો પણ અવકાશ મળતો હોતો નથી. એથી પુણ્યની થોડીઘણી મૂડી ગતભવમાંથી લઈને આવેલા આપણે એ મૂડીમાં થોડોય વધારો કર્યા વિના એને પુણ્ય મૂડીને સફાચટ કરી નાખવાપૂર્વક પાપના ગાંસડા-પોટલાં બાંધીને આ ભવની મુસાફરી પૂર્ણ થતા હાથ ઘસતા દુર્ગતિમાં ઘસડાઈ જઈએ છીએ. આવી દુર્દશાનો વહેલી તકે અંત આણવો

હોય, તો સુભાષિતનો સંદેશ બરાબર સાંભળી લઈને શ્વાસ પર વિશ્વાસ ન કરવાની એની સલાહને શિરોધાર્ય કરવાનું શાણપણ અદા કરવામાં, હવે મોડું ન કરતા જાગ્યા ત્યારથી લાધેલી સવારને સત્કારી જ લેવી જોઈએ.

મહાભારતની કથાનો એક પ્રસંગ પ્રેરક બને એવો હોવાથી વિચારી લઈએ : યુધિષ્ઠિરે જ્યારે કોઈ ધર્મ-કાર્યને કાલ પર ઠેલ્યું, ત્યારે ભીમને આશ્ચર્ય થયું કે, કાલ ઉપર એટલે શ્વાસ ઉપર આવો વિશ્વાસ! શું કાલ ઉગવાની વાત છાતી ઠોકીને આ રીતે થઈ શકે ખરી? બંધુને બોધ આપવા ભીમે શત્રુ પર વિજય મેળવ્યાની ખુશાલીમાં વગાડાતી ભંભા વગાડવા માંડી. અચાનક જ વિજયભંભાનો નાદ સાંભળીણે યુધિષ્ઠિરે એના વાદક તરીકે ભીમને બોલાવીને પૂછ્યું કે, ક્યા શત્રુ પર વિજય મળ્યાની ખુશાલીમાં આ વિજયભંભા વગાડવામાં આવી?

ભીમે તરત જ જવાબ વાળ્યો કે, વડીલબંધુ! આપે કાળરાજ પર આંશિક વિજય મેળવ્યો છે, એની ખુશાલીમાં આ વિજયભંભા વાગી છે. આજના એક કાર્યને આપે કાલ પર ઠેલીને એક રીતે તો એવું સાબિત કર્યું કે, કાલ સુધી મેં કાળરાજ પર વિજય મેળવ્યો છે. તો જ આપ આજના કાર્યને કાલે કરવાનો કોલ આપી શકો ને? આપના આ 'કાળ-વિજય'ને વધાવવા જ મેં વિજય-ભંભા વગાડી છે.

ભીમનો આ બોધક કટાક્ષ સાંભળીને યુધિષ્ઠિરે કાનની બૂટ પકડીને ભૂલ કબૂલી લીધી અને શ્વાસ પર વિશ્વાસ ન મૂકવાની વાતને વધાવી લઈને એ કાર્ય-કર્તવ્ય તરત જ અદા કરવા યુધિષ્ઠિર કટિબદ્ધ બન્યા.

આપણે શ્વાસ પર જ્યાં અને જ્યારે વિશ્વાસ મૂકવા જેવો નથી, ત્યાં અને ત્યારે વિશ્વાસ મૂકીએ છીએ તેમ જ શ્વાસ પર જ્યાં અને જ્યારે અવિશ્વાસ જાહેર કરવા જેવો છે, ત્યાં અને ત્યારે અવિશ્વાસ વ્યક્ત કરતા નથી, આના કારણે જ માનવભવ પામ્યા પછી પણ મુક્તિના મંગલદ્વાર ખોલવા માટેની જે સાધનાને જ મુખ્યતા આપવાની છે, એ આપી શકતા નથી. આના વિપાકરૂપે દુર્ગતિઓના દ્વાર આપણા માટે સ્વયં ખુલી જાય અને આપણને એ ઉંઘતા જ ઝડપી લે તો નવાઈ નહીં.

જે માનવભવ પામીને કલ્યાણની લખલૂટ કમાણી કરી લેવાની છે, એ જ માનવભવની ધૂમ ધર્મકમાણી કરાવી આપવા સમર્થ મોસમને આપણે જો પાપના ગાંસડા-પોટલા બાંધવામાં જ વેડફી નાંખતા હોઈએ, તો તે શ્વાસ પર અંધ-વિશ્વાસ મૂકી દેવાની ભૂલના કારણે જ! હવે આ બાજીને હજી પણ જો સુધારી લેવી હોય, તો સુભાષિતના સંદેશને કાન-ધ્યાન દઈને સાંભળીએ અને ભારોભાર અવિશ્વાસ મૂકવા લાયક શ્વાસ પર આંધળો વિશ્વાસ મૂકી દેવાનું બંધ કરી દઈએ. કારણકે આ શ્વાસ કોઈપણ રીતે વિશ્વાસને પાત્ર નથી.

✦ ✦ ✦


આજ અને આવતીકાલ માટે સર્વથા પ્રસ્તુત મહાત્મા ગાંધીના જીવન, કાર્ય અને દર્શનનું અનુશીલન પરિશીલન તેમજ અવગાહન કરતું માસિક પત્ર

**'અકાલ પુરુષ'**

પ્રબુદ્ધ ચિંતકો, અભ્યાસીઓ, અનુભવીઓ, કર્મશીલોની કલમે ગાંધી વિમર્શ.

નમૂનાની નકલ મેળવવા માટે અને લવાજમ માટે :

સુશીલ ટ્રસ્ટ, કતીરા, ઈ, તોરલગોર્ડન પછી, મુન્દ્રા રિલોકેશન, ભુજ (કચ્છ) 370 001.

લવાજમ - વાર્ષિક રૂ. 200 પંચવાર્ષિક રૂ. 1000

લવાજમની રકમ ટ્રસ્ટના ખાતામાં સીધી જમા કરાવી શકો અથવા સુશીલ ટ્રસ્ટ (Sushil Trust)ના નામે ચેક મોકલી શકો. ખાતા નં. 9048100000060, બેન્ક ઓફ બરોડા, નીલપર (Bank of Broda, Nilpar), IFSC No. BARB0DBNIL, PAN No. AAATS9922R. રકમ સીધી જમા કરાવ્યાની જાણ કરવી અને તેની સ્લીપ મોકલવી. કુરિયર, રજિસ્ટર્ડ ટપાલ વગેરે ઉપરના ભુજના સરનામે જ મોકલવાં 'અકાલ પુરુષ' સંબંધી પૃચ્છા 02832-230143 પર કરવી. વોટ્સએપ નં. 9408723930 (બેન્ક રસીદ કે બેન્ક વિગત મોકલવા માટે) Email ID- shashwatgandhi1869@gmail.com

# સોલંકીઓ અને જૈનો

કિશોરસિંહ સોલંકી

**આ**જે મને 'સોલંકીઓ અને જૈનો' વિશે વાત કરવાનું કહેવામાં આવ્યું છે. યોગાનુંયોગ હું પણ સોલંકી રાજપૂત છું. અમે/અમારું કુટુંબ વંશપરંપરાગત રીતે શૈવ છીએ. આજની તારીખમાં પણ અમારા કુટુંબમાં કોઈ જૈનધર્માવલમ્બી નથી. જો કે આ સાથે મારે નિખાલસતાથી કહેવું રહ્યું કે હું જન્મથી શૈવ છું એટલું જ. શિવ મંદિરમાં પૂજા-અર્ચના કરવા ક્યારે ગયો હોઈશ તે યાદ નથી. મારે મન શૈવ-જૈન-વૈષ્ણવ-સ્વામિનારાયણ વગેરે ધર્મો/સંપ્રદાયો એક સમાન છે. અલબત્ત આ તો મારી અંગત વાત થઈ.

વ્યાખ્યાનના શીર્ષકમાં 'સોલંકીઓ' શબ્દ ગુજરાતના શાસક 'સોલંકીવંશ' માટે અભિપ્રેત છે. આ વંશે ગુજરાતમાં ઈ.સ. ૯૪૨ થી આશરે ૧૨૯૯/૧૩૦૪ સુધી શાસન કર્યું હતું. આ વંશનો સ્થાપક મૂળરાજ - ૧લો હતો, જેણે ઈ.સ. ૯૪૨માં ચાવડાવંશના અંતિમ શાસક અને પોતાના મામા સામંતસિંહ પાસેથી સત્તા આંચકી લઈને સોલંકીવંશનું શાસન શરૂ કર્યું હતું. આ વંશનું શાસન આશરે ૩૬૦ વર્ષ ચાલ્યું. તેના અંતિમ શાસક કણદેવ – બીજાના શાસન દરમ્યાન દિલ્હીના સુલતાન અલ્લાઉદીન ખીલજીએ પોતાના સરદાર ઉલુઘખાનને ગુજરાત ઉપર આક્રમણ કરવા માટે આશરે ઈ.સ. ૧૨૯૯/૧૩૦૪માં મોકલી આપતાં તેણે કર્ણદેવને હરાવીને પાટણને મુસ્લિમ શાસન હેઠળ આણ્યું હતું.

સંબંધિત વિષયના પ્રારંભ પૂર્વે સ્પષ્ટતા કરવી રહી કે આપણે ગુજરાતમાં જેને 'સોલંકી' કહીએ છીએ તેને સંસ્કૃતમાં 'ચૌલુક્ય' કહે છે. ભારતના દક્ષિણ ભુભાગમાં 'ચાલુક્ય' શબ્દ પ્રચલિત છે. આ વંશની ઉત્પત્તિ અંગે અનેક પૌરાણિક કિંવદન્તીઓ પ્રચલિત છે. ઉદા. તરીકે દેવોની પ્રાર્થના સ્વીકારીને બ્રહ્માએ પોતાના ચુલુકમાંથી 'ચાલુક્ય' નામે વીર ઉત્પન્ન કરતાં તેમાંથી ચૌલુક્યવંશ પેદા થયો વગેરે. આપણા સુપ્રસિદ્ધ ઇતિહાસવિદ હરિપ્રસાદ શાસ્ત્રીએ ગુજરાતના ચૌલુક્યો અને દક્ષિણના ચાલુક્યો સંબંધે નોંધ્યું છે કે ''વાસ્તવમાં ચાલુક્યો અને ચૌલુક્યો એક જ કુળના છે, છતાં દખ્ખણના રાજવંશો માટે 'ચાલુક્ય' અને ગુજરાતના રાજવંશો માટે ચૌલુક્ય શબ્દ રૂઢ થયો છે એ લક્ષમાં રાખવું ઘટે. ગુજરાતી 'સોલંકી' શબ્દ પણ ચૌલુક્ય રૂપ સાથે સંબંધ ધરાવે છે.'' (ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ-૪ પૃ. ૧૬).

આશ્ચર્ય તો એ છે કે સોલંકીવંશનો સ્થાપક મૂળરાજ કોણ હતો તે વિશે આપણી પાસે કોઈ જ આધારભૂત માહિતી નથી. તે શૈવ હતો અને ચાવડાવંશના અંતિમ શાસક સાંમતસિંહનો ભાણેજ હતો. પરંતુ તેના પિતા કોણ? તે ભિનમાલ, કાન્યકુબ્જ કે કનોજના પ્રતિહારવંશનો? ખુદ હેમચંદ્રાચાર્યે મૂળરાજ માટે રાજિનન્દેન (દ્વયાશ્રય, સર્ગ ૪/૬) અને ચંડિકામાતનન્દેતિ (૧/૯૧૮) ઉલ્લેખ કર્યો છે. મૂળરાજનો પિતા રાજિ કનોજના પ્રતિહાર રાજ્યમાં ગુર્જરદેશનો સાંમત હતો અને અણહિલવાડના ચાવડા શાસક સાંમતસિંહની બહેન લીલાદેવીને પરણ્યો હતો. તેવી વાતો પ્રબંધોમાં નોંધાયેલી છે. મૂળરાજ શૈવધર્માવલમ્બી હતો. તેણે અણહિલવાડમાં સોમેશ્વરનો ત્રિપુરુષપ્રાસાદ, સિદ્ધપુરમાં રૂદ્રમહાલય વગેરે શૈવ મંદિરો બંધાવ્યાં હતાં, તેમજ 'પ્રબંધચિંતામણી'માં જણાવ્યાનુસાર તેણે અણહિલવાડમાં મૂલરાજ – વસહિકા નામે જૈનચૈત્ય અને મુંજાલદેવસ્વામીનો પ્રાસાદ બંધાવ્યાં હતો.

મૂળરાજ - ૧લાનો પુત્ર ચામુંડરાજા (ઈ.સ. ૯૯૭-૧૦૧૦) જૈનધર્મમાં સક્રિય રસ ધરાવતો હતો એ તેના દાનશાસન પરથી પણ સ્પષ્ટ થાય છે. (હરિપ્રસાદ શાસ્ત્રી. ગુ.રા.સાં.ઈ., ભાગ-૪, પૃ.-૩૧).

દુર્લભરાજ (ઈ.સ. ૧૦૧૦ થી ૧૦૨૨) ''અનેકાંતમત – જૈન દર્શન તરફ અનુરાગ ધરાવતો હતો. આ રાજાએ જૈન મંદિરો પણ બંધાવ્યાં.''

ભીમદેવ – ૧લો (૧૦૨૨-૧૦૬૪) તેના સમયમાં તેના અમાત્ય વિમલ મંત્રીએ આબુમાં 'વિમલવસતિ'નું બાંધકામ કરાવ્યું. આ જ સમયમાં અને પરવર્તીકાળમાં અંબાજીમાં કુંભારિયાનાં જૈનમંદિરો પણ બંધાયાં.

કર્ણદેવ – ૧લા (ઈ.સ. ૧૦૬૪-૧૦૯૪) એ ગંભૂતા (ગાંભુ) વિભાગમાં તીર્થંકર સુમતિનાથદેવની વસતિને ભૂમિદાન આપ્યું હતું. (હરિપ્રસાદ શાસ્ત્રી. ગુ.રા.સાં.ઈ., ભાગ-૪, પૃ.-૪૧).

સિદ્ધરાજ જયસિંહ (વિ.સં. ૧૧૫૦-૧૧૯૯) શૈવ – 'પરમમાહેશ્વર' હતો. સોલંકીવંશના શાસનમાં સિદ્ધરાજ – કુમારપાળનો સમય સુવર્ણયુગ તરીકે ઓળખાય છે. આ સમયગાળામાં રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે ઘણી મોટી સિદ્ધિઓ હાંસલ કરી હતી.

જયસિંહ સિદ્ધરાજ વિશે વિગતે વાત કરતાં પૂર્વે હેમચંદ્રાચાર્ય વિશે થોડુંક જાણી લઈએ. તેઓશ્રી યુગપ્રભાવક મુનિવર છે. આજના

ગુજરાતની સંસ્કારિતા તેમની દેણ છે. ધૂમકેતુએ આચાર્યશ્રી વિશે કરેલું સુચિંતનીય વિધાન : ''સૂર્યોદય સમયે સરસ્વતી – નદીકિનારે ઊભેલી એક મહાન શક્તિ, પોતાના પ્રકાશથી – તેજથી આખા ગુજરાતને છાઈ દેતી કલ્પો અને તમને હેમચન્દ્રાચાર્ય દેખાશે'' હકીકત પ્રેરિત અનુભવાય છે. આજના ગુજરાતમાં પ્રચલિત સર્વધર્મ સમભાવનાની પ્રસ્થાપનામાં રાજર્ષિ સિદ્ધરાજ અને કુમારપાળનું પ્રદાન ધ્યાનાર્હ બની રહે છે. હેમચંદ્રાચાર્યના જન્મ પૂર્વે તેમના ગુરુ શ્રી દેવચંદ્રસૂરિએ તેમના પિતા ચાચિગ અને માતા પાહિણીને જણાવ્યું હતું કે ''તમારો પુત્ર જૈનશાસનનો ઉદ્ધારક મહાપ્રભાવક પુરુષ થશે'', જે સત્ય પુરવાર થયું છે. તેમનો જન્મ ધંધૂકામાં વિ.સ. ૧૧૪૫ની કાર્તિકી પૂર્ણિમાએ થયો હતો. તેમને પાંચ વર્ષની વયે સં. ૧૧૫૦ દીક્ષા આપવામાં આવી હતી અને સતત અભ્યાસ અને કઠોર તપથી શાસ્ત્રજ્ઞાન હાંસલ કરતાં ૧૭ વર્ષની વયે સંવત ૧૧૬૨માં આચાર્યપદ આપવામાં આવ્યું અને નામ હેમચંદ્ર રાખવામાં આવ્યું. આચાર્યપદવી બાદ વિહાર કરતાં કરતાં ગુજરાતની રાજધાની અણહિલવાડ પાટણમાં પધારતાં તેમના જ્ઞાનની કીર્તિ પતાકા રાજસભામાં પહોંચી ગઈ.

આ વિદ્યાપ્રેમી રાજા અને જૈનમુનિભગવંતની મુલાકાત વિશે પ્રચલિત દંતકથાઓ પ્રમાણે –

એકાદ પ્રસંગે રાજાની સવારી નગરમાંથી પસાર થતાં રાજાને ઉદ્દેશીને હેમચંદ્રાચાર્યે કહ્યું કે –

**કારય પ્રસરં સિદ્ધ! હસ્તિરાજમશઙ્કિતમ્ ।**
**ત્રસ્યન્તુ દિગ્ગજાસ્તેન ભૂસ્ત્વયૈવોદ્ધૃતા યતઃ ॥**

અર્થાત્ 'હે સિદ્ધરાજ! તમારા આ શ્રેષ્ઠ હસ્તિરાજને શંકા-રહિતપણે આગળ ચલાવો, અને તેનાથી દિગ્ગજો પણ ત્રાસ પામો, કારણ, પૃથ્વીનો ઉદ્ધાર તમે જ કર્યો છે.'

વિ.સં. ૧૧૮૧ (ઈ.સ. ૧૧૨૫)માં સિદ્ધરાજની અધ્યક્ષતામાં શ્વેતાંબર દેવસૂરિ અને દિગંબરસૂરિ કુમુદચંદ્ર વચ્ચે વાદવિવાદ યોજાયો હતો, જેમાં શ્વેતાંબર મતનો વિજય થતાં ગુજરાતમાંથી દિગમ્બરનાં વળતાં પાણી થયાં. આ સભામાં હેમચંદ્રાચાર્ય હાજર હતા.

આ ઘટના બાદ મહારાજા સિદ્ધરાજ જયસિંહ ધારાધ્વંશ કરીને રાજા યશોવર્માને કેદ કરીને રાજધાની પાટણમાં પધારે છે તે સમયે રાજાને આવકારવા એકઠી થયેલી જનમેદનીમાં હેમચંદ્રાચાર્ય પણ હાજર હતા. તેમણે રાજાની પ્રશસ્તિ કરતાં કહ્યું હતું કે :

**ભૂમિં કામગવિ! સ્વગોમયરસૈરાસિઞ્ચ રત્નાકરાઃ!**
**મુક્તાસ્વસ્તિકમાતનુધ્વમુડત! ત્વં પૂર્ણ કુમ્ભો ભવ!**
**ધૃત્વા કલ્પતરોર્દલાનિ સરલૈર્દિગ્વારણાસ્તોરણા–**
**ન્યાધત્ત સ્વકરૈર્વિજિત્ય જગતીં નન્વેતિ સિદ્ધાધિપઃ ॥**

**'પ્રભાવકચરિત્ર'**

(પૃથ્વીની સમૃદ્ધિ, સમુદ્રની સમૃદ્ધિ, સંસ્કારની સમૃદ્ધિ અને કલ્યાણજીવનની શક્યતા – એ સઘળું પ્રજાઓના પરાક્રમી વિજયમાંથી ઉદ્ભવે છે હારેલી પ્રજા આ સઘળું ગુમાવે છે. આજે સિદ્ધરાજ વિજય કરીને આવ્યો છે, માટે હે કામધેનુ! તું તારા ગોરસથી પૃથ્વીને સીંચી દે! હે રત્નાકરો! તમે તમારા મૌક્તિકોથી સ્વસ્તિક પૂરી દો! હે ચંદ્ર! પૂર્ણકુંભ બની જા! અને હે દિગ્ગજો! તમે પણ કલ્પલતાનાં તોરણો બનાવો, કારણ કે સિદ્ધરાજ પૃથ્વીને જીતીને ઘેર આવે છે!).

રાજર્ષિ સિદ્ધરાજ ધારાનગરી ઉપર વિજય મેળવીને ભોજનો 'સરસ્વતી ભાંડાગાર' પાટણમાં લાવ્યો હતો. સામાન્ય રીતે લૂંટમાં આર્થિક સંપત્તિ, રાણીઓ વગેરે લાવવામાં આવે છે, પરંતુ આ વિદ્યાપ્રેમી રાજા તો જ્ઞાનભંડાર ઉપાડી લાવે છે. આ ભંડારમાં રાજા ભોજનો વ્યાકરણ ગ્રંથ 'સરસ્વતીકંઠાભરણ' જોઈને તેના જેવો ગ્રંથ રચવા માટે પોતાના પંડિતોને જણાવતાં કહ્યું કે –

**'વિદ્વાન્ કોડપિ કથં નાસ્તિ દેશે વિશ્વેડપિ ગૂર્જરે'**

કહીને સૌની સામે જોયું. શું ગુજરાતમાં કોઈ વિદ્વાન નથી?

'સર્વે સંભૂય વિદ્વાંસો હેમચન્દ્રં વ્યલોક્યન્' – હેમચંદ્રાચાર્યના સામર્થ્યની સૌને ખાતરી હતી, સૌએ હેમચંદ્રાચાર્ય સામે જોયું. આ સમયે સિદ્ધરાજે મુનિરાજને કહ્યું :

**યશો મમ તવ ખ્યાતિઃ પુણ્યં ચ મુનિનાયક ।**
**વિશ્વલોકોપકારાય કુરુ વ્યાકરણં નવમ્ ॥**

રાજાની આજ્ઞાનો સ્વીકાર કરતાં હેમચંદ્રાચાર્યે કાશ્મીરમાંથી વ્યાકરણગ્રંથો મંગાવી આપવાનું જણાવતાં રાજાએ શીઘ્ર મંગાવી આપતાં આચાર્યશ્રી એ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' વ્યાકરણ ગ્રંથની રચના કરી.

'સિદ્ધહેમશબ્દાનુશાસન' વ્યાકરણ ગ્રંથની રચના પૂર્ણ થતાં આ ગ્રંથને હાથીની અંબાડી ઉપર મૂકીને રાજા પોતે અને આચાર્યશ્રી પગપાળા નગરચર્યા કરીને પોતાના ગ્રંથભંડારમાં આ ગ્રંથને પધરાવ્યો હતો. તત્કાલીન સમયના વિશ્વ ઇતિહાસમાં ક્યાંય જોટો ન જડે તેવો ગ્રંથલોકાર્પણ સમારોહ વિદ્યાપ્રેમી રાજર્ષિ સિદ્ધરાજે યોજ્યો હતો, જેમાં ગ્રંથકર્તા પ્રત્યેનો શ્રદ્ધાભાવ અને જ્ઞાનના ઉપાસક તરીકે રાજાનાં દર્શન થાય છે. વળી, આ ગ્રંથની નકલો કરાવવા ૩૦૦

જેટલા લહિયાઓ રોકીને તેની નકલો દેશ-પરદેશના જ્ઞાનભંડારોમાં મોકલી આપવામાં આવી હતી. આ ગ્રંથના પ્રત્યેક પ્રકરણના અંતમાં રાજાના વંશની પ્રશસ્તિ કરતા કુલ ૩૫ શ્લોકોની રચના કરી છે. આ વ્યાકરણ ગ્રંથનાં ઉદાહરણો પૂરાં પાડવા માટે રાજાના વંશ સોલંકીવંશને વિષયવસ્તુ તરીકે સ્વીકારીને 'ચૌલુક્યવંશકીર્તન' હેતુ સંસ્કૃતમાં 'દ્વયાશ્રય મહાકાવ્ય'ની રચના કરી જેમાં મૂળરાજથી સિદ્ધરાજ સુધી ૧૫ સર્ગો અને ૧૬-૨૦ સર્ગો કુમારપાળ માટે ફાળવ્યા છે. ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ સંબંધી મહત્ત્વપૂર્ણ માહિતી આપતો આ એક મહત્ત્વપૂર્ણ આધારસ્ત્રોત છે. 'પ્રાકૃત દ્વયાશ્રમ' કુમારપાળ માટે ફાળવ્યું છે. આચાર્યશ્રીની વિદ્વત્તપ્રતિભાથી રાજા ભારે પ્રભાવિત થયો હતો. આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજી એ આ સંદર્ભે નોંધ્યું છે કે ''ગૂર્જરેશ્વર ભગવાન હેમચંદ્રનો અનન્ય મિત્રને સેવક બની ગયો હતો.''

''સિદ્ધરાજ જૈન સૂરિઓને ઘણું માન આપતો. હેમચંદ્રચાર્યના ઉપદેશથી એણે આખા રાજ્યમાં પર્વદિનોમાં અમારિ (પશુ વધની મનાઈ) ફરમાવી હતી. એણે સિદ્ધપુરમાં પ્રભુ મહાવીરનું દેરાસર પણ બંધાવ્યું હતું. સોમનાથની યાત્રા સમયે ગિરનાર થઈ નેમિનાથનાં દર્શન કર્યા.'' (ઉપર મુજબ, પૃ. ૫૭)

''શત્રુંજય તીર્થના નિર્વાહ માટે ૧૨ ગામોનું વર્ષાસન બાંધી આપવા તેણે પોતાના મહામાત્ય શ્વાકને આજ્ઞા કરી હતી.'' (મુનિ જિનવિજીયજી, 'રાજર્ષિ કુમારપાળ' શ્રી હેમસારસ્વત સત્રઃ અહેવાલ અને નિબંધ સંગ્રહ.'' ૧૯૪૧ પૃ. ૧૪૭)

### સિદ્ધરાજ અને જૈનો :

સિદ્ધરાજના સમયમાં જૈનોએ રાજ્યમાં મંત્રીપદેથી, દંડનાયક તરીકે તેમજ સાક્ષર-સૂરિ સ્થાનો ઉપરથી મહત્ત્વની સેવાઓ આપી છે. સિદ્ધરાજે પણ જૈન ધર્મ તરફ અનુરાગ બતાવ્યો હતો. આ માટેના અનેક ઉલ્લેખો ઉપલબ્ધ ગ્રંથોમાંથી મળે છે તેમાંના કેટલાંક નીચે પ્રમાણે છે :

હેમચંદ્રે પોતાના દ્વયાશ્રય કાવ્યમાં સિદ્ધરાજ જયસિંહે કરેલી શત્રુંજયની યાત્રા-પૂજાનું વર્ણન કરેલું છે. એણે મંત્રીશ્વર આશુકની પ્રેરણાથી શત્રુજયની પૂજા માટે બાર ગામનું દાન કર્યું તેમજ એક જૈન ચૈત્ય બંધાવ્યું. સિદ્ધરાજના સમય દરમ્યાન પાટણમાં અભયદેસૂરિના શિષ્ય હેમચંદ્રાચાર્યે જીવ સમાસવૃત્તિ રચી. આ ઉપરાંત બીજા અનેક ગ્રંથો આ સમયે રચાયા હતા. સિદ્ધરાજે પોતાના સમસ્ત દેશમાં એકાદશી વગેરે મુખ્ય દિવસોએ અમારિ કરાવી હતી. ભરૂચમાં વરણાગના પુત્ર મહામાત્ય સાન્તૂ દ્વારા સમલિકાવિહાર પર સોનાના કળશ ચઢાવ્યા હતા. હેમચંદ્રની પ્રેરણાથી સિદ્ધરાજે જિન મંદિરોને નિભાવ અર્થે અપાતું દ્રવ્ય બંધ થઈ ગયેલ તે ફરીથી ચાલું કરાવ્યું હતું.

ઉપરના ઉલ્લેખો પરથી સ્પષ્ટ જણાય છે કે સિદ્ધરાજે પોતાના અમલ દરમ્યાન એકલા શિવ ધર્મના વિકાસ તરફ ધ્યાન આપ્યું નથી, પણ જૈન ધર્મને પણ એટલું જ મહત્ત્વ આપ્યું છે. પોતે શૈવ હોવાથી જૈમ ધર્મ તરફ તેણે તિરસ્કાર બતાવ્યો નથી.

(ડૉ. નવીનચંદ્ર આચાર્ય, 'ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ', ૧૯૭૩, પૃ. ૯૬).

રાજર્ષિ સિદ્ધરાજ અપુત્ર મરણ પામતાં ત્રિભુવનપાળનો પુત્ર કુમારપાળ પાટણની ગાદીએ આવે છે. આ સમયે તે ૫૦ વર્ષની વયનો હતો. કુમારપાળ કુળપરંપરા અનુસાર શિવનો ઉપાસક હતો. તેના અભિલેખોમાં 'ઉમાપતિવરલબ્ધપ્રસાદ', 'પાર્વતીપતિવરલબ્ધપ્રૌઢપ્રતાપ' તરીકે ઉલ્લેખો જોવા મળે છે.

સિદ્ધરાજના શાસન દરમ્યાન તેના ભયથી ભારે રઝળપાટના સમયગાળામાં મંત્રી ઉદયન અને હેમચંદ્રાચાર્યના સંપર્કમાં કુમારપાળ આવે છે. હેમચંદ્રાચાર્ય તેને બચાવે છે. રાજ્યારોહણ બાદ આચાર્યશ્રીથી ભારે પ્રભાવિત થાય છે તેમજ તેમને પોતાના ગુરુ તરીકે સ્વીકારે છે. આચાર્યશ્રીના ઉપદેશથી પોતાના રઝળપાટ દરમ્યાન મદદ કરનાર મંત્રી ઉદયન, મંત્રી વાગ્ભટ્ટ, આલિગ સજ્જન કુંભાર, ભીમસિંહ ખેડૂત, દેવસી કટુક વાણીયો અને વોસિરિ બ્રાહ્મણ – આ સૌને કુમારપાળે રાજ્ય પ્રાપ્ત થતાં સન્માનિત કરીને ઋણ ચૂકવ્યું હતું.

### મુનિ જિનવિજયજીના મતે કુમારપાળ :

''કુમારપાળ જૈન હોય તો શું અને શૈવ હોય તો શું – મારા મતે તેમાં કશું વિશેષત્વ નથી. મારા મતે મહત્ત્વ છે તેના વ્યક્તિત્વનું. સિદ્ધરાજ જૈન બન્યો ન હતો પણ ચુસ્ત શૈવ જ રહ્યો તેથી સિદ્ધરાજનું મહત્ત્વ જો હું ન સમજી શકું તો મારામાં સારાસારની વિવેકબુદ્ધિનું દેવાળું જ નીકળેલું હું માનું. અમુક વ્યક્તિ અમુક ધર્માનુયાયી હતી એટલામાત્રથી જ તેના વ્યક્તિત્વને સમજવાની અને અપનાવવાની જો આપણે બેદરકારી બતાવીએ તો તેથી આપણે આપણી જાતિનું – રાષ્ટ્રીયતાનું જ અહિત કરીએ છીએ. શૈવ હો કે વૈષ્ણવ હો, બૌદ્ધ હો કે જૈન હો – ધર્મથી ગમે તે હો – જેણે જેણે આપણી પ્રજાની ઉન્નતિ અને સંસ્કૃતિમાં જે જે કાંઈ વિશિષ્ટ ફાળો આપ્યો છે તે બધા જ આપણા ઉત્કર્ષક અને સંસ્કારક પુરુષો હતા. એ પુરુષો આપણી પ્રજાની સંયુક્ત અચળ સંપત્તિ છે.''

(૧૪૫)

"જૈન અને શૈવ બંને ધર્મો ગુજરાતના અનેક પ્રતિષ્ઠિત કુટુંબોમાં સરખી રીતે પળાતા હતા. કોઈ ઘરમાં પિતા શૈવ હતો તો પુત્ર જૈન હતો અને કોઈ ઘરમાં સાસુ જૈન હતી તો વહુ શૈવ હતી. કોઈ ગૃહસ્થનું પિતૃકુળ જૈન હતું તો માતૃકુળ શૈવ હતું. અને કોઈનું માતૃકુળ જૈન હતું તો પિતૃકુળ શૈવ હતું, એમ ગુજરાતનો આખો ય વૈશ્ય વર્ગ પરસ્પર બંને ધર્માનુયાયી હતો. તેથી આવું ધર્માંતર ગુજરાતના સભ્ય સમાજમાં બહુ જ સામાન્ય હતું. રાજકારભારમાં પણ બંને ધર્માનુયાયીઓનો સરખો દરજ્જો અને સરખો ફાળો હતો. કોઈ વખતે જૈન મહામાત્યના હાથમાં રાજ્યનાં સર્વ સૂત્રો આવતાં કોઈ વખતે શૈવ મહામાત્યના હાથમાં. પણ એથી કોઈ પણ પ્રકારની રાજનીતિમાં ફેરફાર નહોતો થતો. શૈવોની અને જૈનોની કોઈ જુદી જાતની સમાજરચના ન હતી. સામાજિક વિધિવિધાનો નિયમ પ્રમાણે બધા બ્રાહ્મણો દ્વારા જ થતા. શૈવ કુટુંબો કે જૈન કુટુંબોના કુલદેવતાઓ એક જ હતા અને તે કુલદેવતાઓનાં પૂજન અર્ચના બંને કુટુંબોવાળા પરંપરાના નિયમ પ્રમાણે સાથે સાથે અને એક જ રીતે કરતા. આમ બંને ધર્મો વચ્ચે સામાજિક દૃષ્ટિએ તો સર્વથા અભેદ જ હતો. માત્ર ધર્મ ભાવના અને ઉપાસ્યદેવની દૃષ્ટિએ પરસ્પર થોડોક ભેદ હતો." (પૃ. ૧૪૬).

"મુખ્ય રીતે ગુજરાતના શૈવ અને જૈન એ બંને પ્રજાધર્મ હતા. અલબત્ત, રાજધર્મ સામાન્ય રીતે શૈવ જ ગણાતો. ગુજરાતના રાજાઓના ઉપાસ્યદેવ શિવ હતા" (પૃ. ૧૪૬-૧૪૭).

"અણહિલપુરના સંસ્થાપક વનરાજ ચાવડાથી લઈ કર્ણ વાઘેલા સુધીના ગુજરાતના હિંદુ રાજત્વકાળમાં, જૈન ધર્માનુયાયીઓનો સામાજિક દરજ્જો સૌથી ઊંચા પ્રકારનો હતો અને જૈનો પ્રજાવર્ગના પ્રતિષ્ઠિત અગ્રણી હતા તથા રાજકારભારમાં પણ તેમનો હિસ્સો સૌથી અધિ હતો. તેથી રાજાઓ શૈવ હોઈને પણ જૈનમર્ધ તરફ પણ તેટલી જ આદરની દૃષ્ટિ રાખતા. જૈન વિદ્વાન આચાર્યો રાજાઓ પાસે સતત આવતા જતા અને રાજાઓ પણ તેમને પોતાના ગુરુઓના જેટલો જ આદર આપતા. કેટલીક વખતે તો રાજ કુટુંબોમાંથી પણ કોઈ કોઈ વ્યક્તિ જૈનધર્મની સન્યસ્ત દીક્ષા ધારણ કરતી. અનેક રાજપુત્રો જૈન આચાર્યો પાસે વિદ્યાગ્રહણ કરતા. એમ રાજાઓ જૈનો સાથે પ્રાયઃ સર્વ પ્રકારના નિકટ સંબંધમાં રહેતા હતા તેથી તેમના મનમાં ધર્મસંબંધી તેવો કશો વિશેષ ભેદભાવ નહોતો રહેતો. શૈવધર્મના આદર્શ પ્રતિનિધિ સમો સિદ્ધરાજ પણ જૈન સંબંધોથી તેટલો જ સંકળાયેલો હતો" (પૃ. ૧૪૭).

"કુમારપાળ પોતાના પાછલા જીવનમાં જૈનધર્મને મુખ્ય માનતો થયો હતો. સિદ્ધરાજના ઈષ્ટદેવ આખર સુધી શિવ જ હતા ત્યારે કુમારપાળના ઈષ્ટદેવ અંતિમ જીવનમાં જિન થયા હતા. તેણે દેવ તરીકે જિનને અને ગુરુ તરીકે આચાર્ય હેમચંદ્રને પોતાના કલ્યાણકારક આપ્તપુરુષ માન્ય હતા, અને અહિંસા પ્રબોધક ધર્મને તેણે પોતાના મોક્ષદાયક ધર્મ તરીકે શ્રદ્ધાપૂર્વક સ્વીકાયો હતો અને એ રીતે તે પોતે જૈનધર્મનો એક આદર્શ પ્રતિનિધિ બન્યો હતો" (૧૪૭-૧૪૮).

"કુમારપાળે પણ જૈનધર્મની પૂજા ખાતર અનેક જૈન વિહારો બંધાવ્યા. અને એ બધાં ઉપરાંત કુમારપાળે જે એક વિશિષ્ટ પ્રજાહિતકર આદેશ જાહેર કર્યો હતો. તે એ કે પ્રાચીનકાળથી ચાલી આવેલી રાજનીતિ પ્રમાણે ના-વારસ મરી જનાર પુરુષની સઘળી સંપત્તિ રાજા લઈ લેતો હતો અને તેના લીધે મરનારના સ્ત્રી, માતા, આદિ કુટુંબીજનો અનાથદશાના ભોગ થઈ મૃત્યુ કરતાંયે વધારે કષ્ટકારક વિટંબણાઓના ભોગ થતા હતા, અને અનેક અનાથ અબળાઓ આ ક્રૂર રાજનીતિથી પીડિત થઈ જીવતી આ સમાન થઈ જતી હતી. દાઝ્યા ઉપર ડામ દેવા જેવી એ અતિ નિષ્ઠુર રાજનીતિનો કુમારપાળે પોતાના રાજ્યમાં સર્વથા પ્રતિષેધ કર્યો હતો" (૧૪૯).

"ગુજરાતનો એ સૌથી વધારે આદર્શ રાજા હતો. એ જેવો વીર હતો તેવો જ સંયત હતો. જેવો નીતિ નિપુણ હતો તેવો જ ધર્મ-પરાયણ હતો. ગુજરાતના સામ્રાજ્યના સર્વોત્તકૃષ્ટ પ્રભુતાવાળા રાજા બે જ : સિદ્ધરાજ અને કુમારપાળ. બંનેના પરાક્રમ અને કૌશલથી ગુજરાતનું ગૌરવ ચરમ શિખરે પહોંચ્યું. પ્રબંધકારો કહે છે કે સિદ્ધરાજમાં ૯૮ ગુણ હતા અને બે દોષ હતા, કુમારપાળમાં ૯૮ દોષ હતા અને બે ગુણ હતા. છતાં તેમાં કુમારપાળ શ્રેષ્ઠ હતો" (૧૫૩).

"ગુજરાતની ગરિમાનો કુમારપાળ ખરેખર ગુરુશિખર હતો. એના સમયમાં ગુજરાતીઓ વિદ્યામાં અને વિભુતામાં, શૌર્યમાં અને સામર્થ્યમાં, સમૃદ્ધિમાં અને સદાચારમાં, ધર્મમાં અને કર્મમાં ઉત્કર્ષના ઉચ્ચત્તમ શિખરે પહોંચ્યા હતા. એના રાજ્યમાં, પ્રકૃતિકાતર વૈશ્યો પણ મોટા સેનાપતિઓ થયા, દ્રવ્યલોલુપ વણિગ્જનો પણ મહાકવિઓ થયા, અને ઈર્ષાપરાયણ બ્રાહ્મણો તથા નિન્દાપરાયણ શ્રમણો પર પરસ્પર મિત્રો થયા. વ્યસનાસક્ત ક્ષત્રિયો પણ સંયમી સાધકો થયા અને હિનાચારી શુદ્રો પણ સારી પેઠે ધર્મશીલ થયા. રાજાએ વિશિષ્ટ ઉત્સાહપૂર્વક ધર્માંતર સ્વીકાર્યા છતાં ધાર્મિક સહિષ્ણુતા જેટલી એના રાજ્યમાં જોવામાં આવતી હતી તેટલી બીજા કોઈનાયે રાજ્યમાં નહીં. ભારતના પુરાતન ઇતિહાસમાં કદાચિત્ એ એક જ પહેલો

અને છેલ્લો દાખલો હશે કે જેમાં હેમચંદ્ર જેવો જૈનધર્મનો સૌથી મહાન આચાર્ય શિવમંદિરમાં જઈ, શ્રદ્ધાળુ શૈવની માફક –

**યત્ર તત્ર સમયે યથા તથા**
**યોડસિ સોડસિ ભિધયા યયા તયા ।**
**વીતદોષક્લુષઃ સ ચેદ્દ્ ભવાન્**
**એક એક ભગન્નમોડસ્તુ તે ॥**

આવી અદ્‌ભૂત કલ્પના અને અનુપમ રચના દ્વારા શિવની સ્તુતિ કરે છે'' (૧૫૪).

''ઇતિહાસના સેંકડો પ્રબંધો તપાસતાં, તેમાં માત્ર આ એક જ એવો રાજા જડી આવે છે કે જે કુલપરંપરાપ્રાપ્ત 'ઉમાપતિવરલબ્ધ-પ્રૌઢપ્રતાપ' બિરુદમાં અભિમાન ધારણ કરતો છતાં પણ સ્વરુચિસ્વીકૃત 'પરમાર્હત' બિરુદથી પોતાને કૃતકૃત્ય માને છે. જે ભાવ અને આદરથી એ સોમેશ્વરના પુણ્યધામનો જીર્ણોદ્ધાર કરાવે છે, તે જ ભાવ અને આદરથી તેની જ પડોશમાં પાર્શ્વનાથનું જૈન ચૈત્ય પણ એ પ્રતિષ્ઠિત કરાવે છે. ગુજરાતની ગર્વોન્નત રાજધાની અણહિલપુરમાં કુમારપાળ શંભુનાથના નિવાસ માટે કુમારપાળેશ્વર અને પાર્શ્વનાથના નિવાસ માટે કુમારવિહાર એમ બે મંદિરો પાસે પાસે બંધાવે છે. ધાર્મિક સહિષ્ણુતાના આદર્શનું આના કરતાં વધારે આકર્ષક ઉદાહરણ બીજું મળવું મુશ્કેલ છે'' (૧૫૫).

''એમાં શંકાને જરાયે સ્થાન નથી કે કુમારપાળ અંતિમજીવનમાં એક પરમ જૈન રાજા હતો. તેણે જૈનધર્મ પ્રતિપાદિત ઉપાસક એટલે ગૃહસ્થ – શ્રાવકધર્મનું ઘણી ઉત્કટતાપૂર્વક આચરણ કર્યું હતું. ઐતિહાસિક કાળમાં કુમારપાળ જેવો બીજો કોઈ પણ રાજા જૈનધર્મનો ચુસ્ત અનુયાયી થયો હોત તેની મને શંકા છે'' (૧૫૬).

''કુમારપાળે વિક્રમ સંવત ૧૨૧૬માં હેમચંદ્રાચાર્ય પાસે સકલ જન સમક્ષ જૈનધર્મની ગૃહસ્થદીક્ષા સ્વીકારી હતી. એ દીક્ષા સ્વીકારતી વખતે એણે મુખ્યત્વે આવી પ્રતિજ્ઞાઓ લીધી હતી : રાજ્યરક્ષા નિમિત્તે કરવા પડતા યુદ્ધ સિવાય કોઈ પણ પશુપ્રાણીની હિંસા ન કરવી, મૃગાદિનો શિકાર ન કરવો, મધ અને માંસનું સેવન ન કરવું, પરિણીત પત્ની સિવાય અન્ય કોઈ સ્ત્રી સાથે કામાચાર ન સેવવો, દરરોજ જિનપ્રતિમાની પૂજાઅર્ચના કરવી અને હેમચંદ્રાચાર્યનું પાદવંદન કરવું, અષ્ટમી અને ચતુર્દશીના દિવસે સામાયિક અને પોષદ આદિ વિશેષવ્રતનું પાલન કરવું, રાત્રિએ ભોજન ન કરવું, ઈત્યાદિ ઈત્યાદિ'' (૧૫૭).

''વર્તમાન સમયમાં, જગતમાં સૌથી વધારે અહિંસક પ્રજા ગુજરાતની પ્રજા છે અને સૌથી વધારે અહિંસા ધર્મનું પાલન ગુજરાતમાં થાય છે. હિંસક યજ્ઞમાગ પ્રાયઃ ત્યારથી જ બંધ થયેલા છે અને દેવીદેવતાઓની આગળ થતો પશુવધ પણ બીજા દેશોની તુલનામાં ગુજરાતમાં, ઘણો ઓછો છે. ગુજરાતનો પ્રાયઃ સઘળોય શિષ્ટ અને ઉચ્ચ પ્રજાવર્ગ ચુસ્ત નિરામિષભોજી છે. ગુજરાતનો પ્રધાન ખેડૂતસમૂહ પણ માંસ ત્યાગી છે. ભલે અતિશયોક્તિ ગણાય અને તેનો ઉપહાસ પણ થાય છતાં મને કહેવાનું મન થાય છે કે – ગુજરાતના એ જ પુણ્યમય વારસના પ્રતાપે ગુજરાતે જગતના સૌથી શ્રેષ્ઠ અહિંસામૂર્તિ મહાત્માને જન્મ આપવાનું આજે અદ્વિતીય ગૌરવ પ્રાપ્ત કર્યું છે'' (૧૬૨).

''કુમારપાળે જૈનધર્મમાં દીક્ષિત થઈ, તેના સિદ્ધાન્તો પ્રમાણે કેટલાંક મોટા ધાર્મિક અને નૈતિક નિયમો જાહેર કર્યા હતા અને એ નિયમોનું પાલન પ્રજા બરાબર કરે તે માટે તેણે પૂરેપૂરી સાવચેતી પણ રાખી હતી. હેમચંદ્રાચાર્ય કહે છે કે તેના અહિંસાના આદેશને અનુસરીને, અંત્યજો જેવા પણ જૂ માંકડ સુદ્ધાંની હત્યા નહોતા કરતા. એ કથનમાં ભલે કાંઈક અતિશયોક્તિ હશે પણ રાજા એ બાબતમાં પૂરેપૂરો સતર્ક હતો એમાં તો જરાયે શંકા નથી. 'પ્રબંધચિંતામણિ' અને તેવા બીજા પ્રબંધોમાં જે એક યૂકાવિહાર મંદિર બંધાયાનો ઇતિહાસ મળી આવે છે તેનાથી આ હકીકતને ચોક્કસ પુષ્ટિ મળે છે.''

''કુમારપાળે આ રીતે નેક કાર્યો કરવા ઉપરાંત જૈનધર્મનો પ્રચાર અને પ્રભાવ વધારવા અર્થે ઠેકઠેકાણે સેંકડો જૈન મંદિરો બાંધ્યાં - બંધાવ્યાં હતાં. શત્રુંજય અને ગિરનાર જેવા જૈનતીર્થોની, રાજશાહી ઠાઠ સાથે મોટા સંઘો કાઢી તેણે યાત્રા કરી હતી અને રાજધાનીમાં દર વર્ષ તે મોટા મોટા જૈન મહોત્સવ ઊજવતો હતો અને બીજા શહેરોમાં પણ તેવા મહોત્સવો ઊજવવાની તે પ્રેરણા કરતો હતો.''

– (જિનવિજય મુનિ. 'રાજર્ષિ કુમારપાળ', શ્રી હૈમ સારસ્વત સત્રઃ અહેવાલો અને નિબંધસંગ્રહ. ૧૯૪૧, પૃ. ૧૪૦-૧૭૬)

કુમારપાળની સભાના પંડિતોએ દ્વેષ રાખીને રાજાને ભંભેરણી કરી કે આ મુનિ જૈનાચાર્ય છે, તેથી સોમનાથનાં દર્શન કરશે નહીં. રાજાએ મુનિભગવંતને સોમનાથના દર્શને આવવા વિનંતી કરતાં પગપાળા સોમનાથ પહોંચ્યા અને ભગવાન શિવની આરાધના કરતાં 'મહાદેવસ્તોત્ર'ની રચના પણ કરી, જેનું એક પદ્ય જોઈએ.

**ભવબીજાઙ્કુરજનના રાગાદ્યાઃ ક્ષયમુપાગતા યસ્ય ।**
**બ્રહ્મા વા વિષ્ણુર્વા હરો જિનો વા નમસ્તસ્મૈ ॥**

અર્થાત્ ''સંસારની પરંપરાને વધારનારા જેમના રાગ વગેરે

દોષ ક્ષીણ થઈ ગયા છે, એવા બ્રહ્મા હો, વિષ્ણુ હો, મહાદેવ હો કે જિન હો – ગમે તે હો તેમને નમસ્કાર હો''. આ છે હેમપ્રભુ.

હેમચંદ્રાચાર્ય ૮૪ વર્ષની વયે વિ.સં. ૧૨૨૯ (ઈ.સ. ૧૧૭૩)માં પાટણમાં કાળધર્મ પામ્યા હતા. તેમના પછી ૬ મહિને રાજા કુમારપાળનું ૧૨૩૦ (ઈ.સ. ૧૧૭૪)માં અવસાન થયું.

હરિપ્રસાદ શાસ્ત્રીએ નોંધ્યું છે કે ''સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાળના સમયમાં સોલંકી રાજ્ય પશ્ચિમ ભારતવર્ષમાં વિશાળ પ્રબળ રાજ્ય તરીકે સ્થાન પામ્યું ને એણે આર્થિક તથા સાંસ્કૃતિક ક્ષેત્રે પણ જહોજલાલી ભોગવી.''

કુમારપાળના ઉત્તરાધિકારી તરીકે તેના ભાઈ મહિપાલનો પુત્ર પરમમાહેશ્વર અજયપાલ ગાદીએ આવ્યો હતો. વિવિધ જૈનપ્રબંધોમાં તેને જૈનધર્મ વિરોધી વર્ણવ્યો છે. તેણે કર્મદીમંત્રી, કવિ રામચંદ્ર અને આમ્રભટ્ટને મારી નખાવ્યા હતા, તેમ જ પૂર્વજોના પ્રાસાદોનો નાશ કર્યો હતો. આમ છતાં જૈન સમાજે સ્વસ્થતા કેળવી રાખી હતી, જેમાં હેમચંદ્રાચાર્યની અનુપસ્થિતિમાં પણ તેમના ઉપદેશના પ્રભાવનાં દર્શન થાય છે.

અજયપાળ બાદ ઉત્તરોત્તર મૂળરાજ બીજો, ભીમદેવ બીજો અને ત્રિભુવનપાળ ગાદી ઉપર આવ્યા હતા, પરંતુ નબળા શાસકો પુરવાર થતાં સં. ૧૩૦૦માં આ વંશનો અંત આવ્યો.

આ વંશની અન્ય શાખાના ધોળકાના ચૌલુક્ય રાણા વિસલદેવે સં. ૧૩૦૦માં અણહિલવાડની ગાદી હસ્તગત કરી. આ શાખાએ સં. ૧૩૫૬/૧૩૬૦ સુધી શાસન કર્યું. તેના અંતિમ શાસક કર્ણ વાઘેલો – રાજાને હરાવીને દિલ્હીના સુલતાન અલ્લાઉદીન ખીલજીના સરદાર ઉલુઘખાને પાટણને મુસ્લિમ સલ્તન હેઠળ આણ્યું. આ વંશના શાસક ભીમદેવના સમયમાં તેના મંત્રીઓ વસ્તુપાલ – તેજપાલે આબુમાં નેમિનામથનું કલાત્મક જિનાલય-લુણવસહી બંધાવ્યું.

## સાહિત્ય-સર્જન

ગુજરાતના ઇતિહાસમાં સોલંકીવંશનું શાસન સુખ-સમૃદ્ધિના ગુરુશિખર તરીકે ઓળખાય છે. આ યુગમાં રાજકીય ઉપરાંત આર્થિક, શિલ્પ-સ્થાપત્ય-સંગીત-સાહિત્ય, ધર્મ-દર્શન વગેરે દષ્ટિએ ઉત્કૃષ્ટ સિદ્ધિઓ હાંસલ થઈ હતી. પાટણ 'શ્રી અને સંસ્કાર' વિદ્યાકેન્દ્ર તરીકે ખ્યાતિ પામ્યું હતું. રાજા સિદ્ધરાજે સહસ્ત્રલિંગતટે વિદ્યામઠોની સ્થાપના કરતાં અહીં વિવિધ વિદ્યાઓનું જ્ઞાન મેળવી શકાતું હતું. જેનો ઉલ્લેખ હેમચંદ્રાચાર્યએ પોતાની કૃતિ 'દ્વયાશ્રય મહાકાવ્ય'માં કર્યો છે. એક અંદાજ મુજબ આ યુગમાં આશરે ૨૫૦-૩૦૦ સાહિત્યકારો થઈ ગયા. આ પૈકી મોટાભાગના સાહિત્યકારો જૈન મુનિઓ હતા, જેમણે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને દેશ્ય ભાષામાં અનેકવિધ વિષયો, જેમકે કવિતા, સ્તોત્ર, મહાકાવ્ય, કાવ્યશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, જૈનધર્મ-દર્શન, પ્રબંધસાહિત્ય, વ્યાકરણ, કોશ, ચરિત્ર, કથાસાહિત્ય, આગમ ઉપર ટીકાઓ, પ્રબંધો, લાક્ષણિક ગ્રંથો વગેરે વિષયોની અંદાજિત ૧૨૦૦ + કૃતિઓનું સર્જન કર્યું છે. આપણા ઉમાશંકરભાઈએ તો કહ્યું છે કે ગુજરાતી ભાષાનું ઘોડિયું જ જૈનમુનિઓ હિંચોળ્યું છે.

આ બધા સાહિત્યસર્જકો પૈકી મોટાભાગના સાહિત્યસર્જકો જૈનમુનિઓ છે, આ પૈકી કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યનું પ્રદાન બહુઆયામી અને બહુશ્રુત રહ્યું છે. તેમની સર્વતોમુખી પ્રતિભાનું પ્રોજ્જવલતમ ઉદા. 'સિદ્ધહેમશબ્દાનુશાસન' તથા 'દ્વયાશ્રય મહાકાવ્ય' છે. આ ઉપરાંત તેમણે અલંકારશાસ્ત્રનો ગ્રંથ – 'કાવ્યાનુશાસન', શબ્દકોશ – નિઘંટુકોશ, 'અનેકાર્થસંગ્રહ', 'અભિધાનચિંતામણી', છંદશાસ્ત્ર વિશે છંદોનુંશાસન, ચરિત્રગ્રંથ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર વગેરે અનેકાનેક વિદ્વત્ત ગ્રંથોની રચના કરી છે. તેમના શિષ્યમંડળમાં રામચન્દ્રસૂરિએ ૧૧ + નાટક, કાવ્ય 'કુમારવિહારશતક', ગુણચન્દ્રના સહયોગમાં 'નાટ્યદર્પણ' વગેરે ગ્રંથોની રચના કરી છે. તેઓ 'પ્રબંધશતકર્તૃ' તરીકે ઓળખાય છે. ગુણચન્દ્ર, દેવચન્દ્ર, બાલચન્દ્ર, વર્ધમાનગણિ, ઉદયચંદ્ર, યશશ્ચંદ્ર, મહેન્દ્રસૂરિ વગેરે તેમના પ્રતિભાશાળી શિષ્યો હતા.

વસ્તુપાલ મહામાત્ય હોવાની સાથે એટલો જ મોટો સાહિત્યરસિક અને કવિઓનો આશ્રયદાતા હતો. તેણે સ્વયં 'નરનારાયાણાનંદ મહાકાવ્ય'ની રચના કરી છે. તેના આશ્રિત કવિઓ પૈકી અરિસિંહે 'સુકૃતસંકીર્તન', ઉદયપ્રભસૂરિ એ 'ધર્માભ્યુદયમહાકાવ્ય' તથા 'સુકૃતકીર્તિકલ્લોલિની' વગેરે ગ્રંથો, અમરચન્દ્રસૂરિએ 'કાવ્યકલ્પતા', 'બાલભારત', 'પદ્મમાનંદમહાકાવ્ય' બાલચન્દ્રસૂરિએ 'વસંતવિલાસ', નરેન્દ્રપ્રભસૂરિએ 'અલંકારમહોદધિ' વગેરે ઉત્તમોત્તમ ગ્રંથોની રચના કરી છે.

કવિ ધનપાલ પૂર્વાશ્રમમાં બ્રાહ્મણ હતો, પરંતુ પોતાના ભાઈ જૈનાચાર્ય શોભન મુનિના ઉપદેશથી તેણે જૈનધર્મ અંગીકાર કર્યો હતો. તેણે સુપ્રસિદ્ધ 'તિલકમંજરી' કથાગ્રંથની રચના કરી છે.

અભયદેવસૂરિએ ૯ આગમો ઉપર ટીકા લખતાં નવાંગીવૃત્તિકાર તરીકે અભિધાનિત થયા. તેમના આ ગ્રંથોનું સંશોધન દ્રોણાચાર્યએ કર્યું છે. આ દ્રોણાચાર્ય પૂર્વાશ્રમમાં રાજા ભીમદેવ – ૧લાના મામા થતા હતા.

વાગ્ભટ મંત્રીએ 'વાગ્ભટાલંકાર', યશશ્ચંદ્રએ

'મુદ્રિતકુમુદચન્દ્રનાટક', સોમપ્રભચાર્યે કુમારપાળના અવસાનના ૧૧ વર્ષ બાદ 'કુમારપાળ પ્રતિબોધ' ગ્રંથની રચના કરી, જે ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગણાય છે.

આ યુગમાં વિપુલ સાહિત્ય સંપદાના સર્જન માટે સુયોગ્ય પર્યાવરણ પૂરું પાડવા માટે સોલંકી રાજાઓ વિશેષ અભિનંદનના અધિકારી બની રહે છે. વળી, ઘણા ખરા રાજાઓ સાહિત્ય, કલાના આશ્રયદાતા હોવાની સાથે ધર્મસહિષ્ણુ અને ઉદાર જોવા મળ્યા છે.

## જ્ઞાનભંડારો

સોલંકી રાજવીઓ પોતાના રાજ્યમાં સાહિત્ય, કળા અને વિદ્યાકીય પ્રવૃત્તિઓને સતત પ્રોત્સાહિત કરતા રહ્યા હતા. પોતાનો અંગત ગ્રંથભંડાર પણ ધરાવતા હતા. 'પ્રબંધચિંતામણી'માં ઉલ્લેખ છે કે 'સિદ્ધહેમશબ્દાનુશાસન'ની રચના પૂર્ણ થયા બાદ તેને પોતાના ગ્રંથભંડારમાં મુકવામાં આવ્યો હતો. આચાર્ય હેમચંદ્રની પોષધશાળામાં વિશાળ જ્ઞાનભંડાર હતો. રાજર્ષિ કુમારપાળે ૨૧ જ્ઞાનભંડારો અને વસ્તુપાલે ૩ જ્ઞાનભંડારોની સ્થાપના કરાવી હતી, પરંતુ આ ભંડારોનું શું થયું તે વિશે કોઈ માહિતી પ્રાપ્ત નથી. ખંભાતના શાંતિનાથ ભંડારમાં વસ્તુપાલ દ્વારા સ્વહસ્તે લખવામાં (નકલ) આવેલ 'ધર્માભ્યુદયમહાકાવ્ય'ની તાડપત્રીય હસ્તપ્રત આજે પણ ઉપલબ્ધ છે. સંભવ છે કે તેણે પોતાના દ્વારા સ્થાપિત જ્ઞાનભંડારમાં મુકવા માટે તેની નકલ પોતે કરી હશે. આનુશ્રુતિક વૃત્તાંત મુજબ રાજર્ષિ કુમારપાળે આચાર્યશ્રીની કૃતિઓ સુવર્ણનાં પતરાં ઉપર ઉત્કીર્ણ કરાવી હતી, જોકે ક્યાં સચવાયેલી છે તે સંબંધી કોઈ જ માહિતી પ્રાપ્ત નથી. વિશળદેવ વાઘેલા પણ પોતાનો 'ભારતીભાંડાગાર' ધરાવતો હતો. મુસ્લિમ આક્રમણ દરમ્યાન સ્થાપત્યોની સાથે જ આ બધા ભંડારોનો નાશ કરવામાં આવ્યો હતો. હાલમાં, પાટણમાં અસ્તિત્વ ધરાવતા 'શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર'માં સોલંકીવંશના શાસન દરમ્યાન લખાયેલી એક પણ હસ્તપ્રત ઉપલબ્ધ નથી. આ બધી હસ્તપ્રતો પ્રાયઃ ૧૪મી સદી પછીથી લખવામાં આવેલી છે.

જ્ઞાનભંડારોની સ્થાપના અને હસ્તપ્રતોની સાચવણી જૈનમુનિ ભગવંતોની પ્રેરણાથી જૈન શ્રાવકો દ્વારા કરવામાં આવતાં આજે પણ જ્યાં જ્યાં જૈનોની વસતિ છે ત્યાં ત્યાં નાનો પણ જ્ઞાનભંડાર અસ્તિત્વ ધરાવે છે. આપણે આભારી છીએ જૈન મુનિભગવંતોના કે જેમની પ્રેરણાથી જૈન સમાજે આ અણમોલ વારસો આજ દિન સુધી સાચવી રાખ્યો છે. ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતા જૈન જ્ઞાનભંડારો અને તેમાં સંગૃહીત અણમોલ અને અલભ્ય હસ્તપ્રતોની જેમ અન્ય કોઈ ધર્મના અનુયાયીઓ દ્વારા હસ્તપ્રતોનું કાળજીથી જતન કરવામાં આવ્યું નથી. હિંદુધર્મ કે તેનો કોઈ સંપ્રદાય પોતાનો ગ્રંથભંડાર ધરાવતો હોય તેવું જોવા મળ્યું નથી કે તત્કાલીન સમયના ઇતિહાસમાં પણ આ સંબંધી ક્યાંય કોઈ નોંધ નથી. જૈનસમાજ દ્વારા સ્થાપિત અને સંચાલિત ગુજરાતના જૈન જ્ઞાનભંડારોમાં અંદાજિત ૮ લાખથી અધિક હસ્તપ્રતો સચવાયેલી છે. અને તેથી જ જૈન મુનિભગવંતો અને જૈન શ્રાવકોનું સમગ્ર વિદ્યાજગત ઋણી છે. જો તેમના દ્વારા આ દૂરંદેશિતાશીલ કાર્ય કરવામાં આવ્યું ન હોત તો આપણી શી સ્થિતિ થાત તેની કલ્પનામાત્ર ભયાવહ બની રહે છે. આ સાથે જ આપણે આભારી છીએ સોલંકીવંશના શાસકોના કે તેમણે આ પ્રવૃત્તિ માટે કોઈ આડખીલી ઊભી ન કરી. જૈનસમાજે જ્ઞાનવારસાની સાચવણી કરીને – રાષ્ટ્રની સાંસ્કૃતિક ધરોહરની સાચવણી કરીને રાષ્ટ્રની અને સમગ્ર માનવજાતની ઘણી મોટી સેવા કરી છે. આ જ્ઞાનભંડારોમાં સચવાયેલી હસ્તપ્રત સમૃદ્ધિ, અલભ્ય હસ્તપ્રતો, હસ્તપ્રતોમાં વિકસેલ લઘુચિત્રકલા વગેરે વિશે એક અલગ સેશનની જરૂર પડે, તેથી અહીં અટકું છું.

સ્વસ્થ અને સમરસતાપૂર્ણ સમાજ રચનામાં સોલંકી શાસકો અને જૈનોનો ફાળો મહામૂલ્યવાન છે. કલાત્મક શિલ્પ-સ્થાપત્યોનું નિર્માણ કરીને – આબુમાં દેલવાડામાં દહેરાં, કુંભારિયાજીનાં જિનમંદિરો, તારંગાનું જિનાલય, શત્રુંજય, ગિરનાર વગેરેમાં – ગુજરાતને જે ગૌરવ અપાવ્યું છે તે માટે જૈન મુનિભગવંતો, જૈનશ્રાવકો અને આ પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરનાર સોલંકી શાસકો અભિનંદનના અધિકારી બની રહે છે. અને ખાસ તો તેમના કુલપુરોહિત વડનગરના **સોલ શર્મા**ના વંશજો હોવા છતાં હેમચન્દ્રાચાર્યશ્રી અને અન્ય જૈનમુનિભગવંતો પ્રતિ વિશેષ આસ્થાભાવ ધરાવતા રહ્યા હતા.

અને છેલ્લે આ તો મેં વાત કરી સોલંકીવંશના રાજવીઓ વિશે. આ મર્યાદામાંથી થોડોક બહાર નીકળી ક્ષત્રિયો અને જૈનો વિશે ડોકિયું કરતાં મને જન્મે ક્ષત્રિયપુરુષો ઘણા જોવા મળ્યા કે જેમણે જૈનધર્મ અંગીકાર કરીને અસાધારણ પ્રદાન કર્યું છે. આ સિલસિલો આજદિન સુધી ચાલુ રહ્યો છે. ફક્ત થોડાંક ઉદાહરણ જોઈએ : દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ કે જેમણે જૈન આગમગ્રંથોને સૌ પ્રથમ લિપિબદ્ધ કરવાનું કામ વલભીમાં સંપન્ન કરાવ્યું, જૈન આગમો પૈકી ૯ ઉપર ટીકાઓ રચનાર નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિ દ્વારા રચવામાં આવેલી ટીકાઓનું સંશોધન કરનાર દ્રોણાચાર્ય કે જેઓ પોતાના પૂર્વાશ્રમમાં રાજા ભીમદેવ – ૧લાના મામા થતા હતા, મુનિ જિનવિજયજી કે જેઓ અજેમર પાસેના રૂપાહેલી ગામના નિવાસી હતા, તેમણે જૈનહસ્તપ્રતોનું સંપાદન – સંશોધન કરીને સિંઘી જૈન

ગ્રંથમાળા અને રાજસ્થાન પ્રાચ્ય વિદ્યામંદિર ગ્રંથમાળા હેઠળ પ્રકાશિત કરી તેમજ જૈનવિદ્યા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે, ધનકુંવરબાઈ મહાસતીજી (કાળધર્મ તા. ૫/૯/૧૯૯૩), બ્રહ્મક્ષત્રિય જૈનાચાર્ય આત્માનંદજી મહારાજ, કોબાતીર્થના પ્રાણ એવા રાષ્ટ્રસંત શ્રી પદ્મસાગરજી મહારાજ સાહેબ વગેરે આપણા વંદનનાં અધિકારી બની રહે છે. અને ખાસ તો આપણા પરમ વંદનીય ૨૪ તીર્થંકર ભગવંતો પૂર્વાશ્રમમાં ક્ષત્રિયો જ હતા ને! આથી કયું મોટું પ્રમાણ જોઈએ ક્ષત્રિયો અને જૈનો વચ્ચેના સમરસતાપૂર્ણ સંબંધો પ્રસ્થાપિત કરવા માટે?

સમાપન કરતાં એટલું જ કહેવું રહ્યું કે પાટણની સ્થાપનામાં જ જૈનમુનિ ભગવંતો, જૈનશ્રેષ્ઠીઓનું પ્રદાન રહ્યું છે. વનરાજ ચાવડાના ઉછેર અને પાટણની સ્થાપનામાં આચાર્ય શીલગુણિસૂરિના જ આશીર્વાદ રહ્યા હતા. પાટણની સ્થાપનાથી જ તેના શાસકો (ચાવડા, સોલંકી અને સોલંકીવંશની શાખા સોલંકી વાઘેલા) ધર્મ સહિષ્ણુ રહ્યા છે. તેમના ઘણા અમાત્યો જૈનો જ હતા. જૈન મુનિભગવંતો અને જૈનધર્માવલમ્બીઓ રાજ્ય પ્રત અનન્યનિષ્ઠા ધરાવતા રહ્યા હોઈ સ્વસ્થ અને સમરસ ગુજરાતના નિર્માણમાં તેમની ભૂમિકા સરાહનીય રહી છે. આ બધાં વિશે માહિતી મેળવવા જૈન પ્રબંધસાહિત્ય, કુમારપાળ પ્રતિબોધ, પ્રભાવકચરિત, કુમારપાળચરિત્ર વગેરે પ્રાચીન-મધ્યકાલીન ગ્રંથો ઉપરાંત આપણા કુમારપાળભાઈ અને ગુણવંતભાઈ બરવાળિયા દ્વારા સંપાદિત 'જૈન વિશ્વકોશ'ના ખંડોમાં અઢળક સામગ્રી ધરબાયેલી છે, જે જિજ્ઞાસુઓએ જોવા રહ્યા.

કોઈ સ્તરે ભૂલ થઈ હોય તો અને તે સંભવિત પણ છે તે માટે 'મિચ્છામી દુક્કડમ્'.

(પંજાબ કેસરી આચાર્ય શ્રીમદ્ વિજય વલ્લભસૂરિ સમુદાયના વર્તમાન ગચ્છાદિપતિ શ્રુત ભાસ્કર આચાર્ય શ્રીમદ્ વિજય ધ.ધૂ. સૂરીશ્વરજી મ.સા., મુનિશ્રી નવીનચંદ્રવિજય મ.સા. અને યતિશ્રી વિજયસોમજી મ.સા.ની ઉપસ્થિતિમાં તા. ૧૩-૨-૨૦૨૧ના રોજ મગરવાડા ખાતે સમગ્ર દેશમાંથી આવેલ ભગવંતો સામે સામેલ હિન્દીમાં વ્યાખ્યાન. આમાં સંપૂર્ણ સહયોગ શ્રી મણિભાઈ પ્રજાપતિ અને શ્રી કુમારપાળ દેસાઈનો મળ્યો છે.)

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૫૦ ૯૮૮૮૮

# મહાભારત : જીવનલીલાનો કથાકોશ

**પ્રવીણ દરજી**

**'મ**હાભારત' જીવનલીલાનો કથાકોશ છે. કહેવાયું છે કે ત્યાં જે નથી, તે બીજે કશે નથી. જે કંઈ બીજે છે તે સઘળું નિઃશેષપણે 'મહાભારત'માં છે. માણસ અને તેની પ્રકૃતિનો, તેની સંવેદનાઓનો, સદ્-અસદ્નો આખો ને આખો નકશો ત્યાં પડ્યો છે. ત્યાં એવી કોઈ સમસ્યાને વ્યાસે રાખી નથી કે જેનો ઉકેલ ન હોય. તો ત્યાં માણસની સર્વ પ્રકારની મહત્તા સાથે બધા પ્રકારની ઊણપો પણ વિવિધ પાત્રો વડે પ્રકટ થતી આવી છે. 'મહાભારત' માનવચૈતન્યનો મહાસાગર છે. નાની કે મોટી – એવી દરેક ઘટનાનું ત્યાં વજૂદ છે. ક્યાંક ને ક્યાંક તેના તંતુઓ પરસ્પરને જોડી રહે છે.

કૃષ્ણ 'મહાભારત'ના દરેક પૃષ્ઠ પર પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે ઉપસ્થિત જણાય છે. કોઈ ગીચ જંગલ જેવી આ મહાકૃતિમાં સતત, વિવિધરૂપે ઝબક્યા કરતું કોઈ પ્રણવી પાત્ર હોય તો તે કૃષ્ણનું છે. 'ભગવદ્ગીતા'માં તેમણે જુદી રીતે, પણ પોતાના વિશે જે કહેવાનું છે તે બધું જ કહી દીધું છે. 'મહાભારત'ની નાની-મોટી કથાઓ પણ કૃષ્ણની આંગળીએ વળગીને જ વિભિન્ન રૂપે જોવાય. કોણ છે આ કૃષ્ણ? કઈ રીતે તે મનુષ્યનો અને મનુષ્યના અધિપતિનો પાઠ ભજવ્યા કરે છે? કઈ રીતે તે અસદ્ને ઓળખી-ઓળખાવી સદ્ તરફના ઈશારા કર્યા કરે છે? આ બધું વિચારીએ છીએ ત્યારે વ્યાસ પર વારી જવાય છે. વ્યાસે કૃષ્ણ નામની ચાવી સંપડાવી આપીને આપણા અનેક અંધારભર્યા જીવનખંડોને ઉઘાડી ઝળહળતા કરી બતાવ્યા છે. માનવમર્યાદાઓ અને તેની ઉપર વિજયી થતું સદ્તત્ત્વ એ પાત્ર વડે જ વારંવાર વ્યાસ દર્શાવતા રહ્યાં છે. અહીં 'મહાભારત'નો એક જાણીતો કિસ્સો મનમાં રમ્યા કરે છે. અશ્વત્થામા ક્રૂર બનીને પાંડવપુત્રોને રહેંસી નાખે છે પણ તેની રાક્ષસી વૃત્તિ તો એથીય આગળ વધીને બ્રહ્માસ્ત્ર વડે ઉત્તરાના ગર્ભને પણ નિર્મૂળ કરવા સુધી પહોંચે છે. કૃષ્ણ અને પાંડવો તો નર્યા વ્યથિત હતા જ પણ કૌરવ રાજકુમાર દુર્યોધન પણ આ અધમ કૃત્ય માટે અશ્વત્થામાને પોતાની નજરથી દૂર થઈ જવા ધિક્કાર સાથે જણાવે છે. આખા કુળમાં કોઈ પિંડ સારનાર જ બચ્યું નહોતું.

કૃષ્ણ અર્જુનને આ દારુણવ્યથાની ક્ષણોમાં ખાનગીમાં કહે છે

કે તેઓ ઉત્તરાનો ગર્ભ મૃત બાળકરૂપે અવતરશે ત્યારે તેને જીવિત કરશે. અર્જુન આશ્વસ્ત થાય છે. મહાભારતના યુદ્ધના બીજે દિવસે ચારે તરફ આમ વેદનાનાં વાદળો ઘેરાયેલાં હતાં. અકળની કળ ઊઘાડી શકે તેવા કેવળ કૃષ્ણ હતા. અને મૃત બાળકને જીવિત કરવાની ક્ષણ આવી પહોંચે છે. જુઓ, વ્યાસ કેવો માર્ગ કાઢે છે! બાળકના જીવતદાન માટે દ્રૌપદીના સતીત્વની આણ અપાય છે. પણ તે મિથ્યા થાય છે. યુદ્ધિષ્ઠિર અર્થાત્ ધર્મરાજાની આણ પણ અપાય છે, તેમના સત્યપણાને આગળ કરાય છે, પણ તેય મિથ્યા નીવડે છે. અર્જુન જેવા મહાન બાણાવળી – યોદ્ધાની પણ આણ અપાય છે છતાં બાળક જીવતું થતું નથી. કહો, આવું કેમ બન્યું હશે? અરે, સદ્‌નો આશરો લેનાર પાંડવોને પણ તે માટે આગળ ધરવામાં આવે છે છતાં તે ય પ્રયત્ન બાળકને જીવિત કરવા સફળ થતો નથી! દ્રૌપદીનો બધો ગર્વ આ પ્રસંગથી ઓગળી જાય છે. તે ભીતરથી સમજી ચૂકી છે કે તેનું સતીત્વ કે પાંડવોનું બળ આખરે તો ક્યાંક ક્ષતિગ્રસ્ત છે. ખરો કર્તા તો સખા કૃષ્ણ છે અને કૃષ્ણ આવી વિકટ-વિષમ પરિસ્થિતિમાં છેલ્લે યમુનાજલ અંજલિમાં લઈ કહે છે : મારામાં જો પરમતત્વનો સંચાર હોય, સત્યનું જો મેં સદા રખોયું કર્યું હોય, હું બ્રહ્મચારી હોઉં તો તું આ મૃત બાળકના દેહમાં પ્રવેશ કર. પરમતત્વના ય પરમતત્વે કૃષ્ણના એ ઉદ્‌ગારનો સ્વીકાર કર્યો. અને ત્યાં જ બાળકનું જન્મસમયને અનુરૂપ રુદન સંભળાયું. કહો કે પરીક્ષાજનો પુનર્જન્મ થયો. કહો કે કુરુક્ષેત્ર પૂરું થયું અને સત્યનો નવી રીતે વિસ્તાર થયો. બીજી રીતે કહીએ તો કૃષ્ણ પણ ઉપસ્થિત સૌ જનોને કશો સંકેત કર્યા વિના સૌને પોતાની ભીતરની તપાસ કરવા મનોમન પ્રવૃત્ત કરે છે. જુઓ, દ્રૌપદી સમેત સર્વ પાંડવોનું સત્-સત્ત્વ ક્યાંક ને ક્યાંક ખોડંગાયું છે તે સ્પષ્ટ થાય છે. દ્રૌપદીનો બધા પાંડવોમાં અર્જુન માટેનો વધુ પક્ષપાત રહ્યો હતો. યુધિષ્ઠિરની યુદ્ધ સમયની 'નરોવા કુંજરો વા'ની વાણી પણ અર્ધસત્ય હતી. સત્ય ત્યાં અળપાયું હતું. અને અર્જુનની જે શ્રેષ્ઠ યોદ્ધા તરીકે નવાજેશ થતી હતી, તેના ખરા અધિકારી તો કર્ણ હતા. કર્ણના ઘાતક બાણ વેળા રથ નીચે ઊતરી જવાનું સૂચન કૃષ્ણનું જ હતું. બાકી અર્જુનનું મૃત્યુ નિશ્ચિત હતું. કૃષ્ણ જ સર્વ છે, સર્વની ઢાલ છે.

વાત તો છેવટે વળ લે છે માણસ ઉપર. સંજોગો, પરિસ્થિતિઓ અનુકૂળ હોય ત્યારે મળતી સફળતા ગર્વનું કારણ ન બનવાં જોઈએ. રાજા કે પ્રજા માટે મહાભારતકાળમાં ને આજે પણ કેટલીક માર્ગદર્શક રેખાઓ નિયતિએ દોરી જ આપી છે. રેખા ઓળંગનારાને એની કિંમત ચૂકવવી પડે છે. નિર્માલ્ય પ્રજા, નિર્માલ્ય રાજા કે એવું અસદ્ શાસન કુરુક્ષેત્ર તરફ દોરી જાય છે. અશ્વત્થામા જેવાઓ વિનાશનું કારણ બનતા હોય છે. ત્યાં કૃષ્ણ છે અને બધું સાચવી – સંભાળી લે છે. આપણા સમયમાં 'મહાભારત' ને કુરુક્ષેત્ર બંને છે પણ ભેદ એટલો છે કે હવે કૃષ્ણ નથી. આપણે જ કૃષ્ણ બનવું પડશે, કૃષ્ણત્વને જન્માવવું પડશે. બાકી અશ્વત્થામા હજી જીવે છે – અનેકરૂપે, અનેક રીતે, અમર્યાદ સંખ્યામાં. આપણાં સત્ત્વો નકારશે તો પરીક્ષિતના પુનર્જન્મની ક્યારેય શક્યતાઓ જ નહીં રહે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૫૩ ૫૬૫૫૧


| ભારત માટેના લવાજમના દર | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|
| ✦ વાર્ષિક લવાજમ | ₹ ૩૦૦ | ✦ 1 વર્ષનું લવાજમ | $ 30 |
| ✦ ત્રણ વર્ષનું લવાજમ | ₹ ૭૫૦ | ✦ 3 વર્ષના લવાજમ | $ 80 |
| ✦ પાંચ વર્ષનું લવાજમ | ₹ ૧૨૫૦ | ✦ 5 વર્ષના લવાજમ | $ 130 |
| ✦ દસ વર્ષનું લવાજમ | ₹ ૨૫૦૦ | ✦ 10 વર્ષના લવાજમ | $ 250 |

વાર્ષિક લવાજમ આપશ્રી $ (ડોલર)માં મોકલાવો તો $ પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બેન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે : કોટક મહિન્દ્રા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**

**SWIFT Code: KKBKINBB**

# વિરામચિહ્નો ખોવાયા છે !

## ગુલાબ દેઢિયા

**''આ**પણે થોડી વાર માટે મળીશું અને ઘણી ઘણી વાતો કરીશું.''

''મારો વિચાર જરાક જુદો છે.''

''કેમ, એવું તે શું છે?''

''આપણે ઘણી વાર માટે મળીશું અને થોડી વાતો કરીશું.''

આ સંવાદ કેવો લાગ્યો! આપણને થોડા સમયમાં ઘણી બધી વાતો કરી લેવી છે.

ખરેખર તો થોડા સમયમાં ઘણું ઘણું કહી દેવું છે. એક બોલે અને બીજો સાંભળે એ ઉત્તમ તબક્કો છે, બન્ને બોલતા રહે અને કોઈ ન સાંભળે એ નિમ્ન તબક્કો છે. બન્ને માફકસરનું બોલે, વચ્ચે વચ્ચે વિરામ મૂકે, અટકે, અવકાશ સર્જે, શાંત રહે, શબ્દોને વિહરવા દે, ખુલવા દે, વિકસવા દે, સમજવા અને ખાસ તો માણવા માટે, મનમાં ઉતારવા માટે જરાય ઉતાવળ ન કરે. હળવે હળવે એ સુમધુર ક્ષણોના સાક્ષી બને, સમયનું સન્માન કરે, તો તો કેટલું બધું રૂડું થાય!

બોલતાં તો આપણને આવડે છે. બાળક વહેલું બોલતાં શીખે એ માબાપ ઇચ્છે છે. બાળકના પહેલા શબ્દના ઉચ્ચારણને ઉત્સવ સમજે છે. એ કાલીઘેલી બોલીમાં આનંદ હોય છે.

પછી આપણે બોલવાનું શીખીએ છીએ. કાન એમાં મદદ કરે છે. બોલવાનું ગતિ પકડતું જાય છે. સાંભળવાનું તો શીખવાનું ગતિ પકડતું જાય છે. સાંભળવાનું તો શીખવાનું હોતું નથી! એને શીખવાની ચીજ સમજતા જ નથી. મોં બંધ રહી શકે છે. કાનને દરવાજા તો નથી. હજારો અવાજો, શબ્દો આવ્યા જ કરે છે. ઠલવાયા કરે છે. બોલવું મરજીની વાત છે. સાંભળવામાં ઇચ્છા-અનિચ્છા નથી ચાલતી.

બહુ બોલ બોલ કરીએ છીએ એટલે સાંભળવાનું મૂલ્ય ખોઈ બેસીએ છીએ. સાંભળવાનું શીખવા જેવું છે. એમાં રસ પડે તો બોલવાના બોજમાંથી બચી શકીએ. વક્તા બનવું કદાચ સહેલું છે, પણ શ્રોતા બનવું અઘરું છે.

આપણે વાંચતાં-લખતાં શીખીએ છીએ ત્યારે વિરામચિહ્નોની સમજ આપવામાં આવે છે. બોલવામાં કે વાંચવામાં અલ્પવિરામ, પૂર્ણવિરામ, ઉદ્ગાર ચિહ્ન કે પ્રશ્નાર્થ ચિહ્ન જેવું ભૂલવા માંડ્યા છીએ.

નવા વિચાર સાથે નવો પૅરેગ્રાફ આવે, એવું બને છે ખરું?

બોલનાર પૂરું બોલી લે, પછી જરા વિચાર કરીએ પછી વાત આગળ વધારીએ એવું આપણે ક્યાં કરીએ છીએ? બોલનારની વાતને વચ્ચેથી કાપી નાખી, આપણને જે કહેવું છે તે ધરાર કહી દઈએ છીએ. સામેની વ્યક્તિ પણ એ જ કરે છે. તેથી સંવાદ નથી થતો. વાતોમાંથી આનંદ અલોપ થઈ જાય છે.

ચિત્રકાર પાસે જુદા જુદા રંગની અનેક ડબ્બીઓ ભરેલી હોય છે. તે ચિત્રમાં બધા રંગ ઠાલવી નથી દેતો. ખપ પ્રમાણે રંગ પૂરે છે. વિચારે વધુ છે. પીંછી ઓછી ચલાવે છે. ચિત્ર શોભી ઊઠે છે. સંગીતકાર વાજિંત્રોની તડાતડી નથી બોલાવતો. સૂર અને અવકાશ બન્નેનો સુમેળ કરે છે. હાર્મની એને જ તો કહેતા હશે!

વાતચીતમાં મનભર અવકાશ સર્જવાનું સૂઝે ત્યારે સંવાદ સુખદ બની રહે છે. વિરામ ચિહ્નો વાપરવા જેવા છે. જરૂર પડે ત્યાં અટકવા, થંભવા, ધીરા પડવા, શબ્દોને ઢબૂરી દેવાની સમજ આવવી જોઈએ.

એ બધું ત્યારે શક્ય બને, જ્યારે મનમાં નિરાંત હોય, બધું જ ઠાલવી દેવાની ધડપડ ન હોય, વાતનો સ્વાદ લેવાની ઝંખના હોય. અન્યના કાનની ઈજ્જત કરવાનું ભાન હોય, મિલનના સમયને ધન્ય કરવાનો ખંત હોય તો આવું થાય. એ અઘરું નથી. આપણું ધ્યાન નથી ગયું એટલું જ.

એ બેઠક, એ સવાર, એ સાંજ, એ ગોષ્ઠિ, એ વાર્તાલાપ, એ સંવાદ, એ મેળાવડો બધું રમ્ય થઈ ઊઠે! પામવાનું ભાગ્ય પ્રાપ્ત થાય.

બોલવું અને બોલી નાખવું, જુદું છે ને! અસ્ખલિત, ધારદાર, ધૂંવાદાર એના એવા વક્તવ્યોને બહુ વખાણ્યા, બહુ બોલ્યા, ભાષણોના મૂઢ મારને બહુ ઝીલ્યો. હવે અટકતા, ઝૂલતા, ટહેલતા, શ્વાસને અડે એવા શબ્દગુચ્છને ઝીલવું છે. મૌને અને સ્મૃતિ, ભાવ અને રંગરસ છટા સમીપ રહે એવી વાતો કરવી છે. સાંભળવી છે.

શ્રોતા બનતાં શીખવું છે. ના, શ્રોતા બનવું જ છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૦૯ ૧૧૮૫૨

# દેવચંદ્રજી ચોવીસીમાં મલ્લિનાથ ભગવાનના સ્તવનમાં વર્ણવેલું ષટ્કારક સ્વરૂપ આત્માનું ષટ્કારકપણું

ડૉ. રશ્મિ ભેદા

જિનભક્તિ મુક્તિનું પ્રધાન અંગ છે. મોક્ષ પ્રાપ્તિનું સરલ અને સચોટ સાધન એ પરમાત્મભક્તિ છે. જિનેશ્વર પરમાત્માનાં સેવા-પૂજા-ભક્તિ કરનાર ભક્ત પણ અનુક્રમે જિન-ભગવાન બને છે. ભક્તિનો આ કબૂલાત છે, 'તમે જેની ભાવથી ભક્તિ કરો, તેના જેવા તમે બનો.' એ ભક્તિ નિષ્કામ, મોક્ષલક્ષી હોવી જોઈએ. એટલે જ ભક્તામર સ્તોત્રમાં આ માનતુંગસૂરિ કહે છે,

**नात्यद्भुतं भुवन भूषण भूतनाथ ।**
**भूतैर गुणैर भूवि भुवंत मभिष्टुवन्त:**
**तुल्या भवंति भवतो ननु तेन किंवा**
**भुत्याश्रितं ष: इह नात्म समंकरोति । (१०)**

જિનભક્તિ અચિંત્ય મહિમાને વર્ણવતી ઘણી કૃતિઓ જ્ઞાની મહાત્માએ રચી છે. તેમાં યોગીરાજ આનંદઘનજી, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી, શ્રીમદ્ દેવચંદ્રજી, પંડિત શ્રી જ્ઞાનવિમલસૂરિજી આદિ મહાત્માઓએ અત્યંત ભાવપ્રેરક અને અધ્યાત્મથી ભરપૂર એવી કૃતિઓની રચના કરી છે. આમાંથી વિશિષ્ટ જ્ઞાનગરિમા અને ભક્તિ પ્રતિભા ધરાવતા ગણિશ્રી દેવચંદ્રજીએ વર્તમાન ચોવીસીના તીર્થંકર પરમાત્માઓના અસાધારણ ગુણોની સ્તુતિ સ્તવના કરતા, તેઓએ પ્રતિવાદિત કરેલા તત્ત્વજ્ઞાનમય ભક્તિમાર્ગ પર પ્રકાશ પાથરતા ચોવીસ સ્તવનોની રચના કરી છે. આ ચોવીસ જિનસ્તવનોની રચના દ્વારા પરમતત્ત્વની ઉપાસનાનું સરલ, સચોટ અને શાસ્ત્ર સાપેક્ષ માર્ગદર્શન કરાવ્યું છે. પ્રાથમિક કક્ષાથી પ્રારંભી ટોચ સુધીનાં ભક્તિની ભૂમિકાઓનું વર્ણન કરતા ગણિશ્રી દેવચંદ્રજીએ ભક્તિયોગની સાથે જ્ઞાનયોગ અને ધ્યાનયોગનું પણ નિરૂપણ કર્યું છે. ભક્તિ પ્રત્યેક શુભ યોગનાં પૂરક, પ્રેરક અને વ્યાપક છે. જીવનમાં ભક્તિની સાથે તત્ત્વજ્ઞાન ભમે છે, વધે છે, તેમ તેમ ભક્તિમાં ઊંડાણ આવે છે. પરમાત્માની સેવા-પૂજા-ભક્તિપૂજા કરવાથી ચિત્ત નિર્મળ બને છે, સ્થિર બને છે. નિર્મળ-નિશ્ચિત ચિત્ત ધ્યાનયોગમાં સહેલાઈથી પ્રવેશ પામી પ્રગતિ સાધી શકે છે. અરિહંત પરમાત્માના સતત ધ્યાનાભ્યાસથી પરમતત્ત્વનું ધ્યાન થાય છે અથવા તો જિનેશ્વરનું ધ્યાન એ વસ્તુતઃ પરમતત્ત્વનું ધ્યાન છે. પરમાત્મા અને પરમતત્ત્વ એ બંને તત્વતઃ એક જ છે. સાધક પરમતત્ત્વની સ્તવના અને એના દ્વારા ભક્તિયોગ, જ્ઞાનયોગ અને ધ્યાનયોગની સાધના કરીને ક્રમે ક્રમે પરમતત્ત્વની અનુભૂતિ સુધી પહોંચી શકે છે. પ્રસ્તુત જિનેશ્વર પરમાત્મા મલ્લિનાથ ભગવાનના સ્તવનમાં ગણિશ્રી કહે છે; શ્રી મલ્લિનાથ ભગવાન જગતના જીવોના નાથ છે, રક્ષક છે, મોક્ષપથના દર્શક છે, કલ્યાણવાંછુ જીવોને મોહથી મુક્ત થવા અર્થે પ્રબળ નિમિત્ત છે. તેમના ચરણયુગલનું ધ્યાન કરવાથી અર્થાત્ જ્ઞાન અને ક્રિયાની યથાર્થ આરાધનાથી શુદ્ધ પરમાત્મપદનો પ્રાદુર્ભાવ થાય છે એનું રહસ્ય પ્રસ્તુત સ્તવનમાં ગણિશ્રી ષટ્કારકના પરિણમનના આધારે ઉદ્ઘાટિક કરે છે. ષટ્કારક જે આત્માની છ વિશિષ્ટ શક્તિઓ છે એનું સ્વરૂપ સમજાવ્યું છે. વિશ્વના સર્વ કોઈ કાર્યોમાં ષટ્કારક(ચક્ર)ની પ્રવૃત્તિ અવશ્ય હોય છે. કોઈ પણ કાર્ય કે ઘટનાની સિદ્ધિ ૬ કારણોની પ્રવૃત્તિ વિના થતી નથી, શક્ય નથી.

૧. કર્તા – જે સ્વાધીનપણે કાર્ય કરે તે,

૨. કર્મ – કર્તા ક્રિયા વડે જે પ્રાપ્ત કરે તે,

૩. કરણ – કર્તા જે વડે એનું કાર્ય સિદ્ધ કરે તે,

૪. સંપ્રદાય – જેને કાર્યનો લાભ પ્રાપ્ત થાય તે,

૫. અપાદાન – જેનાથી છૂટું પડે, દૂર થાય તે,

૬. અધિકરણ – જેના આધારે અથવા જ્યાં કાર્ય થાય તે.

આ ષટ્કારકને ચક્ર કહેવાય. આ ષટ્કારક ભેગા થાય તો સિદ્ધિરૂપી કાર્ય થાય.

દાખલા તરીકે ઘટસર્જનનું પ્રચલિત ઉદાહરણ લઈએ તો અહીં

કર્તા – એ કુંભકાર છે જે ઘટકાર્યની પ્રવૃત્તિ કરનાર છે.

કાર્ય – ઘટ બનાવવાનો સંકલ્પ છે.

કરણ – માટીનો પિંડ એ ઉપાદાન કારણ છે અને દંડ ચક્રાદિ નિમિત્ત કારણ છે. તે બંને ઘટ બનાવવાના પ્રધાન સાધનો છે.

સંપ્રદાન – માટીના પિંડને સ્યાસ, કોશ આદિ નવા નવા પર્યાયોની પ્રાપ્તિ તે.

અપાદાન – પિંડાદિ પૂર્વ પર્યાયનો નાશ થવો તે.

આધાર – ઘટાદિ સર્વ પર્યાયોનો આધાર ભૂમિ ક્ષેત્ર છે. ઘટકાર્યની જેમ દરેક કાર્યમાં ષટ્કારકની પ્રવૃત્તિ અવશ્ય હોય છે.

સંસારી આત્મા પણ કર્મબંધરૂપ કાર્યને અનાદિ કાલથી કરી રહ્યો છે તેથી તેના ષટ્કારક અનાદિથી બાધકભાવે પરિણમી રહ્યા

છે. પ્રત્યેક આત્મામાં અનંત ગુણો છે પરંતુ અજ્ઞાનદશામાં મિથ્યાત્વનું આવરણ હોવાથી તે ગુણોનું પ્રવર્તન વિપરીતરૂપે થાય છે જેમ કે જ્ઞાન-અજ્ઞાનરૂપે પરિણમે છે, વીતરાગતા રાગ અને દ્વેષરૂપે પરિણમે છે. જ્યાં સુધી જીવ પરદ્રવ્ય અને પરભાવમાં અહં-મમત્વ કરે છે, કતૃત્વ-ભોક્તૃત્વમાં રાચે છે ત્યાં સુધી તેના ગુણો, તેની શક્તિ વિપરીત દિશામાં જ ગતિ કરે છે અને જીવને આ ષટ્કારક બાધક બને છે. મલ્લિનાથ ભગવાનના ચરણકમલના ધ્યાનથી એ જ ષટ્કારકની શક્તિઓ બાધકપણું છોડી સાધકપણું પ્રાપ્ત કરી સિદ્ધિરૂપે પ્રાપ્તિ કરાવશે. એટલે પરિણમનની દિશા બદલાવીને બાધક બનતી શક્તિ સાધક બનાવવાની છે. વરાળ દાહક ચીજ છે, પણ વિવેક વડે ઉપયોગ થાય, તેને કેન્દ્રિત કરવામાં આવે તો આખી ટ્રેન ખેંચી શકે. કાર્યસિદ્ધિ માટે કારણ સામગ્રી જોઈએ, એના માટે વિષયકષાયમાં પરિણમતું પરિણમન એ ષટ્કારચક્રથી યોગ્ય રીતે બદલી શકે.

અનાદિકાળથી જીવ રાગદ્વેષાદિ ભાવકર્મ અને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો 'કર્તા' બન્યો છે. આ ભાવકર્મ અને દ્રવ્યકર્મના બંધરૂપે જે કાર્ય તે તેનું 'કર્મ' છે, તે ષટ્કારકનું બીજું કારક છે. રાગદ્વેષાદિ પરિણતિરૂપ ભાવાસ્ત્રાવ અને અષ્ટકર્મનો દ્રવ્યાસ્ત્રાવ તેનું 'કરણ' નામે ત્રીજું કારક છે. સ્વગુણોની અશુદ્ધતા અને દ્રવ્યકર્મની પ્રાપ્તિ એ 'સંપ્રદાન' નામે ચોથું કારક છે. શુદ્ધતાનું છૂટવું, આત્મસ્વરૂપનું અવરોધિત થવું એ 'અપાદાન' છે. નિજ અશુદ્ધ ભાવદશા એ 'અધિકરણ' છે. જે છઠ્ઠું કારક છે. આ રીતે આ છ કારકનું ચક્ર – – ષટ્કારક અનાદિથી અશુદ્ધપણે બાધકતાપણે આત્માને પરિણમી રહ્યું છે.

આત્માની અનંત શક્તિ પર કર્મોનું આવરણ છે. વીર્યાંતરાય કર્મના ક્ષયોવશમથી જે થોડી શક્તિ પ્રગટી પણ છે, તે સઘળી મિથ્યા શ્રદ્ધાન અને મિથ્યા જ્ઞાનના પરિણામે ઊલટી દિશામાં પ્રવૃત્ત હોવાથી આત્મવિકાસમાં બાધક બને છે. ચક્રનો કર્તા એને જે દિશામાં વેગ આપે તે દિશામાં ચક્ર ગતિ કરે છે. કઈ દિશામાં ચક્રને વેગ આપવો તેમાં કર્તા સ્વતંત્ર છે. જીવને જ્યારે આ સત્ય સમજાય છે ત્યારે શ્રી અરિહંત પરમાત્માના (શ્રી મલ્લિનાથ પરમાત્માના) આલંબન વડે પોતાની શુદ્ધ સત્તા પ્રગટ કરવાની રૂચિ જાગે છે, પરિણામે તેનું કારક ચક્ર દિશા બદલે છે, બાધક મટી સાધક અર્થાત્ આત્મસિદ્ધિમાં ઉપયોગી થાય છે. જ્યારે સાધક આત્મા, પોતાનો સ્વધર્મ નીપજાવવા પરિણમાવે ત્યારે એ છ એ કારક સાધકપણે પરિણમી શુદ્ધ સ્વરૂપ થાય. સ્વ-કલ્યાણનો અભિલાષી જીવ જ્યારે પૂર્ણ શુદ્ધ, નિષ્કલંક, નિર્દોષ, નિર્ગમ એવા શ્રી મલ્લિનાથ ભગવાનનું પુષ્ટ આલેખન પ્રાપ્ત કરી પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાપૂર્વક દર્શન, પૂજન, વંદન, સ્મરણ, ધ્યાનાદિમાં લીન બને છે ત્યારે પ્રભુ સમ નિજ પૂર્ણતાનો ખ્યાલ આવે છે, શુદ્ધ આત્મતત્વની રૂચિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે ત્યારે ચોથા ગુહાસ્થાનકથી આરંભીને ચૌદમા અયોગી ગુણસ્થાનક સુધી ષટ્કારક સાધકભાવે પ્રવૃત્તિ કરે છે અને સિદ્ધ અવસ્થામાં સ્વકર્તાદિ કારક ચક્ર તે શુદ્ધ પરિણામિક ભાવે પરિણમે છે. સાધકભાવને પ્રાપ્ત થયેલ ષટ્કારકનું ચક્ર એ ચક્રવર્તીના ચક્રરત્નનો જેમ કર્મશત્રુને વિદારણ કરવામાં સંપૂર્ણ સમર્થ બને છે. કર્મનું વિદારણ અને સ્વરૂપનું પ્રગટીકરણ એ જ કારકતોના સાધક સ્વભાવ છે.

આ ષટ્કારકના બે ભેદ છે – વ્યવહાર ષટ્કારક અને નિશ્ચય ષટ્કારક – બે દ્રવ્ય વચ્ચે સંબંધ બાંધીને આખી વાત સમજાવીએ એ ષટ્કારક વ્યવહાર ષટ્કારક કહેવાય.

નિશ્ચયનયથી એ ક્રિયામાં સમજવું હોય તો છ એ કારક એક જ વસ્તુમાં હોય એ નિશ્ચય ષટ્કારક કહેવાય. આત્મકલ્યાણ સાધવું છે એને મુખ્યનય અર્થાત્ નિશ્ચય નયનો આધાર લેવો જ પડશે.

આત્મા પરનો કર્તા છે એ વ્યવહાર ષટ્કારક છે.

આત્મા પોતાના પરિણામનો કર્તા છે એ નિશ્ચય ષટ્કારક છે.

આ કારકચક્રની અનાદિકાલીન બાધક પ્રવૃત્તિને અટકાવી દઈને મોક્ષસાધક પ્રવૃત્તિમાં તેને ગતિમાન કરવાનો ઉપાય શાસ્ત્રોમાં નીચે પ્રમાણે દર્શાવવામાં આવ્યો છે :

**૧. પરમાત્મભક્તિ** : અનંત ગુણના ભંડાર, સ્વરૂપરમણી, સ્વરૂપાનંદી, શાંત સુધાસિંધુ એવા શ્રી અરિહંત પરમાત્માના દર્શન, પૂજન, વંદન, સ્મરણ, ધ્યાન અને આજ્ઞાપાલન કરવાથી જ્યારે પ્રભુની પૂર્ણ પ્રભુતા જેવી પોતાની પૂર્ણ પ્રભુતાનું ભાન થાય છે ત્યારે તેને પ્રગટાવવાની રૂચિ-અભિલાષા, જાગ્રત થાય છે, ત્યારે કર્તાદિ કારકો સ્વભાવના સાધક બને છે. માટે સૌ પ્રથમ પરમાત્માના દર્શન, પૂજન, વંદન આદિ ભક્તિ બહુમાનપૂર્વક કરવા તત્પર થવું જોઈએ.

**૨. આત્મસંક્ષેપ્રણ દ્વારા આત્મશિક્ષા** : આત્માને અહર્નિશ આ પ્રમાણે હિતશિક્ષા આપવી જોઈએ. હે ચેતન! તું આ સંસારમાં વિષય-કષાયની દુષ્ટ પ્રવૃત્તિ કરીને તેના સાધનો તન, ધન, સ્ત્રી, પુત્રાદિ પરિવાર આદિમાં અત્યંત આસક્તિ રાખે છે. પરંતુ આ તારી વિભાગ પરિણતિ છે. તારું મૂળ સ્વરૂપ તો તેનાથી જુદું છે, શુદ્ધ સ્વરૂપ છે. માટે આ બધી વસ્તુઓમાં મમત્વ, કતૃત્વ, ભોક્તૃત્વ, અહંભાવ શા માટે રાખે છે? આ મળેલા સંયોગો નાશવંત છે,

ક્ષણિક-અલ્પ સમય પૂરતા જ છે. તેના સંયોગથી તું તારા શુદ્ધ સ્વરૂપને વીસરી ગયો છે જેના લીધે તને જન્મ, જશ, મરણાદિકના અનંત દુઃખોની પરંપરા ભોગવવી પડે છે. માટે હે જીવ! હવે તું જિનવાણી રૂપ અમૃતનું પાન કરીને રાગદ્વેષાદિ વિભાવ વિષને દૂર કર અને તારા શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવા માટે દઢ નિશ્ચયી બન. આ જ તારું મહાન કર્તવ્ય છે. સત્ દેવ-ગુરુ અને ધર્મના પુષ્ટ નિમિત્તને પામીને તું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રાદિ ગુણોને પ્રાપ્ત કર. હે જીવ! તારી સર્વ સંપત્તિનો આધાર પણ તુ પોતે જ છે. માટે તુ તારા તત્વને પ્રગટ કરવા સદા પુરુષાર્થ કર અને જાગ્રત થા.

**૩. આત્મભાવના :** ઉપર્યુક્ત રીતે શુભ ભાવનાથી ભાવિન થયેલો આત્મા પરમાત્મા ધ્યાનમાં તન્મય બની શકે છે. પરમાત્મસ્વરૂપમાં સ્થિરતા મેળવવા આ પ્રમાણે ભાવના ભાવવી જોઈએ –

(૧) એકતા – હું જ્ઞાનાદિ અનંત ગુણ પર્યાયના સમુદાય સ્વરૂપ એક, અખંડ, અવિનાશી આત્મદ્રવ્ય છું.

(૨) નિશ્ચયનયની અપેક્ષાએ હું પૂર્ણ, શુદ્ધ, નિષ્કલંક, નિર્દોષ, નિરામય, નિઃસંગ આત્મા છું. જોકે વ્યવહારનયની અપેક્ષાએ અનાદિકાળથી પરભાવમાં લુબ્ધ બની, સ્વભાવભ્રષ્ટ થઈ અશુદ્ધ થયેલો છું. છતાં સ્વભાવથી તો હું શુદ્ધ ગુણ પર્યાયમય જ આત્મા છું.

(૩) નિમર્મ - હું મમત્વ (મારાપણા)થી રહિત છું, કેવળ જ્ઞાનમય અને દર્શનમય છું. શુદ્ધ સ્વરૂપના ભાસન અને રમણતામાં સ્થિર થયેલો હું સર્વ બાહ્ય અને અભ્યંતર ઉપાધિઓનો નાશ કરી રહ્યો છું.

આ પ્રમાણે પ્રભુભક્તિ અને આત્મભાવના આદિ ઉપાયો દ્વારા ષટ્કારક ચક્ર શુદ્ધ આત્મસ્વરૂપનું સાધક બને છે અને સાધકતાને પામેલા કારકોની પ્રવૃત્તિ પરિવર્તન પામે છે ત્યારે સાધકને, 'હું આત્મધર્મનો કર્તા છું.' આત્યધર્મમાં પરિણમવું એ મારું કાર્ય છે; જ્ઞાનાદિ ગુણો એ મારા આત્મધર્મને અનુરૂપ પ્રવૃત્તિ કરે છે, આત્માની અપૂર્વ શક્તિઓ ક્રમશઃ પ્રગટતી જાય છે અને સમગ્ર ગુણપર્યાયનો આધાર મારો આત્મા જ છે એવી પ્રતીતિ થાય છે. આ રીતે 'ષટ્કારક' સાધક ભાવને પામે છે ત્યારે અવશ્ય સિદ્ધતારૂપ કાર્ય સિદ્ધ થાય છે.

શ્રી અરિહંત પરમાત્માની સેવા એ જ મોક્ષપ્રાપ્તિનો સરળ અને સર્વશ્રેષ્ઠ ઉપાય છે એટલે જ સર્વ મુમુક્ષુ આત્માઓએ જિનભક્તિમાં તત્પર અને તન્મય થવા સદા ઉદ્યમશીલ બનવું જોઈએ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૬૭૧ ૮૬૪૪૦

# 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' સુવર્ણગ્રંથ અર્પણ અવસર 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ'નો આંખે દેખ્યો–હૃદયે માણેલો અહેવાલ

**આલેખન : ભારતી દિપક મહેતા**

દિનાંક ૧૪.૦૨.૨૦૨૧ના રવિવારના રોજ શ્રી આરાધના ધામ તીર્થભૂમિ, હાલાર મધ્યે પરમ પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય મહારાજ સાહેબ, પૂજ્ય આચાર્ય શ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂજ્ય આચાર્ય શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા અન્ય શ્રમણ-શ્રમણીજી ભગવંતોની પાવન નિશ્રામાં ઉજવાયો એક અનોખો – અભૂતપૂર્વ અવસર, નામે : 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વે.'

ગુરુ એટલે અહીં પૂજ્ય પંન્યાસશ્રી ભંદ્રકરવિજયજી ગણિવર્ય મહારાજ અને ગ્રંથ એટલે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથશ્રેણી. છેલ્લા પાંચ વર્ષથી રાજકોટમાં અવિરતપણે આ યજ્ઞકાર્ય થઈ રહ્યું છે, જ્યાં પૂજ્ય પંન્યાસજી મહારાજની ૨૨૪ રોજનીશીઓમાં રેલાયેલ અધ્યાત્મનાં અમૃતને પુનઃ તેઓના જ હસ્તાક્ષરોમાં ઢાળીને ગ્રંથોનું પ્રકાશન થાય છે.

આ ગ્રંથશ્રેણીના પચાસમા સુવર્ણગ્રંથ અર્પણ અવસરે પ્રતીત થયું કે પૂન્ય પંન્યાસજી મહારાજની અ-ક્ષર ઉપસ્થિતિ પણ જાણે પ્રત્યક્ષ ન હોય! ચરમ તીર્થપતિ પ્રભુ વીરના જિનાલયે ૭૦ જેટલા પંચમહાવ્રતધારી આત્માઓની નિશ્રામાં મોરપીંછના શુકન થયેલી વહેલી સવારને ત્યાં ઉપસ્થિત ૧૬૦ શ્રાવકોએ 'શક્રસ્તવ સ્તોત્ર અભિષેક' અનુષ્ઠાનથી મઢી દીધી હતી! અરે... સૌએ 'શિવમસ્તુ સર્વ જગતઃ'નાં ભદ્રંકર અહાલેકથી જાણે મહા સુદ ત્રીજની સવારને લીંપી દીધી હતી.

જ્ઞાનયોગ-કર્મયોગ-ભક્તિયોગના ત્રિવેણી સંગમમાં સદ્યસ્નાતા થયેલાં ભવિકજનો પુનઃ સંમિલિત થયાં સવારે ૯:૪૫ કલાકે તીર્થભૂમિનાં પટાંગણમાં, જ્યાં જામનગરના તપોવન સંકુલમાંથી આવેલ

વિદ્યાર્થીઓના બેન્ડની સુરાવલીએ સૌ ગુણીજનોને ભાવથી સત્કાર્ય!

જે સત્ય સમીપે લઈ જાય તે સાહિત્ય... અને સત્ય તો કોને પામવું ન હોય? પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશીઓમાં ગોપાયેલાં સનાતન સત્યો જે અદ્યપિ પ્રકાશિત ૫૦ ગ્રંથોમાં ગૂંથાયેલ છે, તે ગ્રંથોને હૃદયોર્મિપૂર્વક શિર ઉપર ધરી થનગનતાં પાયે, વાજતે-ગાજતે અને બહુમાનપૂર્વક જ્યારે ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો, ત્યારે ખરેખર જ સ્મરણમાં આવી પૂજ્ય પંન્યાસજી મહારાજની આગમન એવં ઉર્ધ્વગમનની ઐતિહાસિક નગરી પાટણમાં ગજરાજની અંબાડી ઉપર આરૂઢ 'સિદ્ધહેમવ્યાકરણગ્રંથ'ની શોભાયાત્રા!

શુભત્વ અને શિવત્વના સાયુજ્યે સમુહ ગુરુવંદન પશ્ચાત્ બરાબર ૧૦.૧૫ કલાકે પરમ પૂજ્ય આચાર્યશ્રી હેમપ્રભુસૂરીશ્વરજીની પહાડી બાનીમાં માંગલિક શ્રવણ કરી, પૂજ્ય પંન્યાસજી મહારાજની પ્રોજ્જવલ પ્રતિમા પરિસર સ્થાપિત કરાયાં 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' શ્રેણીનાં એ સર્વે પચાસે ગ્રંથ, જેનાં તેજોવલયમાં 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ'ની મંગલ શરૂઆત કરવા સુરતનાં તપોવની શ્રાવક શ્રી દર્શનભાઈ શાહે શબ્દમોતીઓથી સાંકળવા માંડ્યાં એક પછી એક સોપાનને!

કાર્યક્રમની પૂર્વભૂમિકા પશ્ચાત્ હસ્તાક્ષર ગ્રંથપ્રાગટ્યનાં ઇતિહાસનું વિવરણ પ્રારંભ્યું પરમ પૂજ્ય આચાર્ય શ્રી હેમપ્રભસૂરિજીએ, જેમાં કઈ રીતે પૂજ્ય પંન્યાસજી મહારાજ નિત્ય સવારે જિનમંદિરે પ્રભુ સાથે સંવાદ સાધ્યા પછી પરત ફરીને તેઓની રોજનીશીઓનું લેખન કરતાં, તે વાત સ્મૃતિવંત કરી.

વળી તેઓના કાળધર્મના સાડા ત્રણ દાયકા પશ્ચાત્ કઈ રીતે ભારતભરમાંથી તેઓની હસ્તલિખિત રોજનીશીઓને એકઠી કરાવીને આગમમંજૂષા સમી તેમની અનુપ્રેક્ષાઓને ગ્રંથરૂપે પરાવર્તિત કરાવવાનો નિર્ણય લેવાયો, તેની રસભરી કહાણી તેઓશ્રીએ રજૂ કરી અને 'પારસમણિ' રૂપે પૂજ્ય પંન્યાસજી મહારાજનું જીવનચરિત્ર પ્રગટ થયાં પછી તેઓની આ ગ્રંથશ્રેણ માટે જૈન શાસનના તમામ ફિરકાઓમાં દર મહિને એક વધુ ગ્રંથ ઉપલબ્ધ કરવાની કેટલી બધી ચાહ અને ઉત્કંઠા રહે છે તેની વાત કરી, ત્યારે તો શ્રોતાજનો સર્વે બહુમાનવિભોર બની રહ્યાં!

''આજે ચારે દિશાઓમાં સ્વાધ્યાય કરતાં લગભગ પ્રત્યેક શ્રમણ સમુદાયમાં આ જ ગ્રંથોની વાચાના ચાલી રહી છે અને કોરોના કાળમાં વિહારાદિ સ્થગિત થતાં સૌને જાણે આ વચનામૃતો થકી આત્મઉઘાડ કરવા વધુ અવકાશ મળી રહ્યો છે'' તેવા આચાર્યશ્રી હેમપ્રભસૂરિજીના ઉદ્ગારોને આપણે વધાવવા જ રહ્યાં!

'સત્યને વાણી નથી, સત્યની ભાષા મૌન છે.' એ તાત્ત્વિક વાક્યને આત્મસાત્ કરીને સતત મૌનપણે સમગ્ર ગ્રંથાવલીનું પ્રૂફ ચેકીંગ તથા સંસ્કૃત શ્લોકોના અનુવાદ કરનાર સાધ્વીશ્રેષ્ઠા પૂજ્ય ભાવવર્ધનાશ્રીજી મહારાજના વિદુષી શિષ્યરત્ના પૂજ્ય જિનમતિશ્રીજી મહારાજ સહિતના શ્રમણીજીવૃંદનો ઋણસ્વીકાર કરી જ્યારે વાસક્ષેપ પ્રક્ષેપ થયો, ત્યારે તેઓ તરફ સૌ સભાજનો કૃતજ્ઞતા અનુભવી રહ્યાં!

તત્પશ્ચાત પૂજ્ય પંન્યાસજી મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં જ આ ગ્રંથોનું કઈ રીતે સર્જન થાય છે, તેની કાર્યપ્રણાલિ દર્શાવતી એક લઘુ ફિલ્મ બૃહદ્ પડદા ઉપર જોઈને તો સર્વની ભીતરની કસ્તૂરી થકી ત્યાંનું ભાવાવરણ પણ બની ગયું અધિક સુરભિત!

આ ગ્રંથરત્નોના અજવાસમાં બહુમાન યાત્રા આગળ વધી, જ્યારે રાજકોટનાં કાર્યાલયે વવાયેલાં એ કલ્પવૃક્ષોની છાંયામાં કાર્ય કરતાં ત્રીસથી વધુ કમ્પ્યુટર વિશેષજ્ઞો સાથે કઈ રીતે અપ્રમાદપણે આઠે પહોર કાર્ય કરી ગુરુકૃપા મેળવવા તેઓ ભાગ્યશાળી બની રહ્યાં છે, તેના સંવેદનોની તવારીખ રજૂ કરી શ્રીમતી ભારતીબેન દિપકભાઈ મહેતાએ. એ વર્ણવતાં તેઓ સ્વયં તો વારંવાર લાગણીભીના બન્યાં જ, કિન્તુ સભા પણ જાણે બહુમાનની વર્ષામાં ભીંજાઈને સર્જન સંવેદનના એ તરાપામાં સાથે જ વહી રહી!

મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ. ડી.ની ઉપાધિ મેળવવા આ ગ્રંથશ્રેણી ઉપર બે સ્કોલર્સ દ્વારા સંશોધન પત્રો તૈયાર થઈ રહ્યાં છે, તે સુણીને તો તાળીનો ગડગડાટ છવાઈ ગયો! ખરી વાત છે, વર્ષોથી બંધ રહેલ અત્તરની બાટલીઓ ખૂલી તો એવી ખૂલી છે કે જાણે અધ્યાત્મસૌભરનાં દૈવી ફૂવારાઓ, જેની સુગંધિત છોળોમાં સૌનો આત્મા વિશુદ્ધ થતો અનુભવાયો!

જે સમયમાં દ્રવ્ય કરતાં ધર્મ અને રાજા કરતાં જ્ઞાની મોટા ગણાતાં હતાં, તે સમયને યાદ કરાવી દીધો પોતાના શાલિન વક્તવ્યોમાં પૂજ્ય પંન્યાસશ્રી જયધર્મવિજયજી મહારાજે, ગણિવર્યથી જિનધર્મવિજયજી મહારાજે, મુનિરાજશ્રી નયનરત્નવિજયજી મહારાજે તથા મુનિરાજશ્રી જિનભદ્રવિજયજી મહારાજ સાહેબે, જેઓ દરેકે જ્ઞાનની વિરાસતને આગળ વધારનાર પરંપરાને 'ભદ્રંકર યુગ' તરીકે સ્થાપિત કરવા સહાય કરી.

ઉત્તમથી સર્વોત્તમ તરફની જીવનયાત્રામાં આગળ ધપવા માટે આ ગ્રંથોની કેટલી બધી સહાયતા મળે તેમ છે, તેવા મધ્યવર્તી સૂર સાથે એ પછી સંવાદ માંડ્યો પંડિતવર્યશ્રી વસંતભાઈએ, મુંબઈનાં પંડિતવર્ય ઈન્દ્રચંદ્રજીના વિદ્વાન આત્મજ ડૉ. અભય દોશીએ, પોતાની અંગ્રજી વક્તવ્યમાં સુશ્રી જૈનીબેન નિલેશભાઈએ તથા શ્રી ભાવિનભાઈ,

શ્રી અજીતભાઈ અને શ્રી વિમલભાઈ સમા અનેક ભાવિકોએ!

પરમ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યની પાવક ઉષ્માભરી ઉપસ્થિતિ ઉપરાંત તેમના લઘુ – અતિવ મધુર અને આંતર-ઉંડાણમાંથી પ્રગટેલ ગુરુ બહુમાનથી ભાવિત વક્તવ્યે તો ઉપસ્થિત સૌને ન્યાલ - ન્યાલ કરી દીધાં!

પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ઉદયરત્નગણિવર્યજી દ્વારા રચિત અને શ્રી આલાપ દેસાઈ દ્વારા ધ્વનિમુદ્રિત 'હસ્તાક્ષર થીમ સોંગ'ની ધૂન સાથે પ્રાંતે આ સંપૂર્ણ પ્રકલ્પના અર્થસારથિ મુંબઈ-વડોદરાના શ્રાવકવર્યશ્રી સી. કે. મહેતાના વરદ્‌હસ્તે જ્યારે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' શ્રેણીનો પચાસમો ગ્રંથ પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યજીને અર્પણ કરાયો, ત્યારે શ્રી નમસ્કાર મહામંત્રના પરમ આરાધક – મૈત્રીના મહાસાધક એવા અધ્યાત્મયોગી પૂજ્ય પંન્યાસજી મહારાજનાં આંતરપોતને – તેઓની અધ્યાત્મગરિમાને – તેમની અસલ આત્મસંપદાને તથા તેમના આ ગ્રંથોમાં સ્થિત વસ્તુ અમુલખને જાણે ભાવોર્મિ દ્વારા અભિમંત્રિત કરાવાઈ! 'આ કાર્ય કરાવવા મળ્યું' એ સંબંધિત શ્રી સી. કે. મહેતાના બે શબ્દોના વક્તવ્યમાંય જાણે ૧૪ બ્રહ્માંડ જેટલો પરમાનંદ સ્પર્શાયો!

સત્યનાં કેસર-બરાસમાં ઝબકોળીને બહાર કાઢ્યાં હોય, તેવા તેઓના જ હસ્તાક્ષરોથી આવૃત્ત આ અધ્યાત્મમાં તરબોળ થવા તૈયાર છે હવે જૈન શાસન, એવું ત્યારે લાગ્યું કે જ્યારે સૌને જાણ થઈ કે હજુ આ ગ્રંથશ્રેણી ઉત્તરોત્તર બહાર પડી રહી છે, તે અરસામાં જ પ્રથમ ૩ ભાગ પુનર્મુદ્રિત પણ કરવા પડ્યા છે, હજુ ૬ ભાગ સુધી થશે.

મરૂભૂમિમાં વસ્તાં કોઈ શ્રુતિદેવતા સમાન પૂજ્ય પંન્યાસજી મહારાજની શેષ રોજનીશીઓમાંથી હજુ દસ જેટલા ગ્રંથો બનશે – જેમાં તેઓના મૌન એકાંતની ઊંડાઈ હજુ વધુ ઝળહળશે!

**आयओ गुरूबहुमाणो, अवंझकारणत्तणेणं ।**

**अओ परमगुरूसंजोगो, तओ सिद्धि असंसयं ।।**

ગુરુનું બહુમાન મૌક્ષનું અવંધ્ય કારણ છે.
ગુરુનાં બહુમાનથી પરમગુરુ શ્રી તીર્થંકરદેવનો સંયોગ પ્રાપ્ત થાય છે અને તેનાથી નિઃસંશય મુક્તિ મળે છે.

આ ગ્રંથો અને ગુરુનું બહુમાન કરવા તો સાચેસાચ જ આખી બારાક્ષરીને મોટી કરવી પડે તેમ છે! ૧૧,૦૦૦ પાનાંઓની સુવર્ણછાબ તો સાધકોના કરકમલમાં ભેટ રૂપે ધરાઈ ગઈ છે. અને હજુ પ્રાયઃ ૩૦૦૦ પાનાંનો અધ્યાત્મ ઉપહાર મળવો શેષ છે, ત્યારે એટલું જ કહેવાનું કેઃ

**न इओ सुंदरं परं । उवमा इत्थ न विज्जइ ।**

ગુરુ બહુમાનથી અધિક સુંદર અન્ય કાંઈ નથી, તે અનુપમેય છે!

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૫૨ ૧૫૫૦૦, રાજકોટ

# ગુફાઓ અને મંદિરોની જૈન પરંપરા : એક વિસ્તૃત વિશ્લેષણ

ડૉ. રેણુકા પોરવાલ

## ગુફાઓનો પરિચય :

**ભા**રતીય કળાનો અમૂલ્ય વારસો સ્તૂપો, ગુફાઓ, ચૈત્યો અને મંદિરોમાં જળવાયેલ છે. આપણી આ ધરોહરમાં જૈન, બૌદ્ધ અને વૈદિક ધર્મની પરંપરાગત કલા અને ઉપાસનાની વિવિધ પદ્ધતિઓ દૃષ્ટિગોચર થાય છે. અતિ પ્રાચીન સમયથી સાધુ મહાત્માઓ અને ઋષિમુનિઓ આત્મસાધના અને તપસ્યા માટે ગુફાઓમાં રહેતા. એમાં મોટેભાગે પાણીના ટાંકાઓની વ્યવસ્થા હોવાથી તેમને પાણીનો પુરવઠો મળી રહેતો અને ભિક્ષા કે ગોચરી નજીકના ગામ કે કસબામાંથી મેળવી લેતા. તેઓ વિવિધ નગરોમાં વિચરતા પણ ચાતુર્માસ દરમ્યાન વસ્તીમાં એક જ સ્થળે સ્થાયી મુકામ કરતા માટે કાળક્રમે શહેરોના આશ્રય સ્થાન ઉપાશ્રય તરીકે ઓળખાય છે.

સેંકડો વર્ષ પુરાણા ગુફાઓના શિલાલેખો અને પ્રતિમાઓ પરથી એ સર્વ કયા ધર્માવલંબીઓની છે અને ક્યારે અસ્તિત્વમાં આવી તે જાણી શકાય છે. જૈન ગુફાઓ ભારતનાં ઘણી ગિરિ કંદરાઓમાં જોવા મળે છે. મુંબઈ શહેરની મંડપશ્વેર, મહાકાલી, કેનેરી, એલિફન્ટા વગેરે ગુફાઓથી કોઈપણ વ્યક્તિ અજાણ નથી. કેનેરાની બૌદ્ધ ગુફાઓની સંખ્યા નાની મોટી મળીને ૧૨૯ છે ઉપરાંત એમાં ૧૦૪ જેટલા બ્રાહ્મી શિલાલેખો છે. ત્યાં બૌદ્ધ ભિક્ષુઓ રહેતા હતા અને વિહારના માર્ગમાં આવતાં ગામમાંથી ભિક્ષા મેળવતા. આવાં જ એક ગામનું નામ હતું વિહારાવલ્લિ જે બિહારાવલ્લીથી અપભ્રંશ થઈ આજનું આપણી બોરીવલ્લી થયું. માર્ગમાં આવતા અન્ય એક સ્થાનકનું નામ અપભ્રંશ થઈને માગાઠાણે છે.


આ લેખમાળામાં આપણે જૈન ગુફાઓ અને મંદિરોની કળા,

શિલ્પો, શિલાલેખો અને શૈલી પરથી સચવાયેલ આપણી પરંપરા, પ્રતિકો અને સિદ્ધાંતો જોશું.

કળા, સ્થાપત્ય અને પ્રતિમાઓના વિકાસની પ્રક્રિયા અને નિપુણતા પ્રથમ સ્તૂપ ત્યારબાદ ગુફા અને પછી ચૈત્ય કે મંદિરોમાં ક્રમશઃ આવી. આ ગુફાઓમાં શિલ્પકળા કે ચિત્રકળા કે સ્થાપત્યકળાનું ઉત્તરોત્તર વિકસતું રૂપ જોવા મળે છે. આજના મંદિરોના ગર્ભગૃહ, સ્તંભ, છત વગેરેના પૂર્વ રૂપો પણ ઘણા સ્થળે હોય છે. કેટલીક ગુફાઓના સ્થાપત્ય જોઈ એટલા તો આશ્ચર્યચકિત થઈ જવાય કે એક શંકા જાગે – શું આવું સ્થાપત્ય માનવ થકી નિર્માય કે દેવ નિર્મિત હશે?

### ગુફા શબ્દની વ્યુત્પતિ :

ગુફા માટે વપરાતો અન્ય શબ્દ ગુહા છે. ગુહા એ ગુહ્ય પરથી આવ્યો, જેનો અર્થ છુપાયેલું કે સંતાયેલ થાય. જ્યાં બહારથી કંઈ જાણી નહીં શકાય તે ગુહા કે ગુફા.



### સાધના માટેની ઉત્તમ પસંદગી ગુફા જ શા માટે :

મહાત્માઓ એકચિત્તે દિવસોના દિવસો સુધી કાયોત્સર્ગમાં સમાધિમાં રહેતા. ગુફાઓમાં ધ્યાન વિચલિત થવાની સંભાવના નહીંવત રહેતી કારણ કે લોકોની અવરજવર ભાગ્યે જ હોય. ગુફાઓ પહાડોની વચ્ચે પત્થરોમાં હોવાથી હવામાન શરીરને અનુકૂળ આવે છે વળી તે નાની હોવાથી એની પોઝિટીવ ઉર્જા કે એનર્જી પણ સાધકને મળી રહે છે આ બધી અનુકૂળતાઓ મહાત્માઓની સિદ્ધિ પ્રાપ્તિમાં સહાયભૂત થતી હોવાથી તેઓ ગુફાઓમાં સાધના કરવાનું વધુ પસંદ કરતા. આમ ગુફાઓને પ્રાચીન સમયના સાધના કેન્દ્રો કહી શકાય. યોગીઓની તપોભૂમિ જેવી ગુફાઓ આજે પણ નિઃશબ્દ રહી યુગો પહેલાની અનેક સંવેદનાઓ ઉજાગર કરવા સક્ષમ છે.

### જૈનશાસ્ત્રમાં ગુફાઓના ઉલ્લેખા :

ગિષષ્ટિશલાકા પુરુષ ચરિત્રમાં ગુફાઓના સુંદર વર્ણનો આપ્યા છે, તદ્નુસાર, ભરત ચક્રવર્તી જ્યારે આયુધાગારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયા પછી ચક્રને આગળ રાખી દિગ્વિજય માટે નીકળે છે ત્યારે તે ઘણી ગુફાઓમાં લશ્કર સાથે ફરે છે. તેઓ ૧૪ રત્નો પ્રાપ્ત કરવા વૈતાઢ્ય પર્વતની તમીસ્રા ગુફામાં પહોંચે છે ત્યાં દેવની આરાધના થકી વિઘ્ન વિનાશક મણિરત્ન મેળવી આગળ વધે છે. અહીં એ કાકીણી નામનું બીજું રત્ન મેળવે છે. આ રત્નનો દેખાવ અત્યંત આકર્ષક છે – છ અને આઠ પાંદડીઓ, બાર ખુણાઓ ઉપરાંત એના વડે આકાર વગેરે દોરી શકાતો હતો. આ રત્નનું કાર્ય વિશિષ્ટ હતું. જો એના વડે ગોળ મંડલ બનાવવામાં આવે તો એમાંથી નીકળતા પ્રકાશમાં આખું લશ્કર ગુફામાંથી પસાર થઈ શકે. ભરત રાજાએ એમ જ કર્યું, દરેક યોજને તેઓ રત્ન વડે મંડલ દોરતા ગયા જેથી એમનું લશ્કર ગુફામાંથી પસાર થતું ગયું. આના પરથી આપણને સમજાય છે કે વિશ્વમાં કેટલી મોટી ગુફાઓના અસ્તિત્વની વાતો આપણા શાસ્ત્રોમાં છે. ગુફાના અંતિમ છેડે ઋષભકૂટ પર્વત પર તેઓ પહોંચે છે. ત્યાંના શિખરની ટોચ પર એમને થયું કે પોતાનું નામ લખી લઉં પરંતુ ત્યાં તો પહેલેથી જ ઘણા નામો હતા, આ થઈ વિશ્વની અજાયબ ભરી ગુફાઓની વાતો.

અરિષ્ટનેમિના સમયની ગુફાઓના સંદર્ભ જોઈએ તો ગિરનાર પર્વતની ગુફામાં રાજુલે વિશ્રામ લીધો હતો તે સ્થળે આજે પણ તેમની પ્રતિમા સ્થાપિત કરાયેલ છે. શત્રુંજય મહાત્મ્ય પ્રમાણે આ ગિરિના સોળમાં ઉદ્ધારના સમય કમાશાહે દેવીની આરાધના થકી પાંચ પાષાણ મેળવીને તેમાંથી પ્રતિમાઓ તૈયાર કરાવી હતી. શત્રુંજય તળેટીની સરસ્વતી ગુફાના દર્શન તો સહુએ કર્યા જ હશે. શત્રુંજય તીર્થની છ ગાઉની યાત્રાની વાત કરીએ તો એના વર્ણન અનુસાર ચિલ્લણ તળાવ પાસેની ગુફામાં ભરતરાજાએ ભરાવેલ રત્નની પ્રતિમાના દર્શન કોઈક જ દિવ્યાત્મા ને કપર્દી યક્ષદેવ કરાવે છે એવી માન્યતા પરાપૂર્વથી ચાલી આવે છે.

હવે પંડિત વીરવિજયજીની નવ્વાણું પ્રકારની પૂજામાં આવતી વિવિધ ગુફાઓ વિશે જાણીશું –

''ગિરિવર દર્શન વિરલા પાવે, પૂર્વ સંચિત કર્મ ખપાવે.
ઢંક, કદંબ ન કોડી નિવાસો, લોહિત તાલધ્વજ સૂર ગાવે.
રયણખાણ જડીબુટ્ટિ ગુફાઓ રસકૂંપિકા ગુરુ ઇહાં બતાવે.''

ઉપરોક્ત કાવ્યમાં ગુરુજી કહે છે કે ઢંકગિરિ, કદંબગિરિ, કોડિનાર, લોહિતગિરિ અને તાલધ્વજગિરિ એ શત્રુંજયના શિખરો છે અને તેની ગુફાઓમાં રત્નો, ઔષધિયુક્ત જડીબુટ્ટીઓ અને

ઉમદા ધાતુઓ તૈયાર કરવાની રસકૂંપિકા વગેરે ભરપુર માત્રામાં ઉપલબ્ધ છે, જે પુણ્યવંતને જ પ્રાપ્ત થાય છે.

**ગુફાઓની વર્તમાન સ્થિતિ :**

કાવ્યમાં લેખિત ગુફાઓની વર્તમાન સ્થિતિ જોઈએ તો ઢંકગિરિ પદ્માસન અને ખંડગાસન ઘણી પ્રતિમાજીઓ નજરે પડે છે, આ ગુફાઓ ઉપલેટા ગામની નજીક છે. તાલધ્વજગિરિ એ આજનું તળાજા તીર્થ છે. અહીંની પંદર ગુફાઓ ડુંગર ઉપર ચઢતા નજરે પડે છે એમાં પાણીના ટાંકાઓ વધુ છે.

બિહારમાં રાજગ્રહીના પહાડ પર સોનભંડારની બે ગુફાઓ છે જે બીજી સદી પૂર્વેની છે એમાં એક ચોમુખજી અને એક અરિષ્ટનેમિની પ્રતિમા બિરાજમાન છે. આજ સમયની એક ગુફા ઉ.પ્ર.માં અહિછત્રામાં છે જ્યાં પદ્મપ્રભુ બિરાજીત છે. ઓરિસ્સાની ઉદયગિરિની અઢાર અને ખંડગિરિની ચૌદ ગુફાઓ વિશ્વપ્રસિદ્ધ છે, જ્યાં રાજા ખારવેલનો પ્રસિદ્ધ શિલાલેખ આવેલો છે.

મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, કેરલ, તામિલનાડુ વગેરે રાજ્યની અગત્યની ગુફાઓ વિશે હવે પછીના અંકમાં જોશું.

**સંદર્ભ સૂચિ :**

*કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રચાર્ય - ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર.*

*ડૉ. સૂરજ પંડિત - કેનેરી કેવસ પર પીએચ.ડી. કરનાર સાથે થયેલ વાતચીત મુજબ જિનપ્રભસૂરિ - વિવિધ તીર્થ કલ્પ.*

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૮ ૭૭૩૨૭

## જીવનનો ઉદ્દેશ એક સત્ય ચારિત્ર્યશીલ, નિષ્ઠાવાન વ્યક્તિ બનવાનો

**તત્વચિંતક વી. પટેલ**

**આ** જીવનના ધ્યેયને નજર સમક્ષ રાખીને જીવનમાં દિવ્ય, સ્વાસ્થ્ય અને માનસિક શાંતિ હાંસલ કરવા પરમ આનંદ ઉપલબ્ધ કરવા આત્મિક સત્યમાં સ્થિર થઈને, તમારા પોતાના આત્માને છેતરીને કે બનાવીને કોઈ કર્મ કે પ્રવૃતિ કરશો જ નહીં.

જીવનમાં કર્તવ્ય સ્વરૂપ સત્ય અંતરની ભક્તિને પૂરેપૂરું સ્થાન આપજો, જિંદગીમાં કોઈની ખુશામત, નિંદા કૃપા, પ્રલોભન, અસત્ય, સ્વાર્થના લાભ, લોભ પદાર્થની પ્રાપ્તિ, અહંકારની તૃપ્તિ, બનાવટ, દંભ વગેરે જેવા જીવનમાં પ્રયોગ કરી – અનિતીના અને છેતરપીંડીના ઉપયોગથી સુખી બનાવવાના અભરખા જાગે ત્યારે માનજો કે તમારી બુદ્ધિમાંથી દિવ્ય તત્વ નષ્ટ થઈ ગયું છે અને દાનવતત્વનું થાણું પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે અને અસત્યવાદી, આત્માને છેતરનાર ખુમારી અને ખમીર ગુમાવનાર માણસ બની ચૂક્યા છો, અને તુષ્ણાને, કામના ને દોરે નાચતું પૂતળું બની ચૂક્યા જ છો.

માણસે એવું આત્મિક સત્યમાં સ્થિર થઈને પોતાના આત્માને છેતર્યા કે બનાવ્યા વિના કોઈપણને બનાવ્યા વિના જીવન જીવવું જોઈએ, આવું જીવન જીવશો તો પુનઃ મૃત્યુ નહીં જ આવે. અને એવો પરમ આનંદ અને પરમ શાંતિ ઉપલબ્ધ થશે, કે જેથી કોઈ દિવસ દુઃખી ચિંતાગ્રસ્ત દિલગીર ન થવાનો પ્રસંગ બનશે જ નહીં. અને હવે પછી કદી ઘડપણ ન આવે. આ રીતે જીવીને તમારે તમારા યૌવનને દિપાવવાનું છે.

તો આ માટે સાત બાબતોનો સ્વસ્થ ચિત્તે જીવનમાં અંગીકાર કરો, અને આત્મસ્થ અને હૃદયસ્થ થઈને જીવો.

૧. જીવનમાં આત્મિક સત્ય અને આત્મગૌરવ સાચવો, પણ ઘમંડી ન બનશો અહંકારથી મુક્ત થાવ.

૨. કોઈ પણ સ્વાર્થ ખાતર તમારી જાતને કોઈનો ગુલામ ન બનાવશો કે 'વેચાઉ માલ' ન બનશો. ક્રોધ પર કાબૂ રાખજો અને આત્માને છેતરીને કે બનાવીને કોઈ કર્મ કે ક્રિયા કરશો જ નહીં.

૩. તમારે જે કાંઈ જોઈએ તે કોઈની કૃપા કે પ્રલોભનથી નહીં, પણ તમારી શુદ્ધ બુદ્ધિ, કોઠાસૂઝ, કર્મ પુરુષાર્થ અને સત્ય સ્વરૂપ, યોગ્યતા કેળવી પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખજો.

૪. જીવનમાં કારકિર્દી તેજસ્વી બને એ કબૂલ પણ તમારી પોતાની માનવતા લજવાય કે આત્મા દુભાય એવું કોઈપણ કૃત્ય કે કર્મ ક્યારેય કરશો નહીં.

૫. સ્વાર્થ, લોભ, લાભને વશ થઈને કોઈ કાર્ય કે કર્મ કરશો નહીં, અને આત્મિક સત્ય અનુસાર જ વ્યવહાર અને આચરણ કરજો અને કોઈપણ કર્મથી કે ક્રિયાથી આત્મા દુભાય નહીં, તેની બરાબર કાળજી રાખીને જીવન જીવજો.

૬. વડીલો અને ઉપકારકોની કદી ઉપેક્ષા કરશો નહીં.

૭. પદાર્થથી સમૃદ્ધ થવા માટે કોઈ સાથે બનાવટ કે છેતરપિંડી કે અનીતિ કરશો નહીં અને પ્રદાર્થના પકડધારી બનશો નહીં, મન, બુદ્ધિ, ચિત્ત, હૃદય, શુદ્ધ અને સમૃદ્ધ બને તેને મહત્વ આપજો. અહંકાર, આસક્તિ, મોહ, મમતા અને તૃષ્ણાથી મુક્ત થજો અને પરમ આનંદથી જીવન જીવે જજો.

✦ ✦ ✦

સંપર્ક : sarujivan39@gmail.com, અમેરિકા

# જ્ઞાન-સંવાદ - ૬

## ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

**ગ**યા અંકમાં કષાય અને સંજ્ઞા વિશે જાણ્યું હવે સાતમા દ્વાર વિશે જાણીએ.

**(૭) લેશ્યા દ્વાર** - લેશ્યાની પ્રરૂપણા જૈનદર્શનની મૌલિક પ્રરૂપણા છે. જેમાં એની વિશિષ્ટતા પ્રગટે છે. લેશ્યા એક પ્રકારની પૌદ્‌ગલિક અને આત્મિક અવસ્થાનું પરિણામ છે. જીવથી પુદ્‌ગલ અને પુદ્‌ગલથી જીવ પ્રભાવિત થાય છે. જીવને પ્રભાવિત કરવાવાળા પુદ્‌ગલોના અનેક વિભાગ છે. એમાંના એક વિભાગનું નામ લેશ્યા છે. શ્રી ભગવતી સૂત્રની વૃત્તિમાં આચાર્ય અભયદેવસૂરિએ લેશ્યાને પરિભાષિત કરતાં કહ્યું છે કે 'कृष्णादि द्रव्यसान्निध्यजनितो जीवपरिणामो लेश्या' આત્માની સાથે કૃષ્ણાદિ કર્મપુદ્‌ગલોને આકર્ષિત કરવાવાળી પ્રવૃત્તિ લેશ્યા છે એ યોગનો પરિણામ વિશેષ છે. શ્રી ઠાણાંગ સૂત્રની વૃત્તિમાં અભયદેવસૂરિએ લખ્યું છે કે – લેશ્યા નિર્ઝરરૂપ છે. પ્રાણી એના દ્વારા કર્મોનો સશ્લેશ કરે છે. જે પ્રકારે વર્ણની સ્થિતિનું નિર્ધારણ એમાં વિદ્યમાન શ્લેષ દ્રવ્યોના આધાર પર હોય છે એવી જ રીતે કર્મબંધની સ્થિતિનું નિર્ધારણ લેશ્યાથી થાય છે.

તત્ત્વાર્થ રાજવાર્તિકમાં આચાર્ય અકલંક લખે છે કે 'कषायोदयरंजिना योगप्रवृत्तिलेश्या' કષાયના ઉદયથી રંજિત યોગની પ્રવૃત્તિ લેશ્યા છે. આત્મ-પરિણામોની શુદ્ધતા અને અશુદ્ધતાના આધાર પર કૃષ્ણાદિ નામથી ઓળખાય છે. લેશ્યાકોષમાં બતાવ્યા પ્રમાણે – આત્માના પરિણામ વિશેષને લેશ્યા કહેવાય છે. આત્મપરિણામ નિમિત્તભૂત કૃષ્ણાદિ દ્રવ્ય વિશેષને લેશ્યા કહેવાય છે.

ટૂંકમાં જે આત્માને કર્મનો સંબંધ કરાવે, જેના દ્વારા જીવ પુણ્ય પાપથી પોતાને લીંપે એને અધીન કરે, જેના દ્વારા આત્મા કર્મોની સાથે શ્લેષને પ્રાપ્ત કરે એવા આત્માના પરિણામને લેશ્યા કહે છે.

લેશ્યાના બે ભેદ છે – ભાવ લેશ્યા અને દ્રવ્ય લેશ્યા.

દેવ અને નારકીમાં દ્રવ્ય લેશ્યા જીવનપર્યંત રહે છે. ભાવ લેશ્યા કેટલીયેવાર બદલાઈ જાય છે. તિર્યંચ અને મનુષ્યો (કેવળીને વર્જીને)માં બંને લેશ્યાઓ અંતર્મુહૂર્તમાં બદલાઈ જાય છે. પહેલા લેશ્યા બદલાય છે પછી દ્રવ્ય લેશ્યા. પહેલા આત્માના પરિણામો હોય છે પછી દ્રવ્ય લેશ્યાના યુદ્‌ગલોનું આકર્ષણ થાય છે.

**દ્રવ્ય લેશ્યા :** એક પૌદ્‌ગલિક પદાર્થ છે. પુદ્‌ગલના બધા ગુણ એમાં વિદ્યમાન છે માટે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી નીચે પ્રમાણે છે.

દ્રવ્યથી – પુદ્‌ગલ છે.

ક્ષેત્રથી – આખા લોકમાં છે.

કાળથી – અનાદિ-અનંત-શાશ્વત છે.

ભાવથી – વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિવાળી છે.

ગુણથી – ગ્રહણ એનો મૌલિક ગુણ છે અર્થાત્ નિરંતર પુદ્‌ગલોનું આદાન-પ્રદાન થતું રહે છે. એટલે જ કર્મબંધ ૧૩મા ગુણસ્થાન સુધી છે. લેશ્યા જાય પછી બંધ પણ નથી.

**ભાવ લેશ્યા :** દ્રવ્ય લેશ્યાથી સ્વયં જીવનું પરિણામ છે. જીવની જે વિશેષતાઓ હોય એ એમાં પણ હોય જેમ કે તે અરૂપી છે, અગુરુલઘુ છે વગેરે. ભાવ લેશ્યાના વર્ગોમાં પરસ્પર પરિણમ ન થઈ શકે છે. ભાવોની પ્રશસ્તતા, અપ્રશસ્તતા પ્રમાણે શુભ-અશુભ લેશ્યામાં ગમનાગમન થાય છે. ભાવ લેશ્યા પ્રાયઃ સુગતિ-દુર્ગતિના હેતુરૂપ છે. પ્રશસ્ત ભાવલેશ્યાથી જીવ સુગતિનું બંધન કરે છે અને અપ્રશસ્ત ભાવલેશ્યા દુર્ગતિનો બંધ કરાવે છે.

દ્રવ્ય લેશ્યા પૌદ્‌ગલિક હોવાને કારણે બાહ્ય સ્તર છે. ભાવ લેશ્યા રાગદ્વેષાત્મક પરિણામોને કારણે આત્માનું આંતરિક સ્તર છે.

આત્મવિશુદ્ધિના ક્ષેત્રમાં પૌદ્‌ગલિક (દ્રવ્ય) લેશ્યા અને ભાવ લેશ્યા બંનેની શુદ્ધતા અતિ આવશ્યક છે.

**લેશ્યાનો અર્થ :** લેશ્યા શબ્દનો અર્થ આણ્વિક આભા, કાંતિ, પ્રભા, છાયા છે. છાયા પુદ્‌ગલોથી પ્રભાવિત થનાર જીવ પરિણામોને પણ લેશ્યા કહેવાય છે. પ્રાચીન સાહિત્યમાં શરીરના વર્ણ, આણ્વિક આભા અને એનાથી પ્રભાવિત થવાવાળા વિચાર આ ત્રણ અર્થોમાં લેશ્યાની માર્ગણા કરાઈ છે.

લેશ્યા કોષ અને અભિધાન રાજેન્દ્ર કોષમાં લેશ્યાના વિભિન્ન અર્થ પ્રાપ્ત થાય છે. જેમ કે અધ્યવસાય, અંતઃકરણવૃત્તિ, તેજ, દિપ્તિ, જ્યોતિ, કિરણ, મંડવબિંબ, દેહ સૌંદર્ય, જ્વાલા, સુખ તથા વર્ણને લેશ્યાની સંજ્ઞા આપી છે.

**લેશ્યાની વ્યાખ્યા :** વિભાવ સ્થિત જીવાત્માના સારા-માઠા અધ્યવસાયો (ચિંતનો)થી ઉત્પન્ન થતા અને સમગ્ર શરીર પર તેની અસર નિપજાવતા પરિણામ વિશેષને લેશ્યા કહે છે.

કષાયથી રંજિત થયેલો ભ્રાંતિયુક્ત મિથ્યાદૃષ્ટિ જીવાત્મા જ્યારે કાર્મિક વર્ગણાને આકર્ષિત કરે છે ત્યારે ઉર્જા પ્રવાહિત થાય છે. આ ઉર્જાના સૂક્ષ્મ તરંગો કે આંદોલનોથી એક પ્રકારના શરીરવ્યાપી

સૂક્ષ્મ આત્મા સર્જાય છે. આ આત્મા તે જ લેશ્યા કહેવાય છે. કર્મજન્યત હોવાથી તે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પરિણામ, લક્ષણ, ગતિ, સ્થિતિ આદિ લક્ષણોથી યુક્ત હોય છે.

ઉત્તરાધ્યયન આદિમાં શાસ્ત્રકારોએ ભિન્ન ભિન્ન પ્રકારની લેશ્યાઓનું વર્ગીકરણ કરી તેનું મુખ્ય છ લેશ્યામાં વિભાજન કર્યું છે. તેના નામ આ પ્રમાણે છે. કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા. તેમ જ તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પરિણામ, લક્ષણ વગેરેનું નિરૂપણ કર્યું છે.

**છ લેશ્યાનું સ્વરૂપ :** (૧) **કૃષ્ણ લેશ્યા**ના પુદ્ગલ કાળા શેય છે, જે જીવોના ભાવો (જીવના પરિણામ) સૌથી વધારે (ઉત્કૃષ્ટ) ખરાબ હોય છે તેને કૃષ્ણ લેશ્યા કહેવામાં આવે છે એ લેશ્યાવાળો પાંચ આશ્રવનો સેવનાર, ક્રૂર, અજિનેન્દ્રિય, હિંસક, દ્વેષી, પાપી હોય. (૨) **નીલ લેશ્યા**ના પુદ્ ગલ બ્લુ હોય છે. એટલે કે જે જીવાનો ભાવો (જીવના પરિણામ) મધ્યમ કક્ષાના ખરાબ ભાવો હોય છે તેને નીલ લેશ્યા કહેવામાં આવે છે. એ લેશ્યાવાળો ઈર્ષ્યાળુ, કદાગ્રહી, માયાવી, ગુદ્ધ, પ્રમાદી, લંપટ, ધૂતારો, રસલોલુપી, આરંભી હોય. (૩) **કાપોત લેશ્યા**ના પુદ્ગલ રાખોડી કલર (કબૂતરની ડોક) જેવા હોય છે. જે જીવોના ભાવો (જીવના પરિણામ) ઓછા (જઘન્ય) ખરાબ હોય છે તેને કાપોત લેશ્યા કહેવામાં આવે છે. એ લેશ્યાવાળો વાંકાબોલો, ચોર, મયાવી, અભિમાની, કઠોરભાષી, મોઢે જુદો-પુંઠે જુદો, જુઠાબોલો હોય. (૪) **તેજો લેશ્યા**ના પુદ્ગલ લાલ રંગના હોય છે. એટલે કે જે જીવોના ભાવો (જીવના પરિણામ) સારા ભાવો (જઘન્ય પ્રકારના) હોય તેને તેજોલેશ્યા કહેવામાં આવે છે. એ લેશ્યાવાળો તપસ્વી, વિનયવંત, દઢધર્મી, પ્રિયધર્મી, પાપભીરૂ, નમ્ર, ચપળ, સરળ હોય. (૫) **પદ્મ લેશ્યા**ના પુદ્ગલો પીળા કલરના હોય છે. એટલે કે જે જીવોના ભાવો (જીવના પરિણામ) મધ્યમ કક્ષાના સારા ભાવો હોય તેને પદ્મ લેશ્યા કહેવામાં આવે છે. પદ્મ લેશ્યાવાળો અલ્પ કષાયી, પ્રશાંત ચિત્ત, આત્માનો દમણહાર યોગ ઉપધાન સહિત હોય. (૬) **શુકલ લેશ્યા**ના પુદ્ગલો સફેદ કલરના હોય છે એટલે કે જે જીવોના ભાવો (જીવના પરિણામ) સૌથી વધારે સારા (ઉત્કૃષ્ટ) હોય તેને શુકલ લેશ્યા કહેવામાં આવે છે. એ લેશ્યાવાળો આર્ત-રૌદ્રધ્યાન રહિત, ધર્મ-શુકલ ધ્યાન સહિત, દશ પ્રકારની સમાધિ સહિત હોય.

આ છ લેશ્યામાં પ્રથમની ત્રણ લેશ્યા અપ્રશસ્ત – અશુભ ગણાય છે પછીની ત્રણ લેશ્યા શુભ ગણાય છે.

પ્રથમ ત્રણ લેશ્યાના પુદ્ગલોની ગંધ મડદાની ગંદાથી પણ તીવ્ર ખરાબ હોય છે. પછીની ત્રણ લેશ્યાની ગંધ. કપૂર કેવડા કરતા પણ સુગંધી હોય છે. વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે કૂતરાઓ ગંધ ઉપરથી ચોરને ઓળખી કાઢે છે એ પણ ગંધના આધારે જ શો છે છે. ચોરી કરવાના ભાવ કે પરિણામ થવામાં નીલ લેશ્યા મહત્વનો ભાગ ભજવે છે માટે એની ગંધ પણ એ પ્રમાણે આવે છે. જે કૂતરાની ઘ્રાણેંદ્રિય તેજ હોય છે તેને કારણે તે તરત જ પકડી પાડે છે. જે લેશ્યાની ગંધને કારણે હોય છે. તીર્થંકરોની શુકલ લેશ્યા હોય છે જેને કારણે એમના શરીરીમાંથી સુગંધ પ્રસરે છે.

ગંધની જેમ પ્રથમ ત્રણ લેશ્યાના પુદ્ગલોના સ્પર્શ અત્યંત કર્કરા હોય છે. કરવતની ધાર જેવા હોય છે. અને પ્રશસ્ત લેશ્યાના સ્પર્શ મુદ્દુ મખમલ કે માખણ જેવા કોમળ હોય છે.

વર્ણ-ગંધ સ્પર્શની જેમ એમાં રસ પણ હોય છે. કૃષ્ણ લેશ્યાએ રસ કડવા લીંબડાથી અધિક કડવો, નીલનો, અત્યંત તીખો, કાપોતનો ખાટોબોળ, તેજો પાડી કેરી જેવો ખટમીઠો, પદ્મનો મધુર અને શુકલનો અનંતગુણો મીઠો હોય છે.

આમ દ્રવ્યલેશ્યા વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી યુક્ત હોય છે. ભાવલેશ્યા અરૂપી હોય છે એમાં વર્ણ ગંધરસ સ્પર્શ ન હોય. (ક્રમશઃ)

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૦ ૫૦૫૨૭

# ગાંધી બોલે છે...

**અનુવાદ : હેમંતકુમાર શાહ**

☛ કોઈ પણ માણસ પોતાની બરબાદી કે બુલામીના કામમાં પોતાનો સહકાર આપવા બંધાયેલો નથી. પારકે પ્રયત્ને મળેલું સ્વાતંત્ર્ય ગમે તેટલું સદ્ભાવ ભર્યું હોય તો પણ એવા પ્રયત્ન ન રહે ત્યારે તે ટકાવી શકાશે નહિ... એવું સ્વાતંત્ર્ય ખરું સ્વાતંત્ર્ય નથી.

☛ હું એવા પ્રકારની જડ સમાનતા પેદા કરવાની નથી ઇચ્છતો કે જેમાં દરેક માણસ પોતાની શક્તિઓનો પૂરેપૂરો ઉપયોગ કરવા અસમર્થ થાય અથવા તેવો તેને બનાવવામાં આવે. એવો સમાજ છેવટે નાશ જ પામે. તેથી... ધનિકો ભલે કરોડો પ્રમાણિકપણે કમાય... પણ તે જગતની સેવામાં અર્પણ કરે.

# શ્રી ભક્તામર સ્તોત્ર – આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

**ગાથા - ૨૯**

**સિંહાસને મણિ-મયૂખ શિખા વિચિત્રે**
**વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ।**
**બિમ્બં વિયદ્ વિલસદંશુ લતા-વિતાનં**
**તુંગોદયાદ્રિ શિરસીવ સહસ્ત્રરશ્મેઃ ॥૨૯॥**

ભાવાર્થ :– હે વિભુ! જેમ ઉદયાચલના શિખર પર સ્થિત સૂર્ય બિંબ આકાશમાં પ્રકાશની કિરણોરૂપી જાળને ફેલાવીને રમણીય અદ્ભુત શોભા ધારણ કરે છે. તેમ મણિરત્નોના અગ્રભાગથી નીકળતાં કિરણોના વિવિધ રંગોની છાયાથી આચ્છાદિત થયેલ સિંહાસન પર સુવર્ણ સમાન વિશુદ્ધ આપનું કાંતિવાન, તેજસ્વી શરીર શોભી રહ્યું છે.

વિવેચન :– પ્રસ્તુત શ્લોકમાં સ્તુતિકાર મહિમા ક્રમમાં દ્વિતીય પ્રાતિહાર્યનો ઉલ્લેખ કરી પ્રભુના સિંહાસનનું વર્ણન કરે છે. સિંહાસન પણ પદવીધારી પુરુષો માટે મહત્ત્વપૂર્ણ એક અંગ ગણાય છે. દેવાધિદેવ જે સ્થાન પર દેશના આપવા બિરાજમાન થાય, તે મણિરત્ન જડિત અનુપમ મૂલ્ય ધરાવતું અદ્ભુત સિંહાસન હોય છે જેની રચના દેવો દ્વારા થાય છે. જોકે આ તેમના પુણ્યોદયથી પ્રાપ્ત અતિશયનો પ્રભાવ હોય છે. કવિશ્રીએ અહીં સિંહાસનને જે મહત્ત્વ આપ્યું છે તેવું મહત્ત્વ કોઈ સાધારણ રાજા કે ચક્રવર્તીના સિંહાસનને આપી શકાય નહીં કારણ કે રાજા મહારાજાના સિંહાસન તો સિંહવૃત્તિથી દૂષિત પણ થઈ શકે છે, પરંતુ પ્રભુના દિવ્ય પ્રતાપથી સિંહ જેવા હિંસક પ્રાણી પણ અહિંસક બનીને પ્રભુના સ્વરૂપ સાથે જોડાઈ જાય છે. કારણ કે વ્યક્તિના મહત્ત્વની જેમ તેના આસનનું પણ મહત્ત્વ છે. 'શુભાસનોપવિષ્ટ શુભભાવાનેવ ભજતે' ઉત્તમ આસન પર બિરાજમાન વ્યક્તિ ઉત્તમભાવોને જ ભજે છે. કવિશ્રીએ અહીં આવા ઉત્તમ સિંહાસન રૂપી પ્રાતિહાર્યને પ્રભુનાં દેહથી અલંકૃત કરીને પારસ્પરિક બંનેમાં સમાન ભાવની ગૂંથણી કરી પુનઃ પુનઃ અને પ્રભુના દેહની તુલના કરી પ્રભુના બાહ્ય સ્વરૂપને પણ સૂક્ષ્મરૂપે આલેખ્યું છે.

આચાર્યશ્રી પ્રસ્તુત શ્લોકમાં સિંહાસનથી શુભારંભ કરી પ્રભુના દેહને સિંહાસન પર એવી રીતે બિરાજમાન કરે છે કે એક તરફ સિંહાસન છે. તો બીજી તરફ ઉદયાચલ છે. ઉદયગિરિના ઉત્તુંગ શિખરને સ્પર્શ કરતો ઉદિતસૂર્ય પોતાની સહસ્ત્ર કિરણાવલીથી સમગ્ર વિશ્વને ચમકાવી રહ્યો છે. અંશુલતાઓને ફેલાવતો રવિરાજ જેમ શોભાયમાન લાગે છે. તે વખતે તેની શોભા કેવી અદ્ભુત હોય છે, તે દશ્ય તો જેણે જોયું હોય તેને જ તેની ભવ્યતા સમજાય તેમ (દેવાધિદેવ) રત્નજડિત સુવર્ણમય સિંહાસન રૂપી ઉદયાચલ પર બિરાજમાન થઈને દેશના આપતા પ્રભુનો સુવર્ણરાશિ જેવો કાંતિમય દેહ સૂર્યથી પણ વિશેષ પ્રકારની શોભાને ધારણ કરી રહ્યો છે.

અહીં કવિશ્રી પ્રભુના દેહને કનકકાંતિમય 'કનકાવદાત્' દર્શાવે છે. આ શબ્દ દ્વારા તેઓશ્રી પરોક્ષભાવે પ્રભુના દેહમાં નિવાસ કરતાં પરમાત્માનું આંતરિક સ્વરૂપ કેટલું વિશુદ્ધ, કાંતિમય હશે, તે પણ સૂચિત કરાવે છે. આવા દિવ્ય આત્માનો આશ્રય પામેલ પ્રભુનો દેહ સૂર્યથી ઓછો પ્રભાવશાળી ક્યાંથી હોય? એટલું જ નહીં ઉદયગિરિના ઉદય પામેલા સૂર્યના બિંબની તુલનામાં પ્રભુ વિશિષ્ટ સ્થાન પર બિરાજમાન છે. ઉદયગિરિ કદાચ રત્નજડિત મણિઓથી મંડિત ન હોય પરંતુ પ્રભુનું સિંહાસન તો અલૌકિક મણિરત્નથી મંડિત છે. તે મણિરત્નો પણ પોતાના વિશિષ્ટ પ્રકાશથી સિંહાસનને વિવિધ રંગોમાં આલોક્તિ કરી રહ્યા છે. આમ ઉદયગિરિની તુલનામાં સિંહાસન અધિક સૌંદર્ય પાથરી રહ્યું છે.

પ્રસ્તુત શ્લોકની સ્તુતિકારે કનક અને સૂર્ય તથા સિંહાસન, ઉદયગિરિ અને પ્રભુના દેહનું આલંબન લઈ રચના કરી છે. આમ ઉપમા અને ઉપમેયને સમતુલ્ય ગણી તે બંનેને કાવ્યભાવથી અંલકૃત કરીને પ્રભુના દેહનો મહિમા પ્રદર્શિત કર્યો છે. ભક્તિમાર્ગમાં પ્રભુના ઉપકરણો પણ પ્રભુ જેટલા જ પૂજ્ય બની જાય છે. તો દેહનું તો પૂછવું જ શું?

ભક્ત માટે તો પરમાત્મા જેટલા આદરણીય હોય છે તેટલો જ તેમનો દેહ પણ પૂજનીય-આદરણીય હોય છે. અહીં ભક્ત આચાર્યશ્રી પ્રભુનો આત્મા કે શરીર તેવા ભેદથી દૂર રહી સમગ્ર શુભભાવોને અભેદ દષ્ટિથી નિહાળે છે. તેથી જ આ શ્લોકમાં પ્રભુ જેટલી જ તેમની દેહાદિ સંપત્તિ તથા બાહ્ય પ્રાતિહાર્ય પણ મહિમા મંડિત થયા છે. એટલું જ નહીં ભક્તિની દષ્ટિએ પૂજ્યતા પણ પ્રાપ્ત કરી છે.

પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રીએ આધ્યાત્મિક ભાવોને પણ ખૂબી પૂર્વક ગૂંથ્યા છે. તેઓશ્રી દર્શાવે છે કે આ સિંહાસન કાંઈ જેવું તેવું નથી. સિંહાસન દ્રવ્ય મણિરત્નથી શોભી રહ્યું છે. જેના પર અનંતજ્ઞાનના સ્વામી એવા દેવાધિદેવ સાક્ષાત્ બિરાજમાન છે, કે જેઓ સ્વયં ગુણરૂપી રત્નમણિઓથી શોભે છે. આ ગુણ રત્નમણિઓ તથા સિંહાસન સ્થિત મણિઓ જાણે એકાકાર થઈ અદ્ભુત આલોક

ફેલાવી રહ્યા છે. એટલું જ નહીં સૂર્યના પ્રકાશથી વધારે તેજસ્વી આભા ધારણ કરી ચમકી રહ્યા છે. કારણ કે પ્રભુનો આત્મપ્રદેશ સ્વયં જ એવો કાંતિમાન છે, જે સૂર્યની કાંતિને પરાજિત કરી શકે છે. શ્રીમદ્ ભગવત્ ગીતામાં પણ કહ્યું છે કે 'न तद् भासते सूर्यो न शशाङ्को न पावकः।' અર્થાત્ સૂર્ય પણ તેની બરાબરી કરી શકતો નથી. ચંદ્ર કે બીજા અગ્નિ જેવા તત્ત્વો પણ તેની તુલના કરી શકતા નથી તેવો આ પ્રભુનો આત્મપ્રદેશ છે. કારણ કે પરમ પુણ્યનો ઉદય, ક્ષાયિક ભાવનું સિંહાસન અને તેના પર બિરાજમાન જ્ઞાનસ્વરૂપ દેવાધિદેવ અરિહંત પરમાત્મા છે. આ ત્રણેયના અલૌકિક સામ્યયોગના કારણે ખરેખર! પ્રભુનો આશ્ચર્યજનક કાંતિમય દેહ સૂર્યથી પણ વિશેષ પ્રકારની શોભાને ધારણ કરે છે.

આચાર્યશ્રીએ આ આખા શ્લોકમાં અંતર્ગત આત્મશક્તિની રાજશક્તિનું દર્શન કરાવ્યું છે. જો જીવાત્મા પોતાના અંતર મનમાં પ્રવેશ કરે તો તેને ખબર પડે કે જે સિંહાસન પર પોતે બિરાજમાન છે. તેના પર બેસીને સ્વયં પોતાનું રાજત્ત્વ પ્રાપ્ત કરી લે તો જ તેનું ભવસાગરરૂપી દરિદ્રપણું લય પામશે. જીવાત્મા પોતાના વિશુદ્ધ પરિણામો દ્વારા દ્રવ્યજગત પર પણ રાજ કરી શકે છે, આવું અલૌકિક આત્મદર્શન પામવા તેઓશ્રી ભક્તિરસમાં આગળ વધી રહ્યાં છે.

**ऋद्धि :–** ॐ, ह्रीं अर्हं णमो घोर तवाणं।

**मंत्र :–** ॐ णमो णमिऊण पास विसहर फुलिंग मंतो विसहर नाम रकारमंतो सर्वसिद्धि - मीहे इह समरंताणं मण्णे - जागई कप्पदुमच्च सर्व सिद्धिः ॐ नम : स्वाहा।

**વિધિ-વિધાન :** સ્નાન કરીને આસમાની રંગના વસ્ત્ર ધારણ કરી, ઉત્તર દિશાની તરફ મુખ કરી યંત્ર સ્થાપિત કરવું. આરતી-પૂજા કરવી. મંત્ર સિદ્ધિ સુધી પ્રતિદિન એક હજારવાર રિદ્ધિ મંત્રની આરાધના કરવી.

**ફલાગમ-લાભ :** યંત્ર પાસે રાખવાથી, તેમ જ ૨૯મી ગાથા, ઋધ્ધિ અને મંત્ર દ્વારા એક સો આઠવાર મંત્રેલું જળ પીવડાવાથી નશીલા પદાર્થ જેવાં કે ભાંગ, ચરસ, ધતૂરા આદિના નશોના પ્રભાવ દૂર થાય છે. તેમ જ દુઃખતી આંખોની પીડા મટે છે તેમ જ વીંછીનું ઝેર પણ ઉતરી જાય છે.

શ્રી ભક્તામર સ્તોત્રની ૨૯મી ગાથાનું સ્મરણ-આરાધન કરવાથી થતાં લાભ દર્શાવતી એક પ્રાચીન કથા.

**રાણી જયસેનાની કથા :** વર્ષો પહેલાની આ વાત છે. દક્ષિણ દેશમાં અલકાપુરી નામની એક નગરી હતી. ત્યાં રાજા જયસેન રાજ્ય કરતા હતા. તેઓ સાચા જૈનધર્મી અને પાપભીરુ હતા. તેમની રાણીનું નામ જયસેના હતું. તે ખૂબ જ સ્વરૂપવાન તો હતી પરંતુ મહા મિથ્યાત્ત્વી હતી. હંમેશા કામરાગની અગ્નિથી સંતપ્ત રહેતી હતી. એટલું જ નહીં જૈનધર્મ પ્રતિ વિપરીત ભાવ ધરાવતી હતી.

એક વાર અલકાપુરી નગરીમાં જ્ઞાનભૂષણ નામના જૈનમુનિ પધાર્યા. મુનિરાજ ઈર્યાસમિતિનું આચરણ કરતાં કરતાં ગોચરી અર્થે નીકળ્યાં. રાજા જયસેનને ખબર પડતા તેઓએ મુનિરાજને મહેલમાં પધારવાની વિનંતી કરી. મુનિરાજ પણ રાજાની વિનંતીને માન આપી ગોચરી અર્થે મહેલમાં પધાર્યા. રાજા જયસેને ભક્તિ ભાવપૂર્વક આહાર-પાણી આદિનો લાભ લીધો. પરંતુ એમની રાણી જયસેનાને રાજાનાં મુનિરાજ પ્રતિ ભક્તિભાવ ગમ્યા નહીં. તે મનમાં ને મનમાં મુનિવરની નિંદા કરવા લાગી કે, આ મુનિવરનો વેશ તો કેવો છે? નથી શરીર પર કોઈ વસ્ત્ર, કાયા તો સાવ દૂબળી-પાતળી જાણે હાડપિંજર, એટલું જ નહીં મેલનાં તો જાણે આભૂષણ ધારણ કર્યા હોય એવું લાગે છે. એમનું આવું કુરૂપ-ડરામણું સ્વરૂપ ભયભીત લાગે એવું છે. આવા અનેક પ્રકારના તર્ક-વિતર્કથી રાણીએ મનમાં જ મુનિની ઘોર નિંદા કરી. પરંતુ રાજાના ડરથી માયાવી રાણીએ રાજાની સામે મીઠા-મીઠાં વચનોથી મુનિરાજનાં વખાણ કર્યા. પરંતુ કરેલ કર્મ કોઈને છોડતાં નથી, રાજા હોય કે રંક. અંતર-મનની મલિનતાને કારણે તેણે નાના પ્રકારે કર્મનો બંધ કરી લીધો. તીવ્ર પાપનું ફળ ક્યારેક શીઘ્ર ઉદયમાં આવી જાય છે. જેનાં કારણે રાણી જયસેના પણ કુષ્ટરોગથી વ્યથિત બની ગઈ, એની કંચનવર્ણી કાયા દુર્ગંધી બની ગઈ.

રાજા જયસેન પણ રાણીની આવી દુર્દશા જોઈને ગભરાઈ ગયા. રાજાને મુનિરાજ યાદ આવ્યા. તેમણે રાણીને મુનિરાજ પાસે જવાની સલાહ આપી. અને કહ્યું કે મુનિરાજ તો કરુણાવંત હોય છે, તેઓ જરૂર તમને કોઈ ઉપાય બતાવશે. રાણી પણ મનમાં સમજી ગઈ કે મેં મુનિની નિંદા કરી હતી તેનું જ આ પરિણામ લાગે છે. એટલે રાજાના આદેશ અનુસાર પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવા તે મુનિરાજ પાસે પહોંચી ગઈ.

મુનિરાજ પાસે જઈને રાણીએ પોતાની સારી વિતક કથા સંભળાવી. અને કહેવા લાગી, હે મુનિરાજ! મને ક્ષમા કરો, તમે તો દયાળુ કરુણાના સાગર છો. સૂર્યની જેમ આપનામાં તપ-તેજ ઝળઝળી રહ્યો છે. એટલું જ નહીં શાસ્ત્રના મર્મજ્ઞ છો. મારા પર કૃપા કરો. ત્યારે મુનિરાજે તેને સમ્યક્ દેવ, ગુરુ અને ધર્મની ભક્તિ કરવાનો ઉપદેશ આપ્યો. ચાર પ્રકારે સુપાત્ર દાન આપવાની વાત કરી. તેમ જ ત્યાગી-વૈરાગી એવા તપસ્વી મુનિઓની ક્યારેય પણ

નિંદા ન કરવાનો ઉપદેશ આપ્યો. નિંદા રૂપી આ કુહાડી એવી છે કે જે સુખરૂપી વેલને કાપી નાંખે છે. ત્યારબાદ તેમણે શ્રી ભક્તામરરૂપ અદ્ભુત સ્ત્રોતની વાત કરી અને કહ્યું કે, હું તને એક અદ્ભુત મંત્ર આપું છું, તેને તું શંકારહિત બની શ્રદ્ધાપૂર્વક કુમકુમ ચંદન અને કપુર જેવાં ઉત્તમ દ્રવ્યો વડે એક થાળમાં લખી અને પછી વિધિપૂર્વક એ મંત્રનું સ્મરણ કરી એ ઉત્તમ જળનું પાન કરજે.

મુનિરાજનો ઉપદેશ તેમ જ વચનો સાંભળીને જયસેના ઘણી જ પ્રસન્ન થઈ. તેણે શ્રી ભક્તામરની ૨૯મી ગાથા ઋધ્ધિ-મંત્ર સાથે રુચિપૂર્વક શીખી લીધી. ત્યારબાદ મુનિરાજનો આભાર માની વારંવાર વંદન નમસ્કાર કરી પાછી ફરી. મહેલમાં આવી તેણે મુનિરાજે બતાવેલ ક્રિયા મુજબ ભક્તામર સ્ત્રોતની ૨૯મી ગાથાનું રટણ કરી જલપાન કર્યું. થોડા દિવસમાં જ તેની કાયા પહેલાં જેવી જ નિરોગી બની ગઈ.

ધન્ય છે આવો ઉત્તમ જૈનધર્મનો! તેના એક માત્ર પ્રસાદથી જ પુનઃ રાણી જયસેનાને દિવ્ય દેહ મળ્યો. અસ્તુ.

✦ ✦ ✦

સંપર્ક : khimji_chhadwa@yahoo.com
૯૮૯૨૮ ૨૮૧૯૬

# બાળકો

રતિલાલ બોરીસાગર

**પ**છી તોફાન કરતા બાળકને બે તમાચા મારીને આવેલા પિતાએ કહ્યું કે, અમને બાળકો વિશે કંઈક કહો.

ત્યારે તે બોલ્યા :

બાળક એટલે પુત્ર, એવું તમારું સમીકરણ છે. પુત્રજન્મ તમારા માટે પેંડા-વહેંચણીનો પ્રસંગ છે – પેંડાનો ભાગ ગમે તેટલો હોય તોપણ. પરંતુ પુત્રીનું આગમન વણનોતર્યા આવતા અને આવીને પછી જવાનું નામ ન લેતા મહેમાનના આગમન જેવું છે. એટલે પુત્રીનું આગમન તમને પ્રલંબ નિસાસા નાખતા કરી દે છે. જેમ શાક લેવા જાઓ છો ત્યારે તમે શાકની સાથે કોથમીર પણ લઈ લો છો, પરંતુ ખાસ કોથમીર લેવા તમે ક્યારેય જતા નથી. પુત્રી એ તમારે મન કોથમીર છે. પુત્ર અક્કલનો ઓથમીર હોય તોય આ કોથમીર કરતાં એનો મહિમા તમને વધુ છે. જોકે કેટલીક વાર શાકને બદલે તમને એકલી કોથમીર જ મળ્યા કરે છે તોપણ ઈશ્વર કોઈક દિવસ તો શાક આપશે જ એવી આશામાં તમે ઘરમાં કોથમીરનો ઢગલો થવા દો છો. પછી તમારી જિંદગીનો નિકાલ ન થાય ત્યાં સુધી આ કોથમીરનો નિકાલ કેમ કરવો તેની ચિંતા કર્યા કરો છો. કોથમીરનો ઝડપી નિકાલ જ તમારા જીવનનું મુખ્ય લક્ષ્ય બની જતું હોવાથી એનો નિકાલ ન થાય ત્યાં સુધી તમારા નિઃશ્વાસોની ફ્રિકવન્સી વધતી રહે છે. કોથમીરનો – સ્ટૉકમાં હોય તેટલી બધી કોથમીરનો – નિકાલ થાય પછી જ તમારા શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા નૉર્મલ થાય છે.

પુત્રો તમને ઉત્તરજીવનમાં નરકનો અનુભવ કરાવે તોપણ તમારા શબને પુત્ર અગ્નિદાહ આપશે એટલે સ્વર્ગમાં તમારી સીટનું રિઝર્વેશન થઈ જશે એવી શ્રદ્ધાને તમે ક્યારેય ડગમગવા દેતા નથી.

તમારી બાલસેનાના તમે સેનાપતિ છો. તમે ઇચ્છો તેમ એમને લેફ્ટરાઇટ લેવરાવો છો. લેફ્ટરાઇટ લેવાની આ તાલીમનું પ્રયોગિક નિદર્શન પછી બાળકો તમારા પર જ કરે છે. મોટા થઈને એ તમને લેફ્ટરાઇટ લેવરાવે છે.

બાલપ્રાણીઓના તમે રિંગમાસ્ટર છો. તમે ધારો ત્યારે બાલપ્રાણીઓનું ભોજન કૅન્સલ કરો છો. લેસનનો ક્વૉટા પૂરો ન થાય ત્યાં સુધી તમે એમને રમવા જવા દેતા નથી. બાળકોને તમે અંગૂઠા પકડાવો છો, બાથરૂમમાં પૂરી દો, એમની પાસે જાતજાતના ખેલો કરાવો છો, મહેમાનો પાસે નૃત્ય કરાવો છો, અંગ્રેજી બોલાવડાવો છો.

તમે બાળકોની આદર્શમૂર્તિ છો. તમે જેમ કરો તેમ એ કરે છે. એને રમવા ન જવું હોય તો આવેલા મિત્રને 'હું ઘરે નથી' એવું કહી દે છે; એને નિશાળે ન જવું હોય ત્યારે તમારા નામથી એના શિક્ષકને ચિઠ્ઠી પણ લખી દે છે. કેટલીક વાર તો 'સાહેબ, મારો પુત્ર આજે નિશાળે નહિ આવે. હું એના પપ્પા બોલું છું' એવો ટેલિફોન કરી દેવાનું સાહસ પણ એ કરી નાખે છે.

એનું લેસન કરી આપતાં તમારે નાકે દમ આવી જાય છે. તમને એના દાખલા માંડમાંડ આવડે છે. એના શિક્ષક એને 'કયા ડોબાએ આ દાખલા ગણ્યા છે?' એવો સવાલ કરે છે તો ઘરે આવીને એ સવાલ તમને કહી પણ સંભળાવે છે.

તમે એમના પર ગુસ્સો ન કરવાના, એમને ન મારવાના નિર્ણયો અનેક વાર કરો છો. પણ તમે એમાં વારંવાર નાપાસ થાઓ છો. તમે સૂતા હોત ત્યારે નાક નીચે એ મૂછો ચીતરી દે ત્યાં સુધી તો તમે માંડમાંડ ગુસ્સો કાબૂમાં રાખો છો, પણ કાતરની મદદથી તમારા માથાના એક બાજુના વાળનું ઉન્મૂલન કરવાનું સાહસ તેઓ કરે છે ત્યારે ગુસ્સો કાબૂમાં રાખવાનું તમારા માટે શક્ય નથી. આમ છતાં, સારા પિતા થવાની તમારી ઝંખના તો છે જ. તમારાં બાળકોનું આટલું સદ્ભાગ્ય તો છે એ મોટી વાત છે.

લેખકના પુસ્તક : **'જ'થી 'ક' સુધીમાંથી સાભાર**

Samsaar Bhavana :

# "Discern the Phenomena of this Universe & Pursue evolution!"

**Prachi Dhanvant Shah**

Life is beautiful, but only when this life has a purpose to it, a Purpose that is constrained to self-elevation, self-realization about your existence in this universe. I am sure you would not disagree with me that many of us feel this life is full of suffering, but when you think of it from a different perspective, with the persona of what Jain philosophy teaches us, the fact is, "Pain is certain in this universe but suffering is optional". Although this life is full of suffering, it is also full of overcoming it, and that can be attained only through seeking shelter from Parmatma and Guru, which would lead us to attain the ultimate goal of attaining Moksha. The most authentic fact about us is, our capacity to conceive the true doctrines, to overcome obstacles, to endure them, and to transform ourselves, to love, to worship, to cherish, and be greater than our sufferings.

Jain doctrine explains through Bhavnas, the significance of the human thought process. It meticulously emphasizes the fact that through contemplation, how human thinking can streamline the spiritual inclination and guide you to the right path of liberation. The third of all the Bhavnas explained is Samsar Bhavana. This Bhavna helps an aspirant to understand the relation of self with this universe (Samsara) alleviating the advancement of detachment from all the attachments in this universe. Samsara Bhavana is a reflection of worldly life. It reflects the fact that this universe is full of suffering and there is no escape from it. If you wish to be in Samsaar, you have to accept suffering. Unless you chose to follow the right path of salvation and decide to break out from the sufferings of this samsaar. Our soul transmigrates from one life to another and based on our karma this soul takes birth in any of the four Gatis (Forms), i.e, Manushya Gati ( Human), Tiryanch Gati (animal/ plant), Narak Gati ( Hellish being) & Dev Gathi ( Heavenly being). Thus a soul keeps migrating in samsara unless it is liberated and attains moksha. Every living being in this universe (Samsar) undergoes suffering. If you look around, you will not find a single person contented, happy, and forsaken of sufferings. And the main reason behind this suffering is attachment, greed, desires. Seeking happiness in worldly desires might be attainable but such delight is momentary & not eternal. This ignorant Jeev gets allured and baffled by fleeting pleasures perceiving it as so real that gets attached to its world of ephemeral nature. But these fatal pleasures eventually lead to sorrow. Be it materialistic pleasures or emotional contentment in the worldly association. This mundane life has no elemental essence but is a synonym of pain and sorrow. Be it human, animals, birds, plants, insects, any form of life in this samsara endures pain. When humans are bounded to agonize through materialistic pleasures and emotional twirls, non-human beings such as animals, plants, insects encounter despair and agony through agitation, uncertainty, insecurities, dependency, fear, etc. Although, the root cause of all these sufferings is our Karma.

The continual cycle of birth, life, and death is full of pain and misery. In every birth, we build new relations and attachments and so, with every birth cycle the social bond alters. The mere truth

is there are no permanent relations in this worldly society. All affiliations & associations are left behind upon death and the soul transmigrates into a new body, new life & institutes new alliances until the soul attains liberation and is set out of this cycle of birth and death.

Reflecting on Jain doctrines, the anecdote of Jain Tirthankar, Bhagwaan Shri Mallinath certainly explains that irrespective of caste, creed, and gender, one can achieve self-realization and obtain liberation. Only the bhaav & intention to seek the same is elemental. And most importantly, it is not worthwhile to pursue something that will not last forever such as relations, physical alliances, worldly desires, etc. Bhagwaan Mallinath in his previous life was King Mahabal of Vitshoka. He was very closely knit friends with six other kings and as they lead their life in close association with each other, being galvanized by a Jain monk, all seven friends including king Mahabal gave up their worldly life and pursued asceticism. All of them sincerely carried out spiritual practices upon Diksha but Mahabal had some silent avidity to make every living being free from suffering and mentor them towards the path of liberation. This intense desire itself enabled him to amass "Tirthankar Naam Karma". But despite this pious desire, at one point, unintentionally he continued his spiritual penance for a longer time than his other six friends. As he decided to do so, he also kept it a secret to himself and did not share it with his friends, and when asked he pretended otherwise not to let his associate monks know about his austerities. Despite his bhaav and intestine were auspicious towards the upliftment of other living beings, his imposter intentions of secrecy lead him to acquire karma such that he was to be born as a female in his next birth.

After this life, upon reincarnation, all seven monks attained human birth in royal families. All other six friends were born as princes but the soul of Mahabal descended into the womb of Queen Prabhavati who was the wife of King Kumbh of Mithila and was born as princess Malli. As she grew up, her allure and piety captivated everyone's attention. Many adjoining kings were keen to witness her charm and extended their wish to marry Princess Malli. But King Kumbha, Princess Malli's father did not find any proposals suitable for his daughter and so denied all proposals. This agitated and aggravated all the kings who sent proposals and decided to conquer King Kumbha's kingdom Mithila to make Princess Malli their wife. They declared war. When princess Malli learned about the fact that she was the reason behind this bloodshed, she contemplated. Being gifted with an enlightened mind, she recalled her past life as king Mahabal. She concluded that due to her past life's intense association with the other six friends who were born as kings in this life, they were coveted to be near princess Malli & urged to marry her. She decided to resolve this circumstance with her own approach and told King Kumbha to leave the situation for her to resolve. She arranged a setup. In a big hall with six doors, behind each door, she arranged beautifully furnished rooms. Each room was fitted with a fine glass screen such that anyone sitting in the room could see what is in the hall but could not see anything in the other five rooms. In the hall, she placed a life-like statue of her's such that anyone looking through the glass door would believe that it was Princess Malli herself sitting in the room. That statue was made with a hollow in the center with an opening at the top. She asked the maidservant to put a morsel of food in the statue twice a day. Princess Malli then requested her father King Kumbha to send an invitation to all six kings who wished to marry her. As planned all the six kings entered their designated rooms and sighted the statue through the glass door sitting in the hall. As they glanced at the statue thinking it was Princess Malli, they were in

awe and realized she was far more beautiful than imagined. This certainly agitated their desire to aspire for Princess Malli and marry her. In the meantime, Princess Malli entered through the back door and hid behind the statue. She opened the top lid which released a foul smell of dumped food. The smell was so abhorrent that all six kings had to cover their noses. Seeing this, Princess Malli uncovered herself and asked all the kings why would they cover their noses. She asked why would they not bear the smell of a person whom they claimed to love so much and are keen to marry? She said the smell was exactly what would come from her as she ate the same food that was dumped in the statue. She explained that her body was not smelling at that time as her body was occupied by her soul. But as soon as her soul would leave that body, it would certainly release an obnoxiously foul smell. It is the nature of this exterior body to degenerate and decay when left without a soul. Princess Malli asked, what was the purpose of being allured by this exterior body and its lust when it is eventually going to disintegrate? It is absolutely fatal to chase behind something that is not everlasting. Eventually, all six kings along with Princess Malli renounced worldly desires and became monks to seek the path of liberation.

Bhagavan Mallinath was born to incite mankind to strive for liberation giving up attachment and worldly bondage. A soul when is destined to a body gets enormously influenced by this sansaar and its fatal lust, by emotions of this worldly attachments, by all the Kashaays, as a result, this soul lands up circulating within the cycle of birth & death in all the four Gatis. This soul becomes a very greedy being in this worldly life, the so-called Sansaar. It gets overshadowed by the illusive attractions of the world and gets distracted by the fickle mind. But when this soul identifies the right path of salvation, remains stable with its endeavors, then nothing can stop it from attaining Moksha.

In today's era, suffering is certain, despite the soul being born in any of the forms. But there is an opportunity. A favorable circumstance is accessible when the soul is born in Human form. Only human beings can contradistinguish wisely and decide what is concordant with facts and what is amiss. What is right & what is wrong. They have been enabled with the ability to envisage and chose the right path to overcome suffering. To aspire to come out of this cycle of birth and death and attain moksha, thus bringing an end to all sufferings. Although, this human birth is also responsible for misdeeds and gets carried away with illusive pleasures. Deception and fascination with worldly desires are the root cause of our kas?yas (Passions). It leads to anger, greed, deceit, pride & ego. This eventually leads the soul to emigrate in Sams?r and keep flowing through the cycle of birth & death. Limit your desires, and your sorrows will be limited. Hence it becomes very important to chisel our thoughts such that our worldly desires and attachments shift to minimal. And here, Samsar bhavna acts as an adjuvant. Through contemplation of Samsar Bhavna, one can comprehend that this universe is full of sorrows, acumen the reason of birth in a different form in four Gatis. Apprehend the fact that all attachments & relations are elusive and are to be left behind upon death. This will spur the measures of detachment and eventually discern the approach of liberating the soul from this suffering, from this cycle of birth & death.

*The true value of human being can be found, in the degree to which he has attained liberation from the self - Albert Einstein*

◆ ◆ ◆

Contact: 49, wood ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
(+1-917-582-5643)

# Samantabhadra

Dr. Kamini Gogri

***With respect to the question raised about Kundakundacharya's date, it would be noted that various scholars have suggested his date right from 1st century A.D to 8th Century A.D.***

Samantabhadra was a Digambara acharya (head of the monastic order) who lived about the later part of the second century CE. He was a proponent of the Jaina doctrine of Anekantavada. The Ratnakarandasravakacara is the most popular work of Samantabhadra. Samantabhadra lived after Umaswami but before Pujyapada. He was from southern India during the time of Chola dynasty. He was a poet, logician, eulogist and an accomplished linguist. He is credited with spreading Jainism in southern India. Samantabhadra, in his early stage of asceticism, was attacked with a disease known as bhasmaka (the condition of insatiable hunger). As, digambara monks don't eat more than once in a day, he endured great pain. Ultimately, he sought the permission of his preceptor to undertake the vow of Sallekhana. The preceptor denied the permission and asked him to leave monasticism and get the disease cured. After getting cured he again joined the monastic order and became a great Jain Acharya.

Thought

Samantabhadra affirmed Kundakunda's theory of the two nayas - Vyavaharanaya ('mundane') and niscayanaya (ultimate, omniscient). He argued however that the mundane view is not false, but is only a relative form of knowledge mediated by language and concepts, while the ultimate view is an immediate form of direct knowledge. Samantabhadra also developed further the Jain theory of syadvada.

## Works:

Jain texts authored by Acharya Samantabhadra are:

- Ratnakarandasravakacara (150 verses)- The Ratnakarandasravakacara discusses the conduct of a Sravaka (Jain laity) in detail.
- Gandhahastimahabhasya, a monumental commentary on the Tattvartha Sutra. The Gandhahaslimahahhasya, with the exception of its Manglacharana (salutation to the deity), is extant now.The Manglacharana is known as the 'Devagamastotra' or Apta-mimamsa.
- Apta-mimamsa- A treatise of 114 verses, it discusses the Jaina concept of omniscience and the attributes of the Omniscient.
- Svayambhustotra (fifth century CE) - A sanskrit adoration of The Twenty-four Tirthankaras- 143 verses. It was later translated by Dhyanatray (1676-1726) in Agra.
- Yuktyanusasana- Sixty-four verses in praise of Tirthankara Vardhamana Mahavira[4]
- Jinasatakam (Stutividya)(116 verses)- Poetical work written in Sanskrit in praise of twenty-four Jinas.
- Tattvanusasana
- Vijayadhavala tika

As a Kavi, his devotional poems contained the central philosophy of Jainism i.e. Anekantavada, Caturvimsatistava (Prayers of the twenty-four Tirthankaras), Ratnakarandaka Sravakacara (a basket of jewels for the Conduct of laities) etc.

Aptamimamsa is one of his earliest important texts in Jaina philosophy dealing with the philosophy of Anekantavada. This text criticizes one-sided philosophical views and investigates how much truth each of the views contains. Through the Theory of Standpoints i.e. Nayavada, he had synthesized these partial truths these partial truths into the whole concrete truth i.e. Anekantavada. According to him,

different systems of philosophies are partially true; that none of them is wholly true, and if each of them would see things from the opponents' viewpoints as well as from its own, there would be perfect harmony all around.

Samantabhadra's contributions as a Poet :

1. He wanted to propound the theory of 'Anekanta' in whole of the city and universally too. The central contention of the Doctrine of Anekantavada is that a thing must be characterized by two mutually contradictory features at one and the same time.

2. He made 'Saptapadi Doctrine' in Avtamimamsa as the starting point of his investigation.

3. He attributed the name 'Naya' to each of the seven Bhangas as also the name 'Syadavada' to the totality of all seven Bhangas.

4. He made the Jaina thinkers of his age to elaborate all-out importance of Anekantavada as the central criterion for evaluating the contemporary non-Jaina philosophical systems.

5. He offered valuable hints as to the lines on which the systems like Buddhist, Sankhya, Nyaya, Vaisesika had to be assailed. But he hardly went beyond offering mere hints.

## Samantabhadra as a Vadi :

Samantabhadra was a great disputant. Samantabhadra made full use of this custom and powerfully maintained the Jaina doctrine of 'Syadavada', when emphasizing the doctrine of moksa as a chief object of man's endeavours here on earth, without rejecting all the other means of attaining the Summum Bonum (moska), as Vedantists and other controversialists had egoistically propagated earlier. This spirit of compromise, in all likelihood, made his work easier. He had proved his erudition and skill in the cities like Pataliputra (Patna), Thakka (in Punjab), Sindha, Vaidisa (Bhilasa in central India), Karhataka (Karhad in Satara District), Varanasi (Benaras) and Kanchi. By dealing directly with the problem of how a given teacher could be legitimately claimed as a final authority, the Aptamimamsa introduced a major point of controversy into Indian philosophical dispute. This controversy inspired several Jaina logicians to produce extensive commentaries on Samantabhadra's works, most notable of which are the Astasahastri of Vidyananda (ninth cent.) The position led Samantabhadra to formula an appropriate syllogism to establish the omniscience of Jina, as well as to examine the validity of similar claim made by Buddhists for Ruddha and the theists for their God.

## Samantabhadra as an Orator :

Samantabhadra was a great orator.

One whose eloquent speech delights others and attracts them towards him is called - Vagmika Samantabhadra'sStotra-literature deserves a special mention in the history philosophy. The framework that he used, for example, in Aptamimamsa, is nothing but criticizing the one-sided philosophical views, which proved to be a very helpful model for Jaina thinkers belonging to latter times. It also hints them to command mastery over the contemporary systems of philosophy and subject them to evaluate the contemporary non-Jaina philosophical systems on the basis of Anekantavada, that is, "taking anything and any feature at random, it could be shown that the thing is characterized by this feature as also by concerned contradictory feature." (Jaina Ontology pp. 135-36).

Another aspect of his performance is that he makes Saptapadi Doctrine, the starting point of his investigation (in Aptamimamsa).

Samantabhadra and his subsequent authors like Akalanka, Somadev, Hemacandra etc. have broken the traditional Indian prejudice that only the Brahmanas are fully suited for religious scholarship, the reason being that none of the above mentioned authors belong to Brahmana family.

◆ ◆ ◆

Contact: 96193 79589

# જો મારો હોય અંતિમ પત્ર તો...

(અનુસંધાન કવર પાનું ૪૮ થી)

અંતે સ્વપ્ન જોવાની હિમ્મત પણ તે જ આપી. મારા નિર્ણયમાં મારી બાજુમાં ઉભા રહેવાની તારી શક્તિ જોઈને હું દંગ રહી જતી, હું હંમેશ નવા કાર્યમાં ઝંપલાવતી ત્યારે મને ખબર હતી કે તું પણ કિનારે કિનારે મારી સમાંતરે દોડી રહી છે અને જેવી મારી નાવ ડગમગશે, તું લંગર નાખીને મને ઉગારી લઈશ.

મેં હંમેશ તને જોઈ છે, તું કેટલું વણથંભ્યું કાર્ય કરતી રહેતી, સાડલાને માથે ઓઢીને રાખતો તારો ચહેરો, શાકમાર્કેટથી શાક લઈને આવ્યા પછી બાપુજીને હિસાબ લખાવતો ચહેરો, અને ઘણી વાર શાકમાં હિસાબ ન મળે અથવા કાંઈ ભૂલી જાય તો ફરી ૨૦ મિનીટ ચાલતા જવાનું, ભૂલેલું શાક લઈને પાછુ આવવાનું અને રસોઈ બનાવવા બેસવાનું. પાણી પીવાનો સમય પણ મળે તો ભૂલીને કામે વળગી જવાનું. તે મને સંઘર્ષ અને સાહસ સાથે શીખવાડ્યા. જીવનમાં હું કદી કોઈ કામ કરતા થાકી નહીં. જે ઘડીનું કાર્ય, તે ઘડીએ કરીને છુટા થવાનું તે શીખવ્યું. મારી અંદર કદી કોઈ કામનો સંકોચ પણ ન આવ્યો, હું સર્વ કામ કરતાં શીખી, આજે પણ દરેક કાર્ય પૂર્ણ થયા પછી મારા માટે તે તેટલા સમય પૂરતી વિજયી ક્ષણ હોય છે. તેથી બધા જ કામ હું પૂરી નિસ્બત સાથે કરતાં શીખી. દરેક કામને પ્રેમ કરીને કરતાં શીખી. થોડાંક પરાજયો ચોપડે નોંધાયા છે પણ એને મારો પ્રયોગ જ ગણજે. કારણ ઘણીવાર 'ના' ન પાડી શકવાનો સંકોચ મને પાઠ શીખવી ગયો, એ પણ જરૂરી જ હતું.

અત્યારે સ્મરણોના પોટલાઓની ગાંઠ છૂટી રહી છે, કેટલું બધું એક સાથે ધસમસી રહ્યું છે. શું મને તે પાછી બોલાવશે, કે લલચાવશે કે તે મારી કસોટી થઈ રહી છે? મમ્મી, મને બધી જ સ્થિતિ મંજૂર છે. આ પરિસ્થિતિની મંજૂરી પણ તારી પાસેથી શીખી છું. તું ક્યારેય સામા વહેણે તરવાને બદલે, ચૂપ થઈ જતી અને હળવેથી બીજે રસ્તે નવો જ માર્ગ કંડારતી. જેથી કોઈને કદી ખલેલ ન પહોંચે અને તારું સ્વમાન અકબંધ રહે. મને આ સ્વમાનની જાગરૂકતા અને પોતે ચૂપ રહી કારણ વગરના સંઘર્ષ ન ઉતરવાની રીત તે શીખવી. સંયુક્ત ઘરમાં મને વિશેષ ધ્યાન આપીને ઉછેરવી બહુ જ અઘરી હતું તારા માટે. પણ તે એના કેવાં અનોખા ઉપાયો શોધી કાઢ્યા હતા. હું આખા ઘરમાં સાયકલ ફેરવતી જાઉં અને તું મને પરોઠું-ગોળ અને ઘી ખવડાવે, ત્યારે તારા હાથ એક તરફ રસોઈ કરતા હોય અને બીજી તરફ મને તોફાન કરાવતાં મોજ કરાવતાં હોય. હું ઘર ગજવી મૂકતી અને તું બધાને સમજાવતી, આટલું ખાઈ લે ત્યાં સુધી તોફાન કરવા દો. મારા તોફાન એ જ મારું સ્વાતંત્ર્ય, મુક્તિ, નિજાનંદ. આવી 'મા' બનતા મને ન આવડ્યું. જો કોઈની સૌથી મોટી ગુનેગાર હોઉં તો માત્ર મારા દીકરાની. કારણ તારી જેમ હું તેને ઉછેરી શકી નહીં, પણ ત્યારે મારા મનમાં બહુ જ સ્પષ્ટ હતું કે 'અભાવનો અર્થ' હું તેને કદી અનુભવવા નહીં દઉં. સાચું કહું તો મારી એ ગુનાહિત ભાવના આ લોક-ડાઉનમાં ઘણે અંશે સમી પણ ગઈ. મેં સમગ્ર ધ્યાન અને વિશ્વ તેને આ સમય દરમ્યાન આપ્યું, એમ મને લાગે છે. કદાચ તેને તે ઓછું પડે એમ પણ બને!

મમ્મી, હવે આ પાનાની ઢગલી સંકેલીને પાછી ગોઠવી દઈએ. ઘર-ઘરની રમત પૂરી થઈ, આવતા વખતે નવો રોલ મળશે, તેમ ભજવશું. અને ત્યારે તો પાછું યાદ પણ નહીં હોય, વીતેલું જીવન. દરેક વખતે નવું શીખવાનું, નવા લિસોટા દોરવાના, રંગો પૂરવાના. ભૂલ થાય તો પોતે જ ભૂલની સજા પણ ભોગવવાની. સજા વખતે બાજુમાં, સામે અને પાછળ અનેક લોકો હોય પણ એ ભૂલ એકલા જ ઝીલવાની હોય, એમાં કોઈની પ્રોકસી ન ચાલે. આમ થાય ત્યારે જ ખબર પડે કે આ બીજમાં કેટલી શક્યતા છે?

મારી અઢળક નબળાઈઓ વચ્ચે મારામાં આત્મવિશ્વાસ નિર્માણ તે કર્યો. તું દેરાસર જતી કે પછી ખાખરા બનાવતી હોય કે કોઈ મહત્વનો નિર્ણય લેતી હોય, તારી શ્રધ્ધા અને મક્કમતા સમાન જ રહેતા. તને ખબર જ હોય કે મન મક્કમ કરીને આટલું કરવાનું જ છે અને પછી કોઈ તાકાત તને ન ચળાવી શકતી. મારામાં આ અડગતા તારામાંથી જ આવી હશે. હવે અત્યારે એમ થાય છે કે જો આ મક્કમતા ન હોત તો હું શબ્દ પાડી ન શકત, કવિતા લખતાં ડરત અને દરેક કામમાં સીનાચોરી કરત. બહારના ઘોંઘાટ હવે મનને સ્ખલિત નથી કરતા. હું મારા સંતાનમાં એ હિંમતનું બીજ બની શકી કે નહીં એ તો એ ભવિષ્યમાં કહેશે. પણ તને એટલું જ કહેવા માંગુ છું કે 'માએ બહુ જ સામાન્ય બનવું પડે છે', બાળકને અસામાન્ય બનાવવા માટે, માએ ખૂબ મહેનત કરવી પડે છે. પોતાના ચરિત્ર દ્વારા બાળકને પ્રભાવિત કરવા માટે અનોખું કાર્ય કરી ઉદાહરણ બેસાડવું પડે છે, માએ મૌન રહેવું પડે છે – બાળકના અવાજને ઉંચો કરવા માટે. મમ્મી તે એ કર્યું છે અને એટલે જ મારી આ અંતિમ ઘડીએ જો હું મનુષ્ય આવતા જન્મે બનું, તો તારા જેવી બનું અને તું જ મારી મા બને, એટલી આ ઇચ્છા વ્યક્ત છું.

એક છેલ્લી વાત યાદ આવે છે, નાની હતી ત્યારે કાજુ અને ‘બોર્નબોન’ બિસ્કીટ, આ બે મારી નબળાઈ અને એ માટે જિદ્દ એવી કે જોઈએ એટલે જોઈએ જ. એ જમાનામાં સ્ત્રીધન તો ભૂલી જ જાઓ, પણ તારા અંગત પૈસા હોય, તે કલ્પના પણ નકામી. જીદ પૂરી ન કરવી, એ ઘરનો સામાન્ય નિયમ. બધું જ ઘરના હિસાબના કવરમાંથી જ લઈને ખરીદાય. અને તેનો હિસાબ સ્વયં બાપુજી (દાદા) રાખતા. એટલે મારી ઇચ્છા પૂરી કરવી, તારા માટે ખૂબ અઘરી. તું દર બે દિવસે બજારમાં શાક લેવા જતી, ત્યારે તારા ભેગા કરેલા પ્રભાવનાના પૈસામાંથી ક્યારેક ૮ રૂપિયાના કાજુ અપાવતી, તો ક્યારેક ૯ રૂપિયાના અને ક્યારેક ૧૦ રૂપિયાના કાજુ અપાવતી – ચનાભાઈની દુકાનેથી અને હું તો કેવી ખુશખુશાલ થઈ જતી, મારી ગોટીની રમત છોડીને એટલે જ તારી સાથે આવતી. મને આ કાજુએ જીવનમાં આગળ જતા આર્થિક રીતે પગભર થવાનો માર્ગ દેખાડ્યો. મને સમજાયું કે જાતે કમાવવું એ કેટલું મહત્વનું છે!

હવે આ પૂર્ણવિરામ વેળાએ મારા ચહેરા પર પ્રસન્નતા છે તેનું કારણ એ છે કે તે મને ખૂબ ભરપૂર જીવવા દીધી છે. મારા પર વિશ્વાસ કરી મારા બધા જ અખતરા, પ્રયોગને વહેવા દીધા. તારા શબ્દો મને રોકવા નહીં પણ મને પ્રોત્સાહિત કરતા ગયા. મમ્મી, હવે મને કાંઈ અધૂરપ નથી લાગતી, અભાવ નથી લાગતો. સંકેલીને જવાનો સમય આવી ગયો તો પ્રસન્ન ચિત્તે જવા તૈયાર છું. કોઈ કામ બાકી રહ્યા હોય તો તેનો અફસોસ નથી, જેટલા કર્યા તેનાથી વધુ મારે નહીં કરવાના હોય. એમ ધારીને મુક્ત થાઉં છું. કોઈ ફરિયાદ નથી, એવો કોઈ દાવો નથી પણ છતાં મને ખૂબ પ્રેમ અને સહકાર મળ્યા છે, તેનો જ ઉત્સવ અંકિત કરવા માંગું છું.

મમ્મી, હવે શબ્દો અને તને અલવિદા!

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૫ ૩૩૭૦૨

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

## જમનાદાસ હાથીભાઈ અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૧,૦૦૦/- | શ્રી આશિત રમેશચંદ્ર દેસાઈ |
| ૭,૫૦૦/- | શ્રી પ્રવીણ જમનાદાસ શાહ |
| ૫,૦૦૦ | શ્રી મુગટભાઈ જી. દોષી |
| ૩૩,૦૦૦/- | |

## જરનલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૫,૦૦,૦૦૦/- | શ્રી સી. કે. મહેતા |
| ૭૫,૦૦૦/- | શ્રી બિપિનભાઈ કે. જૈન |
| ૫,૭૫,૦૦૦/- | |

## પુસ્તક વેચાણ

| રૂપિયા | નામ |
|---|---|
| ૭,૫૦૦/- | શ્રી હર્ષ સોનાવાલા |
| ૭,૫૦૦/- | શ્રીમતિ વર્ષાબેન આર. શાહ |
| ૩,૦૦૦/- | શ્રી અશોક જોષી |
| ૧૮,૦૦૦/- | |

For online reading of full Prabuddh Jeevan Library - **http:/ prabuddhjeevan.in.**

# ગાંધી બોલે છે...

**અનુવાદ : હેમંતકુમાર શાહ**

☛ મારો ઉદ્દેશ યંત્રમાત્રનો વિનાશ કરવાનો નથી, પણ યંત્રોની મર્યાદા આંકવાનો છે. મારો વંધો યંત્રો સામે નહીં, પણ યંત્રોની ઘેલછા સામે છે.

☛ આપણે યંત્ર તો જોઈએ પણ આપણે એના ગુલામ નથી બનવું, ગુલામ તો એ આપણું બને. આપણું એટલે ગરીબોનું, ધનિકોનું નહીં.

# અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
સંપર્ક: ૯૮૧૯૩ ૭૨૯૦૮

## ડૉ. નરેશ વેદ

પ્રબુદ્ધ જીવનના બહોળા શ્રુત જ્ઞાનપિપાસુ વાચકગુણને જૈન દર્શન સહિત અન્ય દર્શનોની સમૃદ્ધ ખજાનો રજૂ કરવામાં વેદ અને હિંદુ શાસ્ત્રોના અભ્યાસી, પ્રખર ચિંતક, પ્રભાવક વક્તા વિદ્વાન ડૉ. નરેશ વેદનો મહત્વનો ફાળો રહ્યો છે. ઉપનિષદના વિવિધ પાસાઓની છણાવટ કરતાં અને અન્ય વિષયો ઉપરના ૭૦થી વધારે લેખો નીચે જણાવેલ સૂચિ મુજબ પ્રબુદ્ધ જીવનમાં પ્રકાશિત થયાં છે. ડૉ. નરેશ વેદ મુંબઈ જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળામાં પ્રવચનો આપ્યા છે.

| | | | |
|---|---|---|---|
| જૂન - ૨૦૧૩ | ઉપનિષદો : અમર ભોમના આંબા | ડિસેમ્બર - ૨૦૧૫ | ભારતીય અને પાશ્ચાત દર્શનોમાં આત્મા-પરમાત્માનો ખ્યાલ |
| જુલાઈ - ૨૦૧૩ | ઉપનિષદો : અમર ભોમના આંબા - ૨ | જાન્યુઆરી - ૨૦૧૬ | ઉપનિષદમાં જ્ઞાનવિચાર |
| નવેમ્બર - ૨૦૧૩ | ઉપનિષદમાં બ્રહ્માંડ અને સૃષ્ટિની ઉત્પતિનો વિચાર | ફેબ્રુઆરી - ૨૦૧૬ | ગાંધીજીના આધ્યાત્મિક સહપાંથીઓ |
| ડિસેમ્બર - ૨૦૧૩ | ઉપનિષદમાં જગત અન્ન જીવાત્માનો વિચાર | ફેબ્રુઆરી - ૨૦૧૬ | નિત્ય સારસ્વત યજ્ઞ |
| જાન્યુઆરી - ૨૦૧૪ | શ્રી રમણ ગીતા | મે - ૨૦૧૬ | જૈન ધર્મદર્શન અને જૈન તત્વ મીંમાસા |
| ફેબ્રુઆરી - ૨૦૧૪ | ઉપનિષદમાં અન્ન બ્રહ્મનો વિચાર | જૂન - ૨૦૧૬ | ઉપનિષદમાં શરીર વિચાર |
| માર્ચ - ૨૦૧૪ | ઉપનિષદમાં પ્રાણવિચાર | જુલાઈ - ૨૦૧૬ | ઉપનિષદોમાં મંથન કથાઓ |
| એપ્રિલ - ૨૦૧૪ | ઉપનિષદમાં મન અને બુદ્ધિ તત્વનો વિચાર | ઑગસ્ટ - ૨૦૧૬ | હિંદુ ધર્મદર્શનમાં બાર ભાવનાઓ |
| મે - ૨૦૧૪ | ઉપનિષદમાં આનંદ અને બ્રહ્માનંદ વિચાર | સપ્ટેમ્બર - ૨૦૧૬ | ઉપનિષદોમાં માંડૂકી વિદ્યા |
| જૂન - ૨૦૧૪ | ઉપનિષદમાં - ૐ વિચાર | નવેમ્બર - ૨૦૧૬ | ઉપનિષદમાં પંચાંગ વિદ્યા |
| જુલાઈ - ૨૦૧૪ | ઉપનિષદમાં પરમાત્માનો વિચાર | ડિસેમ્બર - ૨૦૧૬ | ઉપનિષદમાં પ્રાણ વિદ્યા |
| ઑગસ્ટ - ૨૦૧૪ | ન્યાય દર્શન અને વૈશેષિક દર્શનમાં કર્મનો ખ્યાલ | જાન્યુઆરી - ૨૦૧૭ | ઉપનિષદમાં સંવર્ગવિદ્યા |
| ઑગસ્ટ - ૨૦૧૪ | ઉપનિષદમાં કર્મવિચાર | ફેબ્રુઆરી - ૨૦૧૭ | ઉપનિષદમાં મધુવિદ્યા |
| સપ્ટેમ્બર - ૨૦૧૪ | ઉપનિષદમાં વિદ્યાવિચાર | માર્ચ - ૨૦૧૭ | શ્રીમદ રાજચંદ્ર અને વેદાંતદર્શન |
| નવેમ્બર - ૨૦૧૪ | અધ્યાત્મ અને વિજ્ઞાન | એપ્રિલ - ૨૦૧૭ | ઉપનિષદમાં દહરવિદ્યા |
| ડિસેમ્બર - ૨૦૧૪ | ઉપનિષદમાં યોગવિચાર | મે - ૨૦૧૭ | ઉપનિષદમાં પંચકોશ વિદ્યા |
| જાન્યુઆરી - ૨૦૧૫ | ઉપનિષદમાં યોગવિચાર | જૂન - ૨૦૧૭ | ઉપનિષદમાં ભુમાવિદ્યા |
| ફેબ્રુઆરી - ૨૦૧૫ | ગાંધીજીના અંતિમ પ્રવચનોની સોનોગ્રાફી | ઑગસ્ટ - ૨૦૧૭ | ભારતીય સંસ્કૃતિમાં ગુરુ-શિષ્ય પરંપરા |
| માર્ચ - ૨૦૧૫ | અનેકાંતવાદ સૈધ્ધાંતિક પક્ષ | ઑગસ્ટ - ૨૦૧૭ | ભારતીય સંસ્કૃતિમાં ગુરુ-શિષ્ય પરંપરા |
| માર્ચ - ૨૦૧૫ | અનેકાંતવાદ વ્યવહારિક પક્ષ | સપ્ટેમ્બર - ૨૦૧૭ | સુખની શોધમાં |
| એપ્રિલ - ૨૦૧૫ | ઉપનિષદમાં ઉપાસના વિચાર | ઑક્ટોબર - ૨૦૧૭ | વ્યાહિતા વિધા |
| એપ્રિલ - ૨૦૧૫ | ઉપનિષદમાં સંન્યાસનો વિચાર | નવેમ્બર - ૨૦૧૭ | મહાત્મા ગાંધીજી, માતૃભાષા અને સાંપ્રત સમય |
| જુલાઈ - ૨૦૧૫ | ઉપનિષદમાં ગૃહસ્થના કર્મનો વિચાર | નવેમ્બર - ૨૦૧૭ | એક શ્રીમત અને ઊર્જિત કાર્ય |
| ઑગસ્ટ - ૨૦૧૫ | હિંદુ સનાતન ધર્મમાં પંચ મહાયજ્ઞની ભાવના | ડિસેમ્બર - ૨૦૧૭ | ઉપનિષદમાં પાંક્તવિદ્યા |
| ઑક્ટોબર - ૨૦૧૫ | ઉપનિષદમાં કાળ (સમયતત્વ) | જાન્યુઆરી - ૨૦૧૮ | ઉપનિષદમાં વસુધાન કોશ વિધા |
| નવેમ્બર - ૨૦૧૫ | ઉપનિષદમાં દેવ અને દેવી વિચાર | ફેબ્રુઆરી - ૨૦૧૮ | યોગ : પ્રસનન મંગલ જીવનની આધારશિલા |

આદરણીય ડૉ. નરેશભાઈ વેદના લેખોની સૂચિ ખૂબ લાંબી છે, તેમના વધુ લેખ વાંચવા માટે વિઝિટ કરો વેબસાઇટ પર : https://prabhuddhjeevan.in



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# જો મારો હોય અંતિમ પત્ર તો...

**સેજલ શાહ**

પ્રિય મમ્મી,

જીવનના કોઈ પણ મુકામે તને ફોન કરીને, તારી સાથે વાત કરીને, અનેક નિર્ણય લીધા છે ત્યારે હવે તો આ પૂર્ણવિરામ સમો પત્ર. તારા સિવાય કોને લખું?

તારા સિવાય કોઈ અન્યને લખત તો હું જેને સત્ય માનું છું, તે વ્યક્ત ન કરી શકત.

મારા જન્મ લઈને આજ સુધીની આ બાજી હવે સમેટાવામાં છે. 'લાસ્ચિક' બોલી છેલ્લો દાવ લેવાની પડાપડી આ વખતે નથી કરવી. અને નથી કોઈ લાંબી મહેલત જોઈતી. ૧૮ દિવસ મળે ને હું આખી કથા કરું, એવું નથી મારામાં સાહસ કે નથી એટલી વેદના સહન કરવાની તાકાત. આમ તો બીજું કંઈ બદલાવાનું નથી એટલે તને શું લખું તે સમજાતું નથી. છતાં મારે કહેવું છે, જતા પહેલાં એકવાર તને કહેવું છે કે મારું જીવન માત્ર તારું અને તારું જ ઋણી છે. તારા પર સૌથી વધુ અકળાતી, ગુસ્સે થતી હું, તને ઈશ્વર કરતા પણ વધારે માનું છું અને તારા જેવી મમ્મી મળવી, એ મારા માટે સૌથી મોટું વરદાન છે.

બધું એમનું એમ જ હશે કાલે પણ, જરાકવાર લાગે અભાવ જેવું અને પછી મન કેળવાઈ જતું હોય છે નવી ભૂમિકામાં, પણ મૂળ તો આ મારો મોહ છે, બધું કહી દેવાનો, ન રહ્યા પછી પણ મારી વાતને કહીને બીજના મનમાં એ ચિત્ર ઉભું કરવાનો – એ વાત પણ સાચી. પણ અનેકવાર નથી કહી શકાતું એવું સત્ય આજે જતાં-જતાં કહેતી જાઉં, જેને તું સાવ સામાન્ય બાબત સમજીને વિસરી ગઈ છે, તે બાબત બહુ જ મહત્વની બની રહી મારા જીવનમાં, કદાચ તને તેનો ખ્યાલ પણ નથી, મારી મા!

જો જે, હવે દર એપ્રિલમાં ઘરની બહાર ઉગતા ગુલમહોર સાથે, રોજ સાંજે બારી પર આવતા પોપટ સાથે કોઈ વાત નહીં કરે અને તેમને પછી બીજી બારી મળી જશે અને ગુલમહોરને બીજો કોઈ પ્રવાસી. એટલે એ કથા તો ત્યાં જ પૂરી. બારી પર કદાચ ઝીણી જાળી પણ નખાવી દેવાય એટલે 'ઘર સલામતી' બરાબર જળવાશે. પણ સારું જ છે, મેં થોડા વધારે જ બારી-બારણા ખુલ્લા મૂકી દીધા હતા અને એટલે જ ઘર બધાનું થઈ પડ્યું હતું. કોઈએ કોઈને બંધન ન આપવું એ શરત મેં બરાબર જાળવી હતી મમ્મી. અને હા, મને પણ એવી મોકળાશ ભરપૂર મળી હતી બદલામાં. પણ આ સલામતી જ બહુ જ બિહામણી, કાંઈ સમજાય નહીં, એવા કાર્ય કરી બેસાય. નાની હતી ત્યારે તારા સાડીના છેડાથી પણ હું છુટી નહોતી પડતી અને ક્યારે આવી ભ્રમણખોર થઈ ગઈ એની મને જ ખબર ના પડી. પણ આજે મમ્મી હું તને કહેવા માંગું છું 'મારા જીવનમાં ભરપૂર સંતોષ અને પ્રસન્નતા છે' તેનું મોટાભાગનું કારણ માત્ર તું છે. તે અને મનીષે મને જે આપ્યું, તે કદાચ આપવા માટે અને નિભાવવા માટે ખમીર જોઈએ, જે આપણા ત્રણેયમાં હતું.

વેદનામુક્ત થવાનો આજીવન પ્રયત્ન આજે પણ સફળ નીવડશે. બસ, તારા ખોળામાં મારી આ વાત મૂકીને હું વિરમી જાઉં, એટલે કદાચ આ પીળો અને ભૂરો રંગ દેખાતો બંધ થશે. મેં નાનપણથી જ મૃત્યુનો ચહેરો આ જ રંગમાં જોયો છે, બધા કહે તેવો કાળો તો મને કદી નથી દેખાયો. એ જોવા મળે તો પણ શું અને ન મળે તો પણ શું! મારે ક્યાં પ્રીતની ગોઠડી બાંધવી છે. શરીર અચેતન થઈ ગયા પછી તેને સોંપી દેવાનું છે, દેહદાન માટે. ત્યારે જે રંગ હોય તે, એક પૂર્ણવિરામ અને નવો આરમ્ભ. ત્યારે આ અધ્યાયને પૂર્ણ કરીને જાઉં છું. અનેકોનેક અનુભૂતિઓ મળી છે, ક્યારેક ડાયરી લખતાં હાથ થાકી જતા, તેટલા પ્રસંગો, પણ એ બધાને અત્યારે વહાવી દઉં છું, વિસર્જિત કરું છું.

મા, આ અંતિમ પત્રમાં તારા ઋણનો સ્વીકાર કરવો છે. જગતની બધી જ માતા જેમ તે મને ઉચ્ચતમ સંસ્કાર અને સંસ્કૃતિ આપી, ધર્મ અને નામની ઓળખ આપી. પછી જીવનની વાસ્તવિકતા દર્શાવી અને

*(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૪૫)*

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai – 400004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415

**Editor : Dr. Sejal M. Shah**

Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai - 400 004.